




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 25 JULY, 2025 Vol. 23, No. 29 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


### હવામાં ગાયબ થયા બાદ અંગારા એરલાઇન્સના વિમાનનો ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તુટ્યો, કાટમાળ મળી આવ્યો

# ચીનની સરહદે રશિયાનું પ્લેન ક્રેશ : 49ના મોત

**મોસ્કો**

રશિયાનું એક પેસેન્જર પ્લેન ગુરૂવારે લાપતા થઈ ગયું હતું, પરંતુ હવે સામે આવ્યું કે આ વિમાન ક્રેશ થઈ ગયું હતું. રોયટર્સના રિપોર્ટ પ્રમાણે આ યાત્રી વિમાનમાં ૪૯ લોકો સવાર હતા.

દુર્ઘટનાને કારણે વિમાનમાં સવાર તમામ ૪૯ લોકોના મોત થયા છે. અંગારા એરલાયન્સની ફ્લાઈટ ચીનની સરહદ નજીક આવેલા અમૂર વિસ્તારના ટિંડા શહેર તરફ જઈ રહી હતી. પરંતુ વચ્ચે તેનો એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો હતો. હવે રશિયન મીડિયાએ દાવો કર્યો છે કે પ્લેનનો કાટમાળ મળ્યો છે. રશિયન ન્યૂઝ એજન્સી ઈન્ટરફેક્સના રિપોર્ટ પ્રમાણે રશિયાનું છ૯-૨૪ પેસેન્જર પ્લેન ટિંડા એરપોર્ટ પર લેન્ડિંગના પ્રયાસમાં હતું, પરંતુ તેનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ રહ્યો. તો બીજા પ્રયાસ માટે આકાશમાં ચક્કર લગાવી રહ્યું હતું અને ત્યારબાદ લાપતા થઈ ગયું. સ્થાનીક ગવર્નર વાસિલી ઓરવોલે કહ્યુ કે શરૂઆતી આંકડા અનુસાર વિમાનમાં પાંચ





બાળકો સહિત ૪૩ યાત્રી અને છ ક્રૂ સભ્યો સવાર હતા. વિમાન ક્રેશ બાધ બધાના મોત થયા છે. ટિંડા એરપોર્ટના અધિકારીઓએ કહ્યું છે કે પાયલોટ બીજી વખત લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ તેની ભૂલ અંગે કંઈ કરી શકાય નહીં. અંગારા એરલાઈન્સનું આ વિમાન અચાનક રડાર પરથી ગાયબ થઈ ગયું. પ્રાદેશિક કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયાના થોડીવાર પછી, બચાવ ટીમે વિમાન દુર્ઘટના અંગે શંકા વ્યક્ત કરી હતી. આ વિમાન બ્લાગોવેશેન્સ્કથી ટિંડા વચ્ચે લગભગ ૫૭૦ કિમીની ઉડાન ભરી રહ્યું હતું. વિમાનમાં છ ક્રૂ સભ્યો અને ૪૩ અન્ય મુસાફરો સવાર હતા. વિમાને તેની સામાન્ય ઉડાન શરૂ કરી હતી, પરંતુ અચાનક તેનો ATC(એર ટ્રાફિક કંટ્રોલ) સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

એટીએસ સાથે સંપર્ક તૂટી ગયા પછી, વિમાનમાંથી કોઈ માહિતી મળી રહી ન હતી. આ પછી, વિમાનના રડાર પર પણ તેની સ્થિતિ દેખાતી ન હતી. કટોકટી સેવાઓ અનુસાર, વિમાન તેના ગંતવ્ય સ્થાનથી ઘણા કિલોમીટર પહેલા રડાર પરથી ગાયબ થઈ ગયું હતું.

### ફર્સ્ટ અમેરિકાની નીતિ અપનાવવા

## ટ્રમ્પનો ટેક કંપનીઓને કડક સંદેશ : ભારત સહિત અન્ય દેશોમાંથી ભરતી કરવા મનાઈ



**વોશિંગ્ટન**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વની મોટી-મોટી ટેક કંપનીઓને એક સંદેશ આપ્યો છે, જેમાં ભારત સહિત અન્ય દેશોમાંથી ભરતી કરવાની મનાઈ કરવામાં છે. આમાં ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવા નામોનો સમાવેશ થાય છે. બુધવારે વોશિંગ્ટનમાં આયોજિત AI સમિટ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી ટેક કંપનીઓને આ સંદેશ આપ્યો છે. સાથે જ તેઓએ અમેરિકી ટેલેન્ટની ભરતી કરવાની સલાહ પણ આપી છે. અહીં તમારી જાણકારી માટે જણાવી દઈએ કે ભારતીયો વિશ્વની મોટી ટેક કંપનીઓમાં ઊંચી ઊંચી પોસ્ટ સુધી પહોંચી ગયા છે. ઘણા ભારતીય મૂળના લોકો સીઈઓની પોસ્ટ સુધી પણ પહોંચી ચૂક્યાં છે. આમાં સુંદરના સીઈઓ સુંદર પિચાઈ અને માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલા જેવા નામો સામેલ છે. તાજેતરમાં જ મેટાએ પણ એક મોટી AI ટીમની ભરતી કરી છે, જેમાં ઘણા ભારતીય નામો સામેલ છે.

ગૂગલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન જેવી કંપનીઓમાં ઘણા ભારતીયો છે, જેઓ પોતાની પ્રતિભા (ટેલેન્ટ)નો ઉપયોગ કરીને કંપનીઓને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી રહ્યા છે. ઘણા એન્જિનિયરો આમાં કામ કરે છે. જણાવી દઈએ કે, ઈન્ફોસિસ, TCS અને HCL જેવી કંપનીઓ મોટા પ્રમાણમાં અમેરિકાના ક્લાયન્ટ્સ માટે ભારતમાં પ્રોજેક્ટ્સ તૈયાર કરે છે અને પછી તેને ડિલિવર કરે છે.

# ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ

**લંડન**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિટનના બે દિવસના પ્રવાસે છે. આ દરમિયાન તેઓ લંડનમાં બ્રિટિશ પીએમ કીર સ્ટારમરને મળ્યા હતા. જ્યાં દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન, બંનેએ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટપર હસ્તાક્ષર કર્યા. જેનો ઉદ્દેશ્ય ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. ભારત-યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના સંદર્ભમાં તેમની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પીએમ મોદી બ્રિટનના રાજા ચાલ્સ ત્રીજાને મળશે. આ દરમિયાન પીએમ મોદી અને સ્ટારમર દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરવામાં આવી હતી



બ્રિટિશ વડા પ્રધાન સ્ટારમરે જણાવ્યું હતું કે તેઓ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે જે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે તે નોકરીઓ અને આર્થિક વિકાસ માટે એક મોટી જીત છે. આ કરારથી દ્વિપક્ષીય વેપાર વાર્ષિક આશરે ૩૪ અબજ યુએસ ડોલર સુધી વધશે. આ FTAજેને યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનના બહાર નીકળ્યા પછી સૌથી મહત્વપૂર્ણ આર્થિક દ્વિપક્ષીય વેપાર કરાર તરીકે વર્ણવવામાં આવી રહ્યો છે. તેના પર ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**ભારત-યુકે ફ્રી ટ્રેડ ડિલ બાદ શું-શું સસ્તું થશે?**

■ કાપડ અને વસ્ત્રો ■ રત્નો, આભૂષણો અને ચામડું ■ એન્જિનિયરિંગ સામાન અને ઓટો પાર્ટ્સ ■ આઈટી અને બિઝનેસ સેવાઓ ■ ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણો ■ ફૂડ પ્રોસેસિંગ, ચા, મસાલા અને દરિયાઈ ઉત્પાદનો ■ રસાયણોઅને વિશેષ સામગ્રી ■ હરિત ઉર્જા અને સ્વચ્છ ટેકનોલોજી













# મહામારી પછી 2024માં પહેલીવાર ગુનાખોરીમાં ઘટાડો

## સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ અહેવાલ જારી કર્યો, 2021 અને 2023ની વચ્ચે અહિંસક ગુના સૂચકાંકમાં નવ ટકાનો વધારો થયો હતો

**ટોરોન્ટો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ મંગળવારે જારી કરેલા એક અહેવાલમાં ગયા વર્ષે કેનેડામાં Covid-૧૯ મહામારી પછી પોલીસ દ્વારા નોંધાયેલા ગુનામાં પ્રથમ વાર્ષિક ઘટાડો જોવાયો હતો. જે સતત ત્રણ વર્ષની ઘટનાઓ અને ગંભીરતાના વલણને તોડી નાખે છે.

એજન્સીએ ૨૦૨૪માં ગુના ગંભીરતા સૂચકાંકમાં એકંદર ઘટાડા માટે ગુનામાં છ ટકાનો ઘટાડો થયાનો દાવો કર્યો હતો. જેમાં મિલકત અને ડ્રગના ગુનાઓ જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. નવા ડેટા અનુસાર તોડફેડ અને ઘૂસણખોરી, વાહનચોરી અને બાળ પોર્નોગ્રાફીના ગુનાઓમાં પાછલા વર્ષ કરતા બે આંકડાનો ઘટાડો સામેલ છે. તે ગુનાઓ $ ૫,૦૦૦ કે તેથી ઓછાના દુષ્કર્મ અને ચોરીમાં ઘટાડો સાથે ગુના ગંભીરતા સૂચકાંકમાં એકંદર ઘટાડાના ત્રણ-ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે. ૨૦૨૧



અને ૨૦૨૩ની વચ્ચે અહિંસક ગુના સૂચકાંકમાં નવ ટકાનો વધારો થયો હતો. ૨૦૨૦માં નોંધાયેલા ઐતિહાસિક નીચા સ્તર પછી પોલીસ દ્વારા નોંધાયેલી કાર ચોરીમાં ત્રણ વર્ષમાં થયેલા વધારાને કારણે ૨૦૨૩થી મોટર વાહન ચોરીના દરમાં ૧૭ ટકાનો ઘટાડો થયો છે, જે દર ૧૦૦,૦૦૦ લોકો દીઠ ૨૩૯ ઘટનાઓ છે.

ફેડરલ સરકારે ગયા વર્ષે ઓટો ચોરી સામે લડવા માટે રાષ્ટ્રીય સમિટ બોલાવી હતી અને સમસ્યાને કાબુમાં લેવા માટે એક યોજના અમલી બનાવી હતી. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, હિંસક ગુનાની ગંભીરતા સૂચકાંકમાં ૨૦૨૪માં એક ટકાનો ઘટાડો થયો હતો, જેની એકંદર ગુના સ્તર પર તુલનાત્મક રીતે ઓછી અસર પડી હતી. તે હજુ પણ પાછલા ત્રણ વર્ષમાં ૧૫ ટકાના વધારાથી સુધારો દર્શાવે છે.

# ટોરોન્ટોમાં બાથર્સ્ટ અને ડફેરિન શેરી પર પ્રાયોરિટી ટ્રાન્સિટ લેન મંજૂર થઈ

### ટ્રાફિક ઓછો કરવા માટે શહેર પરિષદનો મહત્વનો નિર્ણય

**ટોરોન્ટો**

ટોરોન્ટો શહેર પરિષદે ટ્રાફિક ઓછો કરવા માટે બ્લૂર સ્ટ્રીટ પશ્ચિમની દક્ષિણે બાથર્સ્ટ અને ડફેરિન શેરીઓ પર પ્રાયોરિટી ટ્રાન્સિટ લેનસાથે આગળ વધવાનો નિર્ણય લીધો છે. ટોરોન્ટો 2026માં છ FIFA વર્લ્ડ કપ રમતોનું આયોજન કરે તે પહેલાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. રેપિડટીઓ નામનો સરફેસ ટ્રાન્ઝિટ નેટવર્ક પ્લાન, TTC સાથે એક શહેર પહેલ છે, જેનો હેતુ ટોરોન્ટોમાં બસ અને સ્ટ્રીટકાર પરિવહનને વધારવાનો છે. બુધવારની બેઠકમાં અલગ અલગ મતોમાં કાઉન્સિલે બાથર્સ્ટ સ્ટ્રીટ પર રેપિડટીઓ લેન માટે 18થી 5 મત આપ્યા અને ડફેરિન સ્ટ્રીટ પર રેપિડટીઓ લેન માટે 20થી 3 મત આપ્યા હતા. ટોરોન્ટો શહેર પરિષદે ટ્રાફિક ભીડ ઓછી કરવા બ્લૂર સ્ટ્રીટ પશ્ચિમની દક્ષિણે બાથર્સ્ટ અને ડફેરિન શેરીઓ પર પ્રાયોરિટી ટ્રાન્સિટ લેનસાથે આગળ વધવાનો નિર્ણય લીધો છે. ટોરોન્ટો 2026માં છ FIFA વર્લ્ડ કપ રમતોનું આયોજન કરે તે પહેલાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# જોખમી બનેલા સ્વિમિંગ પુલોને રિકોલ નોટીસ અપાઈ : કાર્યવાહીની ચીમકી

## યુ.એસ.માં બીજા પાંચ મિલિયન પૂલ રિકોલ એડવાઈઝરી હેઠળ

**ટોરોન્ટો**

યુનાઈટેડ સ્ટેટ્સમાં નવ બાળકો ડૂબી ગયા બાદ ૨૦૦૦ના દાયકાની શરૂઆતથી કેનેડામાં વેચાયેલા ૨૬૦,૦૦૦થી વધુ ઉપરના ભૂમિગત સ્વિમિંગ પુલ માટે હેલ્થ કેનેડાએ રિકોલ નોટિસ જારી કરી છે. યુ.એસ. માં બીજા પાંચ મિલિયન પૂલ રિકોલ એડવાઈઝરી હેઠળ છે. આ નોટિસમાં ૨૦૦૨ સુધી મોટા રિટેલર્સ દ્વારા વેચાયેલા બેસ્ટવે, ઈન્ટેક્સ રિક્રિએશન અને પોલીગ્રુપ પુલનો સમાવેશ થાય છે. હેલ્થ કેનેડા અને યુ.એસ. કન્ઝયુમર પ્રોડક્ટ સેફ્ટી કમિશન કહે છે કે, પુલમાં ઉત્પાદનની બહાર કમ્પ્રેશન સ્ટ્રેપ ચાલે છે. નિયમનકારો ચેતવણી આપે છે કે, તે ડૂબવાનું ગંભીર જોખમ ઊભું કરી શકે છે, અને તેઓ ગ્રાહકોને સમારકામ માટે કંપનીઓનો સંપર્ક કરવા કહી રહ્યા છે. આજ સુધી CPSC માને છે કે, આ રીતે હવે નામ આપવામાં આવેલા આ પુલમાં પ્રવેશ મેળવ્યા પછી યુ.એસ.માં ઓછામાં ઓછા નવ બાળકો ડૂબી ગયા છે. આ મૃત્યુ ૨૦૦૭ અને ૨૦૨૨ની વચ્ચે થયા હતા, જેમાં ૨૨ મહિનાથી ત્રણ વર્ષની વયના બાળકોનો સમાવેશ થતો હતો. હેલ્થ કેનેડાએ તેના રિકોલમાં જણાવ્યું હતું કે, પૂલ કંપનીઓને કેનેડામાં કોઈ ઘટના કે ઈજાના અહેવાલ મળ્યા નથી. આ પૂલ ધરાવતા ગ્રાહકોને તાત્કાલિક બેસ્ટવે, ઈન્ટેક્સ અને/અથવા પોલીગ્રુપનો સંપર્ક કરીને મફત રિપેર કીટ મેળવવા વિનંતી કરવામાં આવી છે.

# ટોરોન્ટોના એરપોર્ટ કચરો ઘટાડવા AIનો ઉપયોગ ઓસ્કાર સોર્ટ રિસાયક્લિંગ સ્ટેશનો શરૂ કરાયા

**ટોરોન્ટો**

ટોરોન્ટોનું એક એરપોર્ટ કચરો ઘટાડવા અને લોકોને રિસાયક્લિંગ વિશે શીખવવા માટે AIનોઉપયોગ કરી રહ્યું છે. બિલી બિશપ ટોરોન્ટો સિટી એરપોર્ટે બુધવારે તેના પ્રથમ ઓસ્કાર સોર્ટ રિસાયક્લિંગ સ્ટેશનો શરૂ કર્યા હતા. જેથી મુસાફરોને ટર્મિનલ્સમાં તેમના કચરાનો યોગ્ય રીતે નિકાલ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન મળે.

ઓસ્કાર સોર્ટ બનાવનાર કેનેડિયન ટેકનોલોજી કંપની, ઈન્ટ્યુટિવ AI ખાતે એલેક્સ રેક્ટર વૈશ્વિક ઓસ્કાર લીડ છે. તેમનું કહેવું છે કે, રિસાયક્લિંગ ટૂલનું ધ્યેય એ છે કે વસ્તુઓનો યોગ્ય નિકાલ થાય. ઓસ્કાર સ્ટેશન એક પ્રમાણભૂત રિસાયક્લિંગ સિસ્ટમ જેવું લાગે છે, પરંતુ તેમાં એક સ્કેનર છે, જે તે વસ્તુને ઓળખે છે, જેને કોઈ વ્યક્તિ ફેંકી દેવા માંગે છે, પછી વ્યક્તિને તેમનો કચરો અથવા રિસાયકલ કરી શકાય તેવા કચરા યોગ્ય ડબ્બામાં જમા કરવા માટે દબાણ કરે છે. 2017માં સ્થપાયેલ, ઓસ્કરે બજારમાં નવા પ્રકારના AI સાથે તાલમેલ સાધ્યો છે, જેથી વસ્તુઓ ઝડપથી ઓળખી શકાય અને તેના પિક્સેલ્સને સુધારી શકાય.

AI રિસાયક્લિંગ આસિસ્ટન્ટમાં પુખ્ત વયના લોકો અને બાળકો માટે રિસાયક્લિંગ ટ્રીવીયા પણ છે. ટોરોન્ટોના કોઈપણ એરપોર્ટ પર ઓસ્કાર સોર્ટનું આ પહેલું લોન્ચ છે, અને બિલી બિશપ પાસે ચાર રિસાયક્લિંગ સ્ટેશન હશે. રેક્ટર કહે છે કે એરપોર્ટ આ સિસ્ટમ રાખવા માટે યોગ્ય સ્થળ છે.









# કેનેડામાં USના દારૂનું વેચાણ ઘટ્યું

## અમેરિકન ઉત્પાદકોએ કેનેડિયનોના વલણને ટેરિફ વોર કરતા ખતરનાક ગણાવ્યું

**ઓન્ટેરિયો**

કેટલાક પ્રાંતોએ દારૂનું વેચાણ બંધ કર્યા પછી અને ટ્રેડ વૉરના પ્રતિભાવમાં કેનેડિયનો ઘરે વધુ માલ ખરીદવા તરફ વળ્યા પછી યુ.એસ. દારૂ ઉદ્યોગ કેનેડામાં વેચાણમાં મોટો ઘટાડો નોંધાવી રહ્યો છે. સ્પિરિટ્સ કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સની ડિસ્ટિલ્ડ સ્પિરિટ્સ કાઉન્સિલ દ્વારા સંયુક્ત પ્રેસ રિલીઝમાં દર્શાવાયું છે કે, પાંચ માર્ચથી ૩૦ એપ્રિલ સુધી કેનેડામાં યુ.એસ. દારૂનું વેચાણ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૬૬.૩ ટકા ઘટ્યું હતું. ૫ માર્ચે અનેક પ્રાંતોએ અમેરિકન દારૂ છાજલીઓમાંથી દૂર કર્યો હતો. ૫ માર્ચથી એપ્રિલના અંત સુધી કેનેડિયન દારૂનું વેચાણ પણ ઘટ્યું હતું, પરંતુ ૬.૩ ટકાના નીચા દરે રહ્યું હતુ. અન્ય આયાતી દારૂમાં ૮.૨ ટકાનો ઘટાડો થયો હતો. બંને જૂથોએ જણાવ્યું હતું કે, કેનેડામાં કુલ દારૂનું વેચાણ સમાન સમયગાળા દરમિયાન ૧૨.૩ ટકા ઘટ્યું હતું. અમેરિકન ઉત્પાદકોએ તે સમયે પ્રાંતો દ્વારા યુ.એસ. દારૂને છાજલીઓમાંથી દૂર કરવાના નિર્ણયની ટીકા કરી હતી, જેમાં જેક ડેનિયલના નિર્માતા બ્રાઉન ફેર્મેનના સીઈઓ લોસન વ્હાઈટિંગે આ પગલાને ટેરિફ કરતાં પણ ખરાબ ગણાવ્યું હતું. સ્પિરિટ્સ કેનેડા અને ડિસ્ટિલ્ડ સ્પિરિટ્સ કાઉન્સિલ અનુસાર માર્ચમાં કુલ દારૂના ભાવમાં વાર્ષિક ધોરણે ૨૦ ટકાનો તીવ્ર ઘટાડો થયો હતો. એપ્રિલમાં કેનેડિયન દારૂના વેચાણમાં ૩.૬ ટકાનો વધારો થયો હતો, જ્યારે અન્ય આયાતી દારૂના વેચાણમાં ૩.૭ ટકાનો વધારો થયો હતો, પરંતુ આ વધારાથી યુ.એસ. દ્વારા દૂર કરવામાં આવેલા નુકસાનની ભરપાઈ થઈ શકી નથી.

### કેનેડિયનોમાં યુએસ ઉત્પાદન લેવાનું ટાળવાનું વલણ વધ્યું

મીડિયા હાઉસ માટે ખાસ હાથ ધરવામાં આવેલા અને કેનેડા ડે માટે સમયસર પ્રકાશિત થયેલા ઇપ્સોસ મતદાનમાં દર્શાવવામાં આવ્યું છે કે, ૭૨ ટકા કેનેડિયનો યુ.એસ. દ્વારા બનાવેલા માલ ટાળી રહ્યા છે. મતદાનમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે ટ્રમ્પ દ્વારા કેનેડાના અર્થતંત્ર અને સાર્વભૌમત્વ પરના હુમલાઓને કારણે ૭૭ ટકા ઉત્તરદાતાઓ અમેરિકાને એક દેશ તરીકે ઓછું માને છે.

# આશ્રય શોધનારાઓને વર્ક પરમિટ આપવા માટે ફોર્ડ સરકારની કવાયત

## ઇટોબિકોકમાં હોટલોમાં મોટી સંખ્યામાં આશ્રય શોધનારા રહેતા હોવાના અહેવાલ

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોની સંઘીય સરકારને અવગણીને બંધારણમાં લખેલા કલમનો ઉપયોગ કરીને પ્રાંતમાં રહેતા આશ્રય શોધનારાઓને વર્ક પરમિટ આપવાનું શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

ઓન્ટેરિયોના મુસ્કોકામાં રાષ્ટ્રના નેતાઓ સાથે ત્રણ દિવસીય શિખર સંમેલનના અંતે પ્રીમિયર ડગ ફોર્ડે કહ્યું કે, તેમની સરકાર અભ્યાસ શરૂ કરશે કે તે પ્રાંતમાં આશ્રય શોધનારાઓને તાત્કાલિક કામ કરવાનો અધિકાર કેવી રીતે આપી શકે. અમારી પાસે તે ક્ષેત્રમાં અધિકાર છે. કોઈ પણ ક્ષેત્રો અને તેમની શ્રમની જરૂરિયાતોને પ્રીમિયરો કરતાં વધુ સારી રીતે અન્ય કોઈ સમજી શકતું નથી. મારી પાસે ઈટોબિકોકમાં હોટલોમાં મોટી સંખ્યામાં આશ્રય શોધનારાઓ છે, તેઓ સ્વસ્થ છે, તેઓ કામ કરવા તૈયાર છે, તેઓ મહેનતુ લોકો છે, પરંતુ તેઓ બે વર્ષથી રાહ જોઈ રહ્યા છે અને તેઓ ફક્ત સિસ્ટમનો ફાયદો ઉઠાવી રહ્યા છે, તેમનો દોષ નથી. પ્રિમિયર ઓફિસે જણાવ્યું હતું કે ઓન્ટેરિયો, અન્ય પ્રાંતો સાથે હાલમાં કલમ 95ની સત્તાઓનો ઉપયોગ કરીને કેવો દેખાશે તે શોધી રહ્યા છે. તેમણે કહ્યું કે પ્રાંત ક્યારે વર્ક પરમિટ આપવાનું શરૂ કરી શકે તેની કોઈ સમયરેખા નથી. તેમના પ્રાંતમાં આશ્રય શોધનારાઓ કામ કરવા માંગે છે.

# કેનેડાના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કાર્યક્રમ સંદર્ભે ઓડિટર જનરલની તપાસ થશે

## અહેવાલ 2026માં સંસદમાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા

**ટોરોન્ટો**

ફેડરલ ઓડિટર જનરલ કેનેડાના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કાર્યક્રમની સમીક્ષા કરવાની યોજના બનાવી રહ્યું છે. જેમાં પ્રવેશમાં વધારો જોવા મળ્યો છે. જેને ટીકાકારો કહે છે કે દેશ સંભાળવા માટે તૈયાર નથી. ઓડિટર જનરલ કરેન હોગનના કાર્યાલયના પ્રવક્તાએ સોમવારે મીડિયાને જણાવ્યું હતું કે, આયોજિત ઓડિટનો અહેવાલ ૨૦૨૬માં સંસદમાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

બીજી તરફ વિપક્ષી કન્ઝર્વેટિવ્સ સહિત ટીકાકારોએ દલીલ કરી હતી કે, તાજેતરના વર્ષોમાં કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશમાં ઝડપી વધારાને કારણે યુવા બેરોજગારી વધી છે અને હાઉસિંગ કટોકટી વધુ ખરાબ થઈ છે. કંઝર્વેટિવ નેતા પિયર પોઈલીવરે ગયા અઠવાડિયે કહ્યું હતું કે, આગામી બે વર્ષ માટે કેનેડામાં આપણને આવવા કરતાં વધુ લોકોએ જવાની જરૂર છે. તેમણે પોતાની ટિપ્પણીઓમાં ખાસ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ યુવા બેરોજગારીના ઊંચા દર માટે કામચલાઉ વિદેશી કામદારોને દોષી ઠેરવતા કહ્યું હતું કે, ઈમિગ્રેશન સ્તર પર ખૂબ જ કડક મર્યાદા* દેશના હાઉસિંગ માર્કેટ, આરોગ્ય સંભાળ પ્રણાલીઓ અને સ્થાનિક રોજગારને અસર કરશે.

નિયમિત ઈમિગ્રેશન સ્ટ્રીમ્સ દ્વારા નહીં, પણ આશ્રાય માટે અરજી કરીને કાયમી રહેઠાણ મેળવવા માંગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં સતત વધારો થયો છે. ગ્લોબલ ન્યૂઝે મે મહિનામાં અહેવાલ આપ્યો હતો કે, ફેડરલ ઈમિગ્રેશન ડેટા અનુસાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ ગયા વર્ષે રેકોર્ડબ્રેક ૨૦,૨૪૫ આશ્રાય દાવાઓ દાખલ કર્યા હતા, જેમાં ૨૦૨૫મા આ સંખ્યા વધી જશે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડાના ડેટા દર્શાવે છે કે ગયા વર્ષે આશ્રાય મેળવવા માંગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૩ના આંકડા કરતાં લગભગ બમણી અને ૨૦૧૯ કરતાં છ ગણી વધારે હતી. ઓટ્ટાવા સ્ટડી પરમિટની સંખ્યામાં ઘટાડો કરવા જઈ રહ્યું છે, તેમ છતાં, ૨૦૨૫ના પ્રથમત્રણ મહિનામાં વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા આશ્રાયના દાવાઓ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૨૨ ટકા વધ્યા છે, જેમાં ૫,૫૦૦ દાવાઓ દાખલ થયા છે.



### આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ઝડપી વધારાથી બેરોજગારી અને હાઉસિંગ કટોકટીની સમસ્યા ઉભી થયાની વિપક્ષી નેતાની દલીલ

# સ્પીડ કેમેરાની સંખ્યા ભલે ઓછી હોય પરંતુ 73% ઓન્ટેરિયનો તેની તરફેણમાં

ઓન્ટેરિયો : એક નવો સર્વે સૂચવે છે કે, ઓન્ટેરિયોનો વ્યાપકપણે ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટને ટેકો છે, પરંતુ ટોરોન્ટો સ્પીડ કેમેરા ઓછા થવાનું ચાલુ હોવાથી આ જાહેરાત આવી છે. માર્કેટ રિસર્ચર DIG ઇનસાઇટ્સ દ્વારા હાથ ધરવામાં આવેલા અને બુધવારે પ્રકાશિત થયેલા કેનેડિયન ઓટોમોબાઈલ એસોસિએશન સાઉથ સેન્ટ્રલ ઓન્ટારીયોના સર્વેમાં 73 ટકા ઉત્તરદાતાઓએ ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટને ટેકો આપ્યો હતો. 7થી 19 માર્ચ દરમિયાન હાથ ધરવામાં આવેલા અને 18 કે તેથી વધુ ઉંમરના 1,500 ઓન્ટારિયોના ડ્રાઈવરો પર કરવામાં આવેલા સર્વેમાં એવું પણ જાણવા મળ્યું છે કે, 76 ટકા ઉત્તરદાતાઓ માને છે કે, કેમેરા ઝડપને અટકાવે છે.સર્વેમાં સામેલ 73 ટકા લોકોએ ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ કેમેરાની નજીક પહોંચતી વખતે ધીમી ગતિએ ચાલવાની જાણ કરી હતી અને 52 ટકા લોકોએ કહ્યું હતું કે 2023 માં 44 ટકાથી વધુ ઝડપ મેળવ્યા પછી તેઓ ફરીથી ઝડપ વધારવાની શક્યતા નથી. સર્વેમાં જાણવા મળ્યું છે કે 23 ટકા ઉત્તરદાતાઓએ ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ કેમેરાથી ટિકિટ મેળવ્યા હોવાનું જણાવ્યું હતું, જે 2024માં 17 ટકા હતું.






## તંત્રી સ્થાનેથી

# ઉપ રાષ્ટ્રપતિ ધનખડનું રાજીનામું સત્તા સાથેનો સંઘર્ષ નડી ગયો



તંત્રી - સ્વદેશ

ભારતના ઉપરાષ્ટ્રપતિ પદેથી જગદીશ ધનખડે અચાનક રાજીનામું ધરી દેતાં રાજકીયવર્તુળમાં આશ્ચર્ય સાથે અટકળોનો દોર ચાલુ થયો છે. ઓગસ્ટ ૨૦૨૨માં ઉપરાષ્ટ્રપતિપદ સંભાળનાર ધનખડે તબિયતનું બહાનું બતાવીને લીધેલા નિર્ણય પાછળનું સત્ય શું છે તે તો ભગવાન જાણે પણ હાલ સત્તા સામે અવાજ ઉઠાવતા તેઓને પદ છોડવાનો હુકમ થયાનું જણાય રહ્યું છે. ધનખડે સોમવારે મોડી સાંજે રાજીનામું આપ્યું તે દિવસે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ જણાતા હતા અને તેમણે રાજ્યસભાની કાર્યવાહીમાં સભાપતિ તરીકે પોતાની ભૂમિકા પણ સ્ફૂર્તિપૂર્વક નિભાવી હતી.

રાજકારણમાં રાજીનામાના કિસ્સામાં મોટાભાગનો અર્થ નારાજીનામું હોય છે. ધનખડે અચાનક પોતાના હોદ્દા પરથી નારાજીનામું આપ્યું તેને કારણે શાસક પક્ષના પેટનું પાણી હલ્યું નથી, પણ વિપક્ષને આંચકો લાગ્યો છે. વિપક્ષો ધનખડના રાજીનામા બાબતમાં કોઈ રમત રમાઈ ગઈ હોવાનો આક્ષેપ કરી રહ્યા છે અને તેમના પ્રત્યે સહાનુભૂતિ પણ વ્યક્ત કરી રહ્યા છે. ધનખડે ૧૨ જ દિવસ પહેલાં JNUના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, તેઓ ઓગસ્ટ ૨૦૨૭માં સમયસર નિવૃત્ત થશે. જે બાદ સોમવારે અચાનક ૭૪ વર્ષની ઉંમરે તેમણે રાજીનામાની જાહેરાત કરી દીધી હતી. આ પહેલાં તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ હતા. તેમના કાર્યકાળ દરમિયાન મમતા બેનરજી સાથે અનેક વખત વિવાદ અને સંઘર્ષ થયો હતો. ધનખડ મનસ્વી અને ગેરબંધારણીય રીતે ભુમિકા ભજવતા હોવાના ગંભીર આરોપો પણ ટીએમસીએ મુક્યા હતા. બંગાળમાં રાજ્યપાલની ભૂમિકા બાદ તેઓને દિલ્હી બોલાવી લેવાયા હતા. મોદી અને શાહનો પડ્યો બોલ તેઓ ઝીલતા હતા. હવે તેમની સાથે જ બનેલી ઘટનાથી ટીકાકારોને સ્વાસ્થ્ય સિવાય બીજું કારણ હોવાનું લાગે છે. ધનખડના રાજીનામા અંગે ભાજપના મંત્રીઓ પણ આ અંગે કંઈ બોલી રહ્યા નથી. વડા પ્રધાન મોદીએ ૧૫ કલાક પછી ટ્વિટ કર્યું, તેમાં તેમને ખેડૂત પુત્ર અને પ્રેરણાદાયક ગણાવ્યા હતા. તેમણે જગદીશ ધનખડને સારા આરોગ્યની શુભેચ્છા આપી હતી, પરંતુ તેમણે જગદીશ ધનખડના રાજીનામા બાબતમાં એક પણ શબ્દ લખ્યો નહોતો.

ધનખડના રાજીનામા પાછળ ત્રણ અટકળો મુખ્ય છે. પહેલી અટકળમાં ચર્ચા છે કે ધનખડની જગ્યાએ નીતીશ કુમારને ઉપરાષ્ટ્રપતિ બનાવી શકાય છે. બિહારની ચૂંટણી પહેલાં આ થઈ શકે છે. ભાજપ બિહારમાં વધુ બેઠકો જીતવા માંગે છે. તેથી, નીતીશને ઉપરાષ્ટ્રપતિ બનાવવા એ એક રણનીતિ હોઈ શકે છે. આ પગલું નીતીશકુમારને ખુશ રાખશે. ભાજપે ક્યારેય બિહારમાં એકલા હાથે સરકાર બનાવી નથી. જો નીતીશકુમાર ઉપરાષ્ટ્રપતિ બને તો બિહારમાં વર્ષો પછી મુખ્ય મંત્રી પદે ભાજપના ઉમેદવારને તક મળી શકે તેમ છે. બીજી વાત એવી છે કે, ભૂતકાળમાં તેમણે ન્યાયતંત્ર પર પણ તીખી ટિપ્પણીઓ કરી છે, જેનાથી સરકારમાં કેટલાંક લોકો ગુસ્સે થયાં હતાં. ધનખડે સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચ (NJAC) કાયદાને રદ કરવાના નિર્ણયની પણ નિંદા કરી હતી. ત્રીજી અટકળો એવી છે કે, કોઈ મુદ્દા પર સરકાર સાથેનો સંઘર્ષ તેને નડી ગયો હોઈ શકે છે. કારણ કે થોડા મહિના પહેલા જ એક જાહેર મંચ પરથી તેમણે ત્યાં હાજર કૃષિ મંત્રી શિવરાજસિંહ પાટીલ સમક્ષ દેશમાં આંદોલન કરી રહેલા ખેડૂતોનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતુ કે શું આપણે ખેડૂતોને આપેલું વચન નિભાવ્યું છે. સમય વીતી રહ્યો છે પરંતુ આપણે ખેડૂતો માટે કશું કરી રહ્યા નથી. આ ઘટનાથી પણ સરકારને નીચાજોણું થયું હતુ. આ ઉપરાંત સોમવારે રાજ્યસભામાં બનેલી બે સૂચક ઘટનાને પણ ધનખડના રાજીનામા સાથે સાંકળવામાં આવી રહી છે.

સોમવારે સવારે જે.પી નડ્ડાએ ગૃહમાં કહ્યું હતું કે, મારા શબ્દો રેકોર્ડ કરવામાં આવશે, પણ તમારા શબ્દો રેકોર્ડ કરવામાં આવશે નહીં. આ અધ્યક્ષનું સીધું અપમાન હતું. સોમવારે ગૃહની કાર્યવાહીની મધ્યમાં લગભગ ૪.૩૦ વાગ્યે વ્યાપાર સલાહકાર સમિતિ (BAC) ની બીજી બેઠક યોજાઈ હતી અને તેમાં શાસક પક્ષના પ્રતિનિધિ તરીકે માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગન હાજર હતા. બીએસીની બેઠકમાં ગૃહના નેતા જે.પી. નડ્ડા અને સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુની ગેરહાજરીથી જગદીશ ધનખડ નારાજ હતા. સૌથી આશ્ચર્યજનક વાત એ હતી કે, જગદીશ ધનખડને વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવી ન હતી કે બંને મંત્રીઓ બેઠકમાં હાજરી આપશે નહીં. સોમવારે બપોરે ૧ વાગ્યાથી ૪.૩૦ વાગ્યાની વચ્ચે કંઈક ગંભીર બન્યું હશે, જેના કારણે જે.પી. નડ્ડા અને કિરણ રિજિજુ જાણી જોઈને સાંજની બેઠકમાં હાજર રહ્યા ન હતા. નડ્ડા દ્વારા જગદીશ ધનખડને સંદેશો આપવામાં આવ્યો હતો કે ભાજપ મોવડીમંડળનો વિશ્વાસ તમે ગુમાવી દીધો છે.

કહેવાય છે કે તેની ફરિયાદ કરવા માટે જગદીશ ધનખડે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વારંવાર ફોન લગાવ્યા હતા, પણ તેઓ ફોન પર આવ્યા જ નહોતા. ધનખડ જસ્ટિસ વર્મા સામે મહાભિયોગની કાર્યવાહીનો ચહેરો બનવા માંગતા હતા. વિપક્ષે આ સંદર્ભમાં જગદીશ ધનખડને નોટિસ આપી હતી અને તેમણે સ્વીકારીને આ કાર્યવાહીનો શ્રેય લીધો હતો, જ્યારે શાસક પક્ષને આ બાબતના કોઈ સમાચાર મળ્યા નહીં. જગદીશ ધનખડ આ મહાભિયોગની કાર્યવાહીમાં હીરો બની જાય અને બધી ક્રેડિટ લઈ જાય તેવું ભાજપનું મોવડીમંડળ નહોતું ઈચ્છતું. તે કારણે પણ તેમને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હોય તેવું પણ બની શકે છે.

એક વર્ગ એમ પણ કહી રહ્યો છે કે તાજેતરના સમયમાં વિપક્ષી નેતાઓ સાથે તેમની વધતી જતી મુલાકાતોને કારણે તેમના અને સરકાર વચ્ચે અંતર વધી રહ્યું હતુ. વિપક્ષી સાંસદો દ્વારા રજૂ કરાયેલા મહાભિયોગ પ્રસ્તાવને સ્વીકારવાના નિર્ણય પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. બીજી તરફ, ધનખડે રાજ્યસભાના અધ્યક્ષ તરીકેની તેમની બંધારણીય શક્તિઓનો ઉલ્લેખ કરીને પ્રસ્તાવ સ્વીકાર્યો હતો. જગદીશ ધનખડનો જવાબ ભાજપે સ્વીકાર્યો નહોતો અને તેમને રાજીનામું આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જાણકારો કહે છે કે ધનખડના રાજીનામાનો પત્ર તેમણે પોતે લખ્યો ન હતો. પણ ભાજપના નેતા દ્વારા ડ્રાફ્ટ કરાવવામાં આવેલા પત્ર પર તેમની સહી કરાવી લેવામાં આવી હતી. રાજકીય નિરીક્ષકો કહી રહ્યા છે કે ધનખડનું રાજીનામું નવી દિલ્હીમાં આવી રહેલા રાજકીય તોફાનનો પ્રારંભ છે. વડા પ્રધાન મોદી ૧૭ સપ્ટેમ્બરે ૭૫ વર્ષના થઈ રહ્યા છે, ત્યારે તેમના પર રિટાયર થવાનું દબાણ વધારવામાં આવી રહ્યું છે. આ પહેલાં અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા નેતાઓને મોદી આણી મંડળીએ 75 વર્ષનો નિયમ બતાવીને પાર્ટીમાં જ કોરાણે કરી દીધા હતા. તેથી સંઘ પરિવાર હવે ઈચ્છે છે કે મોદી માટે પણ આ નિયમ લાગુ પડે. મોદી કે તેનું જૂથ સંઘ પરિવારનો આદેશ માથે નહીં ચડાવે તો સંઘ ભાજપમાં ભાગલા કરાવી શકે છે.

manoj1968@yahoo. ca






# અમેરિકા રહેતા સુરતના ઇજનેરને લાલચ આપી 40 લાખ પડાવ્યા

## વડોદરા-આર.વી. દેસાઇ રોડના પિતા-પુત્રનું કારસ્તાન, - 50 લાખ ટ્રાન્સફર થયા બાદ હસમુખ અને અંકિતે માત્ર રૂ. 9.54 લાખ પરત કર્યા

**સુરત**

ગોપીપુરાના સંઘાડીયા વાડની જગુ વલ્લભની પોળના મૂળ રહેવાસી એવા હાલ અમેરિકા સ્થાયી થયેલા સોફ્ટવેર એન્જિનીયર શૈલેષ નટવરલાલ રાણા વર્ષ 1999 માં અમદાવાદ ખાતે સોફ્ટવેર પ્રોગ્રામીંગના ટ્રેનીંગ અંતર્ગત અંકિત હસમુખ શાહ (રહે. સોહમ જવાહર સોસાયટી, ગંગોત્રી એપાર્ટમેન્ટ નજીક, આર.વી. દેસાઇ રોડ, વડોદરા) સાથે મિત્રતા થઇ હતી. અમદાવાદ ઉપરાંત મુંબઇ ખાતે પણ ટ્રેનીંગ અંતર્ગત બંને એક જ રૂમમાં રહેતા હતા. જે અંતર્ગત અંકિતે તેના પિતા હસમુખ શાહ બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં શેર બ્રોકર અને ભાઇ અમીત શાહ ઓનલાઇન ટ્રેડીંગ અને ઇન્વેસ્ટમેન્ટ કન્લસટન્ટ તરીકે કામ કરે છે, તમારે રોકાણ કરવું હોય તો જણાવજો. જો કે શૈલેષને વર્ષ 2005 માં અમેરિકાની કંપનીમાં જોબ મળી જતા અમેરિકા શીફ્ટ થઇ ગયો હતો. પરંતુ બંને એકબીજાના સંપર્કમાં હતા. દરમિયાનમાં વર્ષ 2009 માં પિતાની અંતિમવિધી માટે સુરત આવેલા શૈલેષે અંકિતના કહેવાથી જુલાઇ 2011 થી જૂન 2012 સુધીમાં ટુકડે-ટુકડે રૂ. 50.40 લાખનું રોકાણ કરવા આરટીજીએસથી અંકિતના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. જેની સામે કોઇ રસીદ આપી ન હતી પરંતુ 1.75 ટકાથી લઇ 12.50 ટકાના વ્યાજદરની જુદી-જુદી રૂ. 3.50 લાખની એફ.ડીમાં રોકાણની રસીદ આપી હતી. માર્ચ 2013 માં શૈલેશે હિસાબ માંગ્યો હતો પરંતુ રોકાણ કર્યુ છે એટલે હાલ રૂપિયા પરત મળશે નહીં એમ કહી વાયદા કર્યા બાદ ઓનલાઇન અને રોકડ મળી ટુકડે-ટુકડે રૂ. 9.54 લાખ પરત કર્યા હતા. પરંતુ બાકી રૂ. 40.85 લાખનો હિસાબ કે રૂપિયા પણ પરત કર્યા ન હતા. શૈલેશના કહેવાથી તેનો ભાઇ જયેશ રાણા ઉઘરાણી માટે અંકિતના વડોદરા ખાતે રહેણાંક ખાતે ગયો હતો પરંતુ તે ઘરે હાજર ન હતો. જેને પગલે શૈલેષ આપેલા પાવરના આધારે બનેવી મોન્ટુ કંચનલાલ જરીવાલા (ઉ.વ. 41 રહે. ચંદુલાલ માસ્તરની શેરી, ગોપીપુરા) એ ત્રણેય પિતા-પુત્ર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદ ખાતે ટ્રેનીંગમાં મિત્રતા બાદ વારંવાર અંકિત શાહે રોકાણ માટેનું કહેતા વર્ષ 2011 માં રોકાણ કરવાનું શરૂ કર્યુ હતું. ટુકડે-ટુકડે રૂ. 50.40 લાખના રોકાણ પૈકી જુદી-જુદી કંપનીની એફ.ડીમાં રૂ. 3.50 લાખનું રોકાણ કર્યુ હતું. જો કે આ એફ.ડી પણ તેમાં સરનામું ચેન્જ કરવાનું છે એમ કહી લઇ ગયા બાદ પરત આપી ન હતી. બીજી તરફ વારંવાર હિસાબની માંગણી કરવાની સાથે રૂપિયા પરત આપવાનું કહેવા છતા વાયદા કરતા શૈલેષ રાણાએ વકીલ હસ્તક નોટીસ ફટકારવાની સાથે સપ્ટેમ્બર 2024 માં ઇડીમાં પણ ફરિયાદ કરી હતી. જેની તપાસ હાલ ચાલી રહી છે.

# યશની હત્યા કેસમાં બંને આરોપીઓ પાસે ઘટનાનું રિ કન્સ્ટ્રક્શન કરાવાયું

**તરસાલી**

તરસાલી ખાતે ઈંડાની લારી પર કામ કરતા 26 વર્ષીય યશ ઠાકુરની હત્યાના ગુનામાં સંડોવાયેલ આરોપી ભીમબહાદુર ગોપાલબહાદુર સોની (રહે -અમર શ્રદ્ધા વુડા, તરસાલી ) અને મેહુલ મહેશભાઈ માળી(રહે તરસાલી)ની પોલીસે ધરપકડ કર્યા બાદ ગુનાની વધુ તપાસ માટે બંનેના અદાલત પાસેથી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લીધેલ ચાકુ, ટુ વ્હીલર , લોહીના ડાઘાવાળા કપડા તથા મોબાઈલ ફોન પણ જપ્ત કરાયા છે. દરમ્યાન આજે પોલીસે બંને આરોપીઓને સાથે રાખી ઘટનાનું રિ કન્સ્ટ્રક્શન કર્યું હતું. પોલીસે ત્રણેવ મિત્રો તરસાલીથી ભેગા થઈ સયાજી હોસ્પિટલના ગેટની બહાર આવેલી ચ્હાની લારી પર ગયા હોય અને ત્યારબાદ કોઠી ચાર રસ્તા સુધીના સમગ્ર રૂટ ઉપર થયેલ ગતિવિધિનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમ્યાન બંને આરોપીઓએ ઘટનાનું પોલીસ સમક્ષ વર્ણન કર્યું હતું. અત્રે નોંધનીય છે કે, ચાલુ સ્કૂટર ઉપર ટપલી દાવની મજાક મસ્તીમાં ભીમ બહાદુર અને યશ વચ્ચે ઝઘડો થતા ભીમબહાદુરએ યશના ગળા નીચે છાતીના ભાગે ચાકુનો ઘા ઝીંકી દેતા યશનું મોત નીપજ્યું હોવાની આરોપીઓએ કબુલાત કરી હતી.

# બરોડા ડેરીમાં નોકરી અપાવવાનું કહી સાળા બનેવીએ શિક્ષિકા પાસે રૂ.39 લાખ પડાવ્યા

## કોલેજમાં સાથે અભ્યાસ કરતા યુવકે સંબંધ કેળવી શિક્ષિકા અને તેના પરિવારને ફસાવ્યો

**વડોદરા**

આજવા રોડ સરદાર સહકાર સોસાયટીમાં રહેતા ફરહીનબેન મલેક ખાનગી સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૭ માં હું ખટંબા પાસે આવેલી બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતી હતી. ત્યારે મારો પરિચય ગમેશ ડુંગરભાઇ રાઠવા (રહે. નિશાળ ફળિયા, તા.કવાંટ) સાથે થયો હતો. ૨૦૨૪ માં ગમેશ રાઠવાએ મને કહ્યું હતું કે, બરોડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લિ.માં જુનિયર ક્લાર્ક તરીકે મારી નોકરી લાગી છે. તેણે પોતાની પગાર સ્લીપ બતાવી હતી. તેણે એવું પણ કહ્યું હતું કે, હજી બીજી વેકન્સી બહાર પડવાની છે. તારે પણ ડેરીમાં નોકરી કરવી હોય તો કહેજે. ગમેશે મને કહ્યું હતું કે, હું ૧૧ લાખ આપીને ભરતી થયો છું. મેં તેને કુલ પાંચ વ્યક્તિઓ મારી, મારા સગા ભાઇ આદિલ, પતિ રિફાકત, મારા કાકી રોશનજહાંની દીકરી રોઝમીન, દીકરા સાહિદને નોકરી અપાવવા માટે વાતચીત કરી હતી. થોડા દિવસ પછી ગમેશ મારા ઘરે મયંક પ્રવિણભાઇ રાઠવા (રહે. સ્વામિ નારાયણ સોસાયટી, પાવી જેતપુર, છોટાઉદેપુર) ને લઇને મારા ઘરે આવ્યો હતો. મયંકે પોતાની ઓળખાણ બરોડા ડેરીમાં ભરતી બોર્ડના અધિકારી તરીકે આપી હતી. અને મારી પાસે જ નોકરી અપાવવાની સત્તા છે. તેવું કહ્યું હતું.ત્યારબાદ અમને જાણ થઇ હતી કે, બરોડા ડેરીમાં આવી કોઇ ભરતી થઇ જ નથી. આરોપીઓએ અમારી પાસેથી કુલ ૩૯ લાખ પડાવી લીધા હતા.

# બનાસકાંઠાના ઢુવામાં કોઈ દારૂ વેચતા કે પીતા ઝડપાશે તો મુંડન કરી 11 હજારનો દંડ ફટકારાશે

## ગામને દારૂ મુક્ત કરવાનો સંકલ્પ લેવાયો, આરોપીનો વરઘોડો કાઢવાનો નિર્ણય

**બનાસકાંઠા**

બનાસકાંઠાના ડીસા તાલુકાના ઢુવા ગામમાં દારૂના દૂષણને જડમૂળથી નાબૂદ કરવા માટે સમગ્ર ગામ એકજૂટ થયું છે. અંબાજી મંદિર ખાતે યોજાયેલી ગ્રામસભામાં અઢારે આલમના લોકોએ સાથે મળીને ગામમાં સંપૂર્ણ દારૂબંધીનો અનોખો નિર્ણય લીધો છે. યુવા પેઢીને દારૂના વ્યસનથી બચાવવા, ગામમાં સ્વચ્છતા જાળવવા, શિક્ષણનું સ્તર ઊંચું લાવવા અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉમદા હેતુંથી ક્રાંતિકારી નિર્ણય લેવાયો છે. જેમાં દારૂનું વેચાણ કરનાર ઝડપાશે તો તેનું મુંડન કરીને 11 હજાર રૂપિયાનો દંડ વસૂલાશે.

અંબાજી મંદિર ખાતે યોજાયેલી ગ્રામસભામાં અઢારે આલમના લોકોએ સાથે મળીને ઢુવા ગામમાં દારૂબંધીનો નિર્ણય લીધો છે. આ સભામાં ઢુવા ગામના ડેપ્યુટી સરપંચ, માજીસરપંચ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી, પંચાયત સદસ્યો, વડીલો, યુવાનો અને રાજકીય-સામાજિક આગેવાનો હાજર રહ્યાં હતા. જેમાં ગામને સંપૂર્ણપણે દારૂ મુક્ત કરવાનો સંકલ્પ લીધો હતો.

આ નિર્ણય અનુસાર, ઢુવા ગામમાં કોઈ પણ વ્યક્તિ દારૂનું સેવન કે વેચાણ કરી શકશે નહીં. જો બહારગામનો કોઈ વ્યક્તિ દારૂ વેચતો પકડાશે તો તેને ઢુવા ગામમાં મુંડન કરીને વરઘોડો કાઢવામાં આવશે અને 11, 000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. ગામમાં દારૂ વેચનારાઓને આ નિયમોનું પાલન નહીં કરે તો પંચાયત દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાશે.

# ડભોઇમાં કોન્ટ્રાક્ટર ઉપર હુમલો, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખનો હાથ હોવાનો આક્ષેપ

**ડભોઇ**

વડોદરાના ડભોઈમાં તાલુકા પંચાયતમાં બે દિવસ પહેલા કોન્ટ્રાક્ટર અંજેશ પટેલ પર જીવલેણ હુમલો થયો હતો. સમગ્ર મામલે અંજેશે વડોદરા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અશ્વિન વકીલ સહિત તેના મળતીયાઓ વિરુદ્ધ ડભોઈ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર ઘટનામાં અશ્વિન વકીલે હુમલો કરાવ્યો હોવાનું સામે આવ્યું છે. જેમાં અશ્વિન વકીલના કહેવાથી તાલુકા પંચાયતના પ્રમુખ રાજન તડવીએ હુમલો કર્યો હોવાનો કોન્ટ્રાક્ટર અંજેશ પટેલે આક્ષેપ કર્યા છે. વડોદરા જિલ્લા પંચાયત સીમળીયાના સદસ્ય જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અશ્વિન વકીલ દ્વારા અંજેશ પટેલના ભાઈ વિરલ પટેલને ફોન કરવામાં આવ્યો હતો. જેમાં અશ્વિન વકીલ દ્વારા વિરલને ફોનથી ધમકી આપવામાં આવી હતી અને કહ્યું હતું કે, 'અંજેશનો એક હાથ તૂટેલો છે, તારા પગ પણ ભાંગી નાખીશું.'

અશ્વિન વકીલને પોતાની જિલ્લા પંચાયતમાં ટિકિટ કપાવાની હોવાની જાણ થઈ હતી. જેથી તેણે ચાંદોદમાં પગ પેસારો કર્યો હતો. જોકે, ચાંદોદ વિસ્તારના કોન્ટ્રાક્ટના કામો અંજેશ પટેલ કરતો હોવાથી એક વિરોધી ઊભો થયો હોવાનું લાગ્યું હતું.

# અંબાજી મંદિરને મળ્યું 'ઈટ રાઈટ પ્રસાદ' સર્ટિફિકેટ: મોહન થાળની ગુણવત્તા પર મહોર

**પાલનપુર**

અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મોહનથાળ પ્રસાદ બનાવી વેચાણ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન લગભગ 1 કરોડ 25 લાખ જેટલા મોહનથાળ પ્રસાદનું વેચાણ કરવામાં આવે છે. ખાસ આ પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતાને સહિતના તમામ માપદંડોને આધારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા અંબાજી મંદિરને "ઈટ રાઈટ પ્રસાદ" પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકોને આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતા તથા મંદિરના ખાદ્ય વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ કામગીરીનું પ્રતિબિંબ છે.

# 6 કરોડનું દેવું થઈ જતા વડોદરામાં પરિવારે દવા ગટગટાવીને આપઘાતનો કર્યો પ્રયાસ

**વડોદરા**

ગોરવા વિસ્તારમાં પેટ્રોલ પમ્પના માલિકે પત્ની, બે દીકરા તેમજ એક દીકરી સાથે ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, બાદમાં પરિવાર જાતે જ હોસ્પિટલમાં દાખલ થઈ જતા જીવ બચી ગયો હતો.

વડોદરાના ગોરવા વિસ્તારમાં પેટ્રોલ પમ્પના માલિક 52 વર્ષીય સુભાષ નંદેસરી, તેમની 49 વર્ષીય પત્ની, 23 વર્ષીય દીકરો અને 17 વર્ષની દીકરી તેમજ 5 વર્ષના દીકરા સાથે ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બાદમાં ઉલટી થઈ જતા પરિવાર જાતે જ સયાજી હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. સમયસર હોસ્પિટલ પહોંચી જવાના કારણે તેમનો જીવ બચી ગયો હતો.

આપઘાતના પ્રયાસ વિશે પેટ્રોલ પમ્પના માલિકે જણાવ્યું હતું કે, અમારી બેન્ક લોન ચાલે છે અને ખૂબ જ આર્થિક સંકડામણના કારણે જીવન ટૂંકાવવાનો નિર્ણય લીધો હતો. આ બાબતે પોલીસે જણાવ્યું કે, પરિવાર સાથે આપઘાત કરનાર સુભાષ નંદેસરીનો જીઆઈડીસીમાં પેટ્રોલ પમ્પ હતો. આ પેટ્રોલ પમ્પના માટે 6 કરોડનું દેવું થઈ ગયું. પેટ્રોલ પમ્પ ચલાવવા માટે બેન્ક પાસેથી લોન લીધી હતી આ સિવાય સગા સંબંધી પાસેથી પણ પૈસા લીધા હતા.

# USAની યુનિ.માં પ્રવેશનું કહી 13.67 લાખની ઠગાઈ

**વડોદરા**

એરપોર્ટ સામે મારૂતિધામ કોમ્પ્લેક્સમાં રહેતા ભરતભાઇ દળવીએ તેમના પુત્રને યુએસએમાં વધુ અભ્યાસ માટે મોકલવા રેસકોર્સ ચકલી સર્કલ પાસેની ઓવરસીઝ એજ્યુકેશન લિ.નો સંપર્ક કર્યો હતો.જ્યાં અલાબા યુનિ.માં એડમિશન માટે વાત થઇ હતી અને મૈત્રી ગુપ્તાએ ઓફર લેટર કન્ફર્મ કરવા માટે ૧.૭૧ લાખ વિપુલ જગદીશભાઇ ચૌહાણને આપવા કહ્યું હતું. વિપુલે રૂપિયા યુનિ.માં ટ્રાન્સફર કર્યા હતા અને ત્યારબાદ ટ્યુશન ફી માટે રૂ.૧૩.૬૮ લાખ લીધા હતા. પરંતુ વિદ્યાર્થી જ્યારે અમેરિકા ગયો ત્યારે તેને ફી નહિ ભરે તો બે ટકાની લેટ ફી પેનલ્ટીની ચીમકી મળી હતી.જેથી વિપુલે રૂપિયા જમા નહિ કરાવતાં તેનો સંપર્ક કર્યો હતો.પરંતુ તેની પત્નીએ કહ્યું હતું કે,વિપુલ ક્યાં છે તેની મને પણ ખબર નથી. જેથી અમારા રૂપિયા પરત નહિ મળતાં હરણી પોલીસે ગુનો નોંધ્યો છે.

# દેવું વધી જતા વીમો પકાવવા ટ્રક માલિકે મિત્રને કચડી તરકટ રચ્યું

## સુરતના વડોદમાં એકલા રહેતા મિત્રને ચિક્કાર કામરેજ-બારડોલી રોડ ઉપર ચિક્કાર દારૂ પીવડાવી બેભાન કરી કપડા બદલ્યા

**સુરત**

સણીયા-ખંભાસલા રોડ ઉપર ગત 14 જુલાઈના રોજ રાતે 8 વાગ્યા અરસામાં અજાણ્યા વાહન ચાલકે શીવકુમાર ઉર્ફે મહારાજ રામનારાયણ મિશ્રા (ઉ.વ. 39 રહે. 45, ગોવર્ધન ડ્રીમ રેસીડન્સી, હલધરૂ, કામરેજ અને મૂળ. ગોંડાલપુર, તા. મહારાજગંજ, જોનપુર, યુ.પી) ને કચડી નાંખ્યો હતો. અકસ્માત એટલી ગંભીર હદે થયો હતો કે મોંઢું આખું ચગદાય ગયું હતું અને ઓળખ કરવી પણ મુશકેલ હતી પરંતુ મૃતકના મોબાઈલ ફોન અને પહેરેલા કપડાના આધારે શીવકુમાર હોવાની ઓળખ થઈ હતી. સચિન પોલીસે જે તે વખત અકસ્માત મોતનો ગુનો નોંધી અકસ્માત કરનાર વાહનને શોધવા માટે સ્થાનિક વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું શરૂ કર્યુ હતું. સણીયા-ખંભાસલા રોડ ઉપર મોટા ભાગે સુમસામ હોવા ઉપરાંત સીસીટીવી પણ ઓછા હતા પરંતુ આ રોડ સ્થિત સ્વામીનારાયણ મંદિરના સીસીટીવીમાં કોઈ વાહન કે રાહદારી પસાર થયો હોય તેવું જણાયું ન હતું. બીજી તરફ પોલીસને બાતમી મળી હતી કે મૃતક યુવાન અગાઉ વડોદ વિસ્તારમાં રહેતો હતો અને એક યુવાન સાથે મોપેડ ઉપર જતા નજરે પડયો હતો. ઉપરાંત પોલીસ જયારે શીવના ઘરે પહોંચી ત્યારે તેની પત્ની મીનાદેવી મિશ્રા (ઉ.વ. 35) ના ચહેરા ઉપર કોઈ અફસોસ ન હતો અને મારા પતિ એક્સિડન્ટમાં મરણ ગયા છે અને તેમની બે લાખ રૂપિયાનો એલઆઈસીનો વીમો છે તેના રૂપિયા મને મળશે કે કેમ ? એવું પુછતા પોલીસને શંકા ગઈ હતી. જેથી શીવ મોબાઈલમાં કેટલા સીમ વાપરતો હતો અને ટ્રકમાં જીપીએસ હતું કે કેમ ? વિગેરે બાબતે મીનાની પૂછપરછ કરતા બે સીમ હોવાનું અને ટ્રકમાં જીપીએસ હોવાનું જણાવ્યું હતું. જો કે મોબાઈલમાંથી એક સીમ મિસીંગ હતો અને તેનું લોકેશન તથા જીપીએસનું લોકેશન ટ્રેક કરતા બંનેમાં સામ્યતા જોવા મળી હતી. બીજી તરફ શીવ રહેણાંક હલધરૂથી મોપેડ લઈ કડોદરા-બારડોલી રોડ સ્થિત સર્વોત્તમ હોટલ નજીક ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપ ખાતે ગયો હતો. જયાં ટ્રકમાં ડિઝલ ભરાવ્યા બાદ અજાણ્યાને બેસાડી કડોદરા ચાર રસ્તાથી પલસાણા ચાર રસ્તાથી ભાટિયા થઈ સણીયા-ખંભાસલા રોડ કે જયાં અકસ્માત થયો હતો ત્યાં સુધી શંકાસ્પદ જોવા મળ્યો હતો. આ ઉપરાંત મિસીંગ મોબાઈલ નંબરના કોલ ડિટેઈલના આધારે પોલીસની ટીમે મહારાષ્ટ્રના પુણે ખાતે મોનુ ચંદ્રબલી ગૌતમ (રહે. 38 રહે. રાજગુરૂ નગર, જય અંબે ટેલર સર્વિસ, ચાકણ ચોક, નાસિક-પુણે રોડ, મહારાષ્ટ્ર અને મૂળ. રામપુર સવાઈ, તા. રજુપુર, જોનપુર, યુ.પી) ને ત્યાં તપાસ કરતા શીવ ત્યાંથી જીવીત હાલતમાં મળી આવતા પોલીસ ચોંકી ગઈ હતી. પોલીસ શીવ અને મોનુને સુરત લઈ આવી પૂછપરછ કરતા શીવે કબૂલાત કરી હતી કે પોતે ટ્રક માલિક છે અને ટ્રક ડ્રાઈવીંગ પણ કરે છે.

# માંગરોળ તાલુકાના કોસાડી ગામમાં શ્વાને 6 વર્ષની બાળકીને ફાડી ખાધી

**સુરત**

માંગરોળ તાલુકાના કોસાડી ગામે બાળવાટિકામાં શૌચાલય ગયેલી 6 વર્ષની શિવાંગી સતીશ વસાવા નામની બાળકીને ત્રણ રખડતા કૂતરાઓએ ફાડી ખાધી હતી. ગંભીર રીતે ઘવાયેલી બાળકીને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાથી સમગ્ર કોસાડી ગામ અને બાળકીના શ્રમજીવી પરિવારમાં શોકનો માહોલ છવાતાં વાતાવરણ ગમગીન બન્યું હતું.

સતીશ વસાવાની 6 વર્ષીય દીકરી શિવાંગી કોસાડી ગામની બાળવાટિકામાં અભ્યાસ કરતી હતી. આજે (22 જુલાઈ) ના રોજ શૌચાલય જવા માટે બાળવાટિકા પરિસરમાં જ એકલી ગઈ હતી, ત્યારે અચાનક ત્રણ રખડતા કૂતરાઓએ તેના પર હુમલો કરી દીધો હતો. કૂતરાઓએ બાળકીને ગંભીર રીતે ફાડી ખાધી હતી. બાળકીની ચીસો સાંભળીને શાળા નજીકથી પસાર થઈ રહેલા એક યુવક જોઈ ગયો હતો અને તાત્કાલિક મદદે દોડી ગયો હતો. કૂતરાને ટોળાને ત્યાંથી ભગાડી બાળકીને ઘાયલ અવસ્થામાં બચાવી લેવામાં આવી હતી. યુવકની બૂમરાણ સાંભળીને શાળાનો સ્ટાફ અને ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા

# સુરતમાંથી 26 કરોડની સોનાની દાણચોરી કરતું દંપતી ઝડપાયું : DRI ઉંઘતી ઝડપાઈ ગઈ

**સુરત**

ગુજરાતના સુરતમાંથી સોનાની જપ્તીનો સૌથી મોટો કેસ સામે આવ્યો છે. સુરત એરપોર્ટ પરથી 25 કરોડ 57 લાખની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે. આ મામલે પોલીસે દાણચોરી કરનાર દંપતી વિરલ અને ડોલીની ધરપકડ કરી છે. નોંધનીય છે કે, આ દંપતી પેન્ટ, અન્ડરગાર્મેન્ટ્સ, હેન્ડબેગ અને ફૂટવેરમાં સોનું સંતાડીને આવી રહ્યા હતા. જોકે, બંનેની ચાલ શંકાસ્પદ લાગતા તેમની તપાસ કરવામાં આવી અને ત્યારબાદ સમગ્ર મામલાનો ઘટસ્ફોટ થયો હતો.



રવિવારે આ સમગ્ર કેસ સામે આવ્યો હતો. જેમાં એર ઈન્ડિયાની દુબઈની ફ્લાઈટમાંથી પતિ-પત્ની 24 કિલો 827 ગ્રામ સોનું અલગ-અલગ ચીજવસ્તુમાં સંતાડીને ભારતમાં લાવી રહ્યા હતા. આ દંપતી અંડર ગાર્મેન્ટ, પેન્ટ, હેન્ડબેગ અને ફૂટવેર જેવી ચીજવસ્તુઓમાં સોનું સંતાડીને લાવી રહ્યા હતા. જોકે, બંને પર શંકા જતા CISF દ્વારા દંપતિની પૂછપરછ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન દંપતિ પાસેથી 25 કિલો સોનું મળી આવ્યું હતું. નોંધનીય છે કે, એરપોર્ટ પરથી આવડી મોટી સોનાની દાણચોરી થવાની જાણ કસ્ટમ વિભાગ, DRI કે ઈડીને પણ થઈ નહતી. મહત્ત્વનું છે કે, આ ત્રણેય વિભાગની ઓફિસ સુરતમાં હોવા છતાં દુબઈથી આટલી મોટી સંખ્યામાં સોનું આવવાનું છે તે અંગેની તેમને જાણ ન થવાથી પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

# વાપીમાં ડબલ મર્ડર કેસ : માતાના આડા સંબંધની શંકામાં સગા પુત્રએ 2.50 લાખની સોપારી આપી

## વોન્ટેડ શાર્પશૂટર આર્મીમેન જયપુરથી ઝડપાતા સમગ્ર કેસમાં ચોંકાવનારો ખુલાસો

**વાપી**

વાપીના ચણોદ કોલોની બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેતા રેખાબહેન બ્રહ્મદેવ મહેતા (મહંતો) તેમની મહારાષ્ટ્રના નાગપુર ખાતે રહેતી બહેનપણી અનિત ઉર્ફે દુર્ગા શેખર ખડશે પર ગત 11 જાન્યુઆરી, 2020ના રોજ મોટર સાયકલ પર આવેલા બે શાર્પશૂટરોએ આડેધડ ગોળીબાર કરી હત્યા કરી ભાગી છૂટયા હતા. જેમાં રેખા અને અનિતાનું મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી હતી. જેમાં ગુરુ ઉર્ફે બીપીન અને કુંદન ગીરીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા હતા.

સગાપુત્રએ જ માતાના ચારિત્ર્યને લઈ સમાજમાં બદનામી અને કરોડો રૂપિયાની મિલકતને લઈ હત્યાની સોપારી આપી હતી. મિત્રની મદદથી રૂ.૨.૫૦ લાખમાં હત્યા કરવા સોપારી અપાઈ હોવાનું બહાર આવ્યું હતું. જયારે અન્ય આરોપી મુકેશ રવિન્દ્રકુમાર સિંગની ધરપકડ કરાઈ હતી. જયારે પિસ્તલથી હત્યા કરનાર શાર્પશૂટર પંકજકુમાર રામદેવપ્રસાદ શાહને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ડબલ મર્ડર કેસમાં આરોપી પંકજકુમાર શાહને ઝડપી પાડવા માટે પોલીસે અનેક પ્રયાસો કર્યા હતા, તેમ છતાં છેલ્લા પાંચ વર્ષથી આરોપી પોલીસ પકડથી દૂર હતો. જયારે લોકલા ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે રાજસ્થાનના જયપુર નજીકના ચિથવારી ગામે આવેલી હોટલમાંથી પાંચ વર્ષ બાદ શાર્પશૂટર પંકજકુમાર શાહને દબોચી લીધો હતો.

# 4 કરોડની લેતીદેતીના મુદ્દે વેસુના દલાલનું અપહરણ, 50 લાખ માંગ્યા

## 1.20 લાખના દાગીના પડાવ્યા, મામલો પોલીસમાં પહોંચતા અપહરકારોએ દલાલને છોડી દીધો હતો

**સુરત**

વેસુની શ્રૃંગાર રેસીડન્સી સામે શીવ કાર્તિક એન્કલેવમાં રહેતો કાપડ દલાલ રોહિત ચંદનમલજી જૈન (ઉ.વ. 40 મૂળ રહે. વીરવાડા, શિરોહી, રાજસ્થાન) ગત શનિવારે બપોરે 2 વાગ્યાના અરસામાં કામ અર્થે મુંબઈ જવા નીકળ્યો હતો. દરમિયાનમાં રાતે 11 વાગ્યે પત્ની પાયલને ફોન કરી હું મુંબઈ પહોંચી ગયો છું અને હોટલમાં રોકાયો છું એવું કહ્યું હતું. પરંતુ બીજા દિવસે પાયલે ફોન કરતા રોહિતના બંને ફોન બંધ હોવાથી મુંબઈ રહેતા મિત્ર મેહુલનો સંપર્ક કરી રોહિત કયાં છે તે તપાસ કરવા કહ્યું હતું. જેથી મેહુલ મુંબઈની સોના હોટલમાં જઈ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે વહેલી સવારે પોણા ત્રણેક વાગ્યાના અરસામાં રોહિતે ચેક આઉટ કર્યુ હતું અને સામાન સાથે બે અજાણ્યા જબરજસ્તી કારમાં બેસાડીને લઈ ગયા હતા અને આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ હતી. દરમિયાનમાં એકાદ કલાક બાદ બે અજાણ્યા રોહિતના ઘરે ગયા હતા તેમણે પોતાના મોબાઈલથી પાયલ સાથે રોહિતની વાત કરાવી હતી. રોહિત ફોન ઉપર વાત કરતા કહ્યું હતું કે હું કયાં છું તે મને ખબર નથી પરંતુ આપણે રૂ. 50 લાખ આપવાના છે, સગાસંબંધી પાસેથી રૂપિયા ભેગા કરીને રાખ નહીં તો વધારે તકલીફ પડશે, રૂપિયા ભેગા થઈ જાય એટલે હું



ફોન કરૂ તો તારે ઓકે કહી દેવાનું અને તારી પાસે માણસો પૈસા લેવા આવી જશે. ત્યાર બાદ બંને અજાણ્યા તમારા પતિને છોડાવવા ખંડણી પેટે રૂ. 50 લાખ આપવા પડશે એવી ધમકી આપી ચાલ્યા ગયા હતા અને પુનઃ બે કલાક બાદ પરત આવ્યા હતા. ત્યારે પણ અજાણ્યાએ પોતાના મોબાઈલથી રોહિત અને પાયલ વચ્ચે વાત કરાવી હતી અને રોહિતના કહેવાથી પાયલે પોતાના રૂ. 1.20 લાખના સોનાના દાગીના આપી દીધા હતા. જેથી પાયલ તેની માતા સાથે વેસુ પોલીસ સ્ટેશન ખાતે દોડી ગઈ હતી પરંતુ ત્યારે પણ બે પૈકીનો એક અજાણ્યાએ પુનઃ ઘરે જઈ રૂપિયાની માંગણી કરી હતી. જો કે મામલો પોલીસમાં પહોંચતા અપહરણકારોએ રોહિતને છોડી મુકયો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં અપહરણ પાછળ રૂ. 4 કરોડની લેવડદેવડ હોવાનું જાણવા મળ્યું છે. કાપડ દલાલ રોહિતે જે વેપારીઓ પાસેથી માલ અપાવ્યો હતો.

# બહેને પૂછ્યા વગર નાસ્તો કરી લેતા ચોથા ધોરણના બાળકે જીવન ટૂંકાવ્યું

**સુરત**

બુધવારે 12 વર્ષના કિશોરે બહેનનું માઠું લાગી જતા આપઘાત કરી જીવન ટૂંકાવી દીધું છે. મળતી માહિતી મુજબ, સુરતના કતારગામમાં મૂળ બિહારના વતની 12 વર્ષના કિશોરે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

સરકારી શાળામાં ધોરણ 4માં અભ્યાસ કરતા કિશોરે નજીવી બાબતે પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. હકીકતમાં તેની નાની બહેને તેને પૂછ્યા વિના તેનું ખાવાનું ખાઈ લીધું હતું. આ વાતનું કિશોરને માઠું લાગી ગયું હતું. જેના કારણે તેણે આપઘાત કરવા જેવું મોટું પગલું લીધું હતું. નોંધનીય છે કે, મૃતકના પિતા એમ્બ્રોડરની કારખાનામાં કામ કરે છે અને તેમના પાંચ સંતાન છે, જેમાંથી એકે પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું.

સમગ્ર ઘટનાની જાણ થતા કતારગામ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યાંથી કિશોરના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે આત્મહત્યાનો ગુનો દાખલ કર્યો છે. આ સિવાય ઘરના તેમજ આસપાસના લોકોની પૂછપરછ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતને 12500 માંથી 12151 માર્ક મળ્યા,

સુરત : સ્વચ્છતા સર્વેક્ષણ માટે લીગ સ્પર્ધાની જાહેરાત થઈ હતી પરંતુ ક્રમ આપવામાં આવ્યા ન હતા આજે સરકારે સ્વચ્છતા લીગ માટે માર્ક્સ ની સત્તાવાર જાહેરાત કરી છે તેમં સમગ્ર ભારતમાં સુરત પહેલા ક્રમે આવ્યું છે. આ માટે 12500 માર્ક્સમાંથી સુરતને 12151 માર્ક્સ મળ્યા છે. જ્યારે બીજા નંબરે ઈન્દોર, ત્રીજા નંબરે નવી મુંબઈ. ચોથા નંબરે વિજયવાડા અને પાંચમા નંબરે અમદાવાદનો સમાવેશ કરવામા આવ્યો છે. સ્વચ્છતા સર્વેક્ષણની કેટેગરીમાં સુરતને પાંચ કેટેગરીમાં 100માંથી 100 માર્કસ મળ્યા છે જે પણ સુરત માટે એક સિધ્ધિ છે.

# પશુપાલકો મુદ્દે પક્ષ સામે બાંયો ચડાવતા માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સસ્પેન્ડ

**ખેડા**

ખેડા જિલ્લામાં ભાજપ સામે બંડ પોકારનાર પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા છે. માતરના ભાજપના પૂર્વ ધારાસભ્ય



કેસરી સિંહ સોલંકીને ખેડા જિલ્લા પ્રમુખ નયનાબહેન પટેલ દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તેમણે વર્ષ 2014માં પ્રથમ વખત માતર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ચૂંટાઈ આવ્યા હતા અને ત્યારબાદ વર્ષ 2017 વિધાનસભા ચૂંટણીમાં ફરીથી ધારાસભ્ય બન્યા હતા.

કેસરીસિંહ વારંવાર કરવામાં આવતી પક્ષ વિરોધી કામગીરીને લઈને પક્ષના જ માતરના કાર્યકરો અને સ્થાનિક નેતાઓએ પ્રશ્નો ઉભા કર્યા હતા. જેને લઈને ખેડા જિલ્લા પ્રમુખ નયનાબહેન પટેલ દ્વારા તેમને ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દા અને સભ્ય પદેથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

ભરતસિંહ સોલંકીની રાજ્ય સભાની ચૂંટણી વખતે ભરતસિંહ તરફી મત નાખવાની વાત બહાર આવતા વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણીમાં કેસરીસિંહ સોલંકીની ટિકિટ કાપી નાખવામાં આવી હતી. કેસરીસિંહ સોલંકી દ્વારા ત્યારબાદ ખેડા આણંદ જિલ્લામાં અમુલ ડેરીને લઈને તથા અમૂલ ડેરીના ચેરમેન અને ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક વિશે અનેક આક્ષેપો અને ગંભીર આરોપો મૂકી આંદોલન શરૂ કરી દેવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, વર્ષ 2021માં હાલોલના જિમિરા રિસોર્ટમાં પંચમહાલ LCBએ દરોડા પાડ્યા હતા. જેમાં LCBએ એ સમયે માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી, 3 નેપાળી અને 7 મહિલા સહિત 29 લોકોને જુગાર રમતાં ઝડપી પાડ્યા હતા. ત્યારે હાલોલની કોર્ટે ધારાસભ્યને જુગાર રમવા બદલ બે વર્ષની આકરી કેદની સજા ફટકારી હતી.

# સાણંદમાં દારૂની મહેફિલ પર પોલીસ ત્રાટકી, રિસોર્ટમાંથી 100 ઝડપાયાં

**સાણંદ**

સાણંદમાં પોલીસને બાતમી મળી હતી કે 100 જેટલા યુવક-યુવતીઓ સાણંદથી લગભગ 8 થી 9 કિ.મી. દૂર ગ્લેડ વન નામના એક રિસોર્ટમાં દારૂની મહેફિલ માણી રહ્યા છે. અહીં દારૂ પાર્ટી ચાલી રહી હતી. જેમાં પોલીસની ટીમ ત્રાટકતાં અફરા તફરી મચી હતી.

રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા પ્રતિક સંઘવીની બર્થડે પાર્ટી ચાલી રહી હતી. જેમાં ઘણાં લોકો દારૂ પીધેલી હાલતમાં પકડાયા હતા. પોલીસની આ કાર્યવાહી મોડી રાત સુધી ચાલી હતી. જેમાં તમામને પોલીસની ગાડીઓમાં બેસાડીને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. આ દરોડાની કાર્યવાહી બોપલ, ચાંદોગર, અસલાલી, સાણંદની પોલીસ ટીમ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન બ્રીથ ટેસ્ટ પણ કરાયા હતા. જેમાં અનેક મહિલાઓ અને યુવકો સામેલ હતા. જેમાં 13 પુરુષ અને 26 મહિલાઓના ટેસ્ટ શંકાસ્પદ આવ્યા હતા. આ તમામ 39 લોકોને વધુ મેડિકલ તપાસ માટે અટકાયતમાં લેવાયા હતા.

# વડોદરાના વિઝા કન્સલ્ટન્ટ ઓફિસને તાળા, બે મહિલાએ 40 લાખ ગુમાવ્યા

## યુકેમાં વર્ક પરમિટની લાલચ આપવામાં આવી હતી

**વડોદરા**




વડોદરાના સમા સવલી રોડ વિસ્તારના એક વિઝા કન્સલ્ટન્ટે યુકેની વર્ક પરમિટના નામે બે મહિલા સાથે 40 લાખ ઉપરાંતની છેતરપિંડી કરી હોવાનો બનાવ બનતા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

આણંદના મારેજ ખાતે રહેતા ભાવિકાબેન પટેલે પોલીસને કહ્યું છે કે, મારે યુ.કે જવું હોવાથી પરિચિત મારફતે વડોદરાના સમા રોડ પર લોટસ ઓરા કોમ્પ્લેક્સમાં ઓફિસ ધરાવતા વિઝા કન્સલ્ટન્ટ હિતેશ ધર્મેન્દ્રભાઈ કલ્યાણી (કલ્પેશ સોસાયટી, જવાહર વગર,આણંદ) નો સંપર્ક કર્યો હતો.

હિતેશે કહ્યું હતું કે મેં ઘણા લોકોને વિદેશ સેટ કર્યા છે. તમને પણ વર્ક પરમીટ અપાવીશ અને તમારા પતિ તેમજ બાળકોને પણ ડિપેન્ડન્ટના વિઝા અપાવી યુકે મોકલી આપીશ. આ પેટે તેણે 28 લાખ રૂપિયા નક્કી કર્યા હતા અને મેં તેમને તબક્કાવાર 26.50 લાખ રૂપિયા ચૂકવ્યા હતા. મારી ફાઈલ રિજેક્ટ થયું હોવા છતાં મને એક્ઝામ માટે વાપી તેમજ ફાઈલના પ્રોસિજર માટે અમદાવાદ ધક્કા ખવડાવવામાં આવ્યા હતા. પરંતુ આજ સુધી મને વિઝા મળ્યા નથી કે રૂપિયા પણ મળ્યા નથી.

મહિલાએ કહ્યું છે કે મારી જેમ તારાપુરના ગોરાડ ખાતે રહેતા માલતીબેન પટેલ પાસે પણ 26 લાખ પડાવવામાં આવ્યા હતા. જેમાંથી 12 લાખ પરત આપવામાં આવ્યા છે. ત્યારબાદ તપાસ કરતા ઓફિસ બંધ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. જેથી સમા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ભુજમાં પાડોશીઓએ શરાબ-સિગારેટ પીતા સગીરને બ્લેકમેલ કરીને 32 લાખ પડાવ્યા

**ભુજ**

ભુજમા ફરિયાદી ટ્વિન્કલ સિંહ માધવેન્દ્રસિંહ રાજપૂતની ફરિયાદના આધારે પોલીસે ભુજ શહેરના રાહુલ ભગવાનજી સોલંકી અને માનકૂવાના રાહુલ ઉર્ફે રવિ મોહન મહેશ્વરી સામે ગુનો નોંધ્યો છે.

તેમના જણાવ્યા અનુસાર તેઓ ગત ૨૦મી જુલાઇના રોજ પોતાના કામ અર્થે ભુજથી દિલ્હી ગયા હતા. દીકરો ઘરે એકલો હોવાથી તેણે શરાબ-સિગારેટની પાર્ટી એન્જોય કરી હતી. રાહુલ પણ આ સમયે હાજર હતો અને તેણે સગીરનો વીડિયો ઉતારી લીધો હતો. રાહુલે આ વીડિયો માતાને બતાવી દેવાની ધમકી આપી બ્લેકમેલ કરી રૂ. ૧૫ લાખની માંગણી કરી હતી. ડરી ગયેલા પુત્ર પાસેથી ઘરની તિજોરીમાંથી રોકડ રૂ. ૮ લાખ અને રૂ. ૨૪.૩૦ લાખની કિંમતના દાગીના બળજબરીથી કઢાવી લીધા હતા.

ત્યાર બાદ ફરિયાદીના પુત્રને તેના મિત્ર સાથે ગોવા ફરવા માટે મોકલી દીધો હતો. જોકે, માતાને આ વાતની જાણ ન હતી. તેમનો પુત્ર ગુમ થતા શોધખોળ કરવામાં આવી હતી અને વ્યાકુળ બનેલા માતાએ એ-ડિવિઝન પોલીસ મથકે જઇ દીકરો અને ઘરમાંથી રોકડ દાગીના ગુમ હોવાની હકીકત જણાવતા પોલીસે કેસની તપાસ કરતા તેમનો પુત્ર અને તેનો મિત્ર અમદાવાદ બાજુ હોવાનો ઇનપુટ મળ્યા હતા. અમદાવાદની સ્થાનિક ગુન્હાશોધક શાખાને જાણકારી આપવામાં આવતાં તેમણે અમદાવાદ એરપોર્ટ પરથી બન્નેને ઝડપી લીધા હતા.

શરૂઆતમાં એક તબક્કે શ્રીમંત પરિવારના સગીરે મોજશોખ અને ફરવા માટે પોતાના જ ઘરમાંથી રોકડ અને દાગીના સહિતના મુદ્દામાલની ચોરી કરી ફરવા ગયો હોવાની વાત સામે આવી હતી.

# ડર લાગતો હોય એ લોકો ખુશીથી રજા લઈ લેજો : અમિત ચાવડાની ચેતવણી

## પ્રજાના પ્રશ્નો માટે લડવા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની હાંકલ

**અમરેલી**

મૃતપ્રાય ગુજરાત કોંગ્રેસમાં પ્રાણ પૂરવા હાઇકમાન્ડે મોરચો સંભાળ્યો છે, ત્યારે શક્તિસિંહ ગોહિલની વિદાય બાદ ગુજરાત કોંગ્રેસની કમાન અમિત ચાવડાએ સંભાળી લીધી છે. પદગ્રહણ સમારોહમાં પદભાર સંભાળતાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જેને સરકાર સામે લડત લડવામાં ડર લાગતો હોય તે ખુશીથી રજા લઇ લે તો વધુ ગમશે. ગુજરાત કોંગ્રેસનું સુકાન સંભાળ્યા પછી હવે મહા નગર પાલિકા સહિત સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જીતવી એ કોંગ્રેસ માટે પડકારરૂપ છે. જોકે, અમિત ચાવડાએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો કે, જો વિપક્ષ તરીકે અસરકારક ભૂમિકા ભજવવામાં કોઈ કચાશ નહીં રાખીએ અને લોકોના પ્રશ્નો માટે છેક સુધી લડીશું તો વર્ષ 2028માં ગુજરાતની જનતા ગાંધીનગરના સિંહાસને જરૂર બેસાડશે. સાંસદ ગેનીબેન ઠાકોરે એવી કડવી ટકોર કરી કે, હવે સંગઠનમાં વધુ કડકાઈ દાખવી કામ કરવાની જરૂર છે. બીમાર હોય તો કડવી દવા જ અસરકારક હોય છે.

# સોનગઢમા જૈન મંદિરમાં બે ભાઈઓએ ઝેરી દવા ગટગટાવી લીધી, એકનું મોત

**ભાવનગર**

સીહોર તાલુકાના સોનગઢના દિગંબર જૈન સ્વાધ્યાય મંદિરમાં રહેતા બે સાગ ભાઈ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં એક ભાઈનું મોત નીપજ્યું છે, જ્યારે એક ભાઈની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. ક્યાં કારણોસર બંને ભાઈઓએ આવું પગલું ભર્યું તેને લઈને કોઈ જાણકારી સામે આવી નથી.

સીહોરના સોનગઢ ખાતે આવેલા જૈન મંદિરમાં ચેતનભાઈ વિનોદચંદ્ર શાહ (ઉ.વ. ૬૦) અને મેહુલભાઈ શાહ (ઉ.વ. 59) એ ઝેર દવા ગટગટાવી લીધી હતી. જેમાં ચેતનભાઈનું મોત નીજપ્યું છે. જ્યારે મેહુલભાઈની હાલત ગંભીર હોવાથી હોસ્પિટલના MICU વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે.

મંદિરના મેનેજરે જણાવ્યું હતું કે, આ બંને ભાઈઓ ધર્મશાળા ખાતે છેલ્લા બે-અઢી મહિના પહેલા રહેવા આવ્યા હતા. બંને ભાઈઓએ દવા પીધી હોવાની જાણ થતાંની સાથે તાત્કાલિક તેમને ભાવનગરની સર્ટી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. મેહુલભાઈને હોસ્પિટલના MICU વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે.

# જાફરાબાદમાં જૂથ અથડામણ : હોસ્પિટલમાં ઘૂસી ઈજાગ્રસ્તો, વકીલ સહિતના લોકોને માર્યા

## મારપીટની ઘટના બાદ હુમલાખોરો ફરાર, આખી ઘટના સીસીટીવીમાં કેદ થઇ ગઇ

**જાફરાબાદ**



રાજ્યમાં લૂંટ, મારામારી, હત્યા સહિતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અમરેલીના જાફરાબાદમાં બે જૂથ વચ્ચે મારામારીનો બનાવ સામે આવ્યો છે. એક જૂથના 10થી વધુ લોકોએ હોસ્પિટલમાં ઘૂસીને ઘાયલો લોકો અને હોસ્પિટલના પટાવાળા, વકીલ સહિત 5 લોકો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામમાં બે જૂથ વચ્ચે મારામારી બાદ એક જૂથના લોકોને સારવાર અર્થે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં સામેના જૂથના લોકો 10થી વધુ લોકો લાકડીઓ-ધોકા લઈને રાજુલા સિવિલ હોસ્પિટલમાં ઘૂસીને હુમલો કર્યો હતો. જેમાં સારવાર હેઠળ રહેલા ઈજાગ્રસ્ત લોકો સહિત હોસ્પિટલના પટાવાળા, 1 વકીલ સહિત 5 લોકો ઉપર હુમલો કર્યો હતો. વકીલ અરવિંદ ખુમાણ ઉપર હોસ્પિટલ ગ્રાઉન્ડમાં ધોકા વડે અજાણીયા ઈસમોએ હુમલો કર્યો હતો. હોસ્પિટલમાં લાકડી-ધોકા વડે ધમાલ મચાવીને હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

# ભુજમાં ક્રાઈમ થ્રિલર : માતાની ફરિયાદ બાદ પુત્રનો મૃતદેહ કબ્રસ્તાનમાંથી બહાર કઢાયો

## પરિવારે હાર્ટ એટેકથી મોત થયાનું કહી ગુપચુપ રીતે અંતિમવિધિ કરી નાખી હતી

**ભુજ**

ભુજ શહેરમાં રહેતા આધેડ રિક્ષાચાલકના એક અઠવાડિયા પહેલા થયેલા શંકાસ્પદ મોતમાં કોઈ ક્રાઈમ થ્રિલર સ્ટોરી જેવો વળાંક આવ્યો છે. આ આધેડનાં મોત મામલે તેમની માતાએ શંકા વ્યક્ત કરતા પોલીસે તેમનો દફનાવેલો મૃતદેહ બહાર કાઢી તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગતો અનુસાર ભુજના ભીડગેટ પાસે રહેનારા સકીનાબાઈ નામના વૃદ્ધાએ પોલીસ સમક્ષ રજૂઆત કરી હતી કે, તેમના રિક્ષા ચાલક એવા પુત્ર અબ્દુલાનું સપ્તાહ અગાઉ મોત થયું હતું. પરિવારે હાર્ટ એટેકથી મોત થયાનું કહી ગુપચુપ રીતે અંતિમવિધિ કરી નાખી હતી. હકીકતમાં મૃતકની પુત્રની પત્ની, તેના દીકરા એટલે પૌત્ર અને તેની પત્ની પૌત્રવધૂએ લાઈટ બિલ ભરવા બાબતે તકરાર થયા બાદ ભેગા મળી, ઢોરમાર મારીને હત્યા નિપજાવી છે તેવો આક્ષેપ કર્યો હતો. એ ડિવિઝન પોલીસે અરજીની ગંભીરતા સમજી પ્રોટોકોલ પ્રમાણે દફન કરાયેલો દેહ બહાર કાઢી જામનગર ફોરેન્સીક પીએમ માટે મોકલાવ્યો છે.

બુધવારે સવારે આલાવારા કબ્રસ્તાન ખાતે પ્રાંત અધિકારી, મામલતદાર, એ-ડિવિઝન પોલીસ સહિતના હાજર રહ્યા હતા. પરિવારજનોની હાજરીમાં પ્રોટોકોલ સાથે દેહ બહાર કાઢી પીએમ માટે મોકલવામાં આવ્યો છે. જામનગરથી અભિપ્રાય આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ તપાસકર્તાએ જણાવ્યું હતું.

# શ્રાવણમાં સોમનાથમાં ભજન, ભોજન, ભક્તિનો 30 દિવસીય મહોત્સવ યોજાશે

**સોમનાથ**

શ્રાવણનો પ્રારંભ પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધીદેવ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ રુપી ૩૦ દિવસીય શીવોત્સવનો પ્રારંભ શુક્રવારથી થઈ ગયો છે અને પૂર્ણાહુતી તા.૨૩/૦૮/૨૦૨૫ શ્રાવણ વદ અમાસના રોજ થશે. ત્યારે સોમનાથ ભજન, ભોજન અને ભક્તિનું સંગમ કેન્દ્ર બનશે. દેશ વિદેશના શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શન કરી ભોળાનાથ શિવજીના જાપમાં લીન થશે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક શ્રદ્ધાળુને પ્રેમ પૂર્ણ આતિથ્ય મળે તેના માટે બહુસ્તરીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. શ્રાવણમાં ભક્તો ચાર સોમવાર, અગીયારસ, રક્ષાબંધન, સાતમ-આઠમ, જન્માષ્ટમી, માસિક શિવરાત્રિ, અમાસ સહિતના દિવસોમાં આવનાર માનવ મહેરામણ ના સ્વાગત માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. યાત્રી સુવિધાઓ- પૂજન તેમજ આરાધ્ય દેવ સોમનાથ મહાદેવના દર્શન જન-જનને સુંદર રીતે થાય તેવુ આગવુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રતિ વર્ષ શ્રાવણ માસ દરમિયાન ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શને પધારતા હોય છે. દર વર્ષે યાત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ જોઈને આ વર્ષે ભૂતકાળના શ્રાવણ કરતા વધુ શ્રદ્ધાળુઓ મહાદેવના દર્શને પધારવાનો અંદાજો લગાવાઈ રહ્યો છે.

# સગીરાનું અપહરણ કરી યાતના આપનારા યુગલને 20 વર્ષની જેલ

**ભુજ**

અંજાર સેશન્સ કોર્ટે આ આરોપી યુગલને તાત્કાલિક શોધી સજા ભોગવવા માટે પકડીને જેલહવાલે કરવા નિર્દેશ આપ્યો છે.

આ અપહરણ, દુષ્કર્મનો બનાવ ૧૭-૧૧-૨૦૧૯ની સાંજે બન્યો હતો, જેમાં ૧૩ વર્ષની બાળા પડોશમાં રહેતા નંદુ ભુવન ભીલ (ઉ.વ. ૩૫) અને તેની પત્ની નીતુ ઉર્ફે સુધાના ઘેર રમવા જતી હતી. બન્ને બાળા પાસે ખેતરમાં કામ કરાવતા હતા. ગુસ્સાવાળા સ્વભાવની નીતુ બાળાને અંગારાના ડામ દેતી રહેતી હતી અને પતિ નંદુ બાળાનું શારીરિક શોષણ કરતો રહેતો હતો. ફરિયાદ પક્ષે ૯૪ સાક્ષી અને ૨૮ દસ્તાવેજી આધાર-પુરાવા રજૂ કર્યા હતા. આ કેસમાં અંજારના બીજા અધિક સેશન્સ જજ કે.કે. શુક્લએ દંપતીને ઇન્ડિયન પીનલ કોડ અને પોક્સો એક્ટની તમામ કલમો તળે દોષી ઠેરવી બંનેને ૨૦ ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી કુલ ૨૮ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ભોગ બનનાર બાળાને બે લાખનું વળતર આપવા હુકમ કરી નાસતાં ફરતાં યુગલને ઝડપીને સજાનો અમલ કરાવવા પોલીસને નિર્દેશ આપવામાં આવ્યા છે.

# રાજુલામાં બોગસ દસ્તાવેજ કૌભાંડ, 7ને સજા

## હેન્ડ રાઈટિંગ, ફિંગર પ્રિન્ટ, એફએસએલનો રિપોર્ટ, પુરાવાને ગ્રાહ રાખી સજાનો હુકમ

**રાજુલા**

જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી ગામે આવેલી ખેતીની જમીનનું બોગસ કુલમુખત્યારનામુ અને દસ્તાવેજો બનાવી જમીન હડપ કરવાના કેસમાં ત્રણ મહિલા સહિત સાત જણને કોર્ટે સજા, રોકડ રકમનો દંડ ફટકાર્યો છે.




નવી જીકાદ્રી ગામે રહેતા પુંજાભાઈ હાકાભાઈ વરૂની સંયુક્ત ખાતા નં.૧૭૪થી ખેતીની જમીનોનું બોગસ કુલમુખત્યારનામાનું નાવી તેના આધારે ગત તા.૩૧-૧૨-૨૦૦૯ના રોજ જમીન વેચાણનો વેચાણ દસ્તાવેજ તૈયારી કરી આરોપીઓએ કબજો જમાવી લીધો હતો. જે અંગે પુંજાભાઈ વરૂએ વર્ષ ૨૦૧૧માં પોલીસ ફરિયાદ દાખલ કરાવી હતી. જે અંગેની સુનવણી હાથ ધરાતા રાજુલાના એડીશનલ ચીફ મેજિસ્ટ્રેટ એ.એચ. ત્રિવેદીએ ફરિયાદી અને તેમના બહેનો વગેરે , સબ રજિસ્ટ્રાર, તલાટી મંત્રી, મામલતદારની જુબાની, હેન્ડ રાઈટિંગ-ફિંગર પ્રિન્ટનો રિપોર્ટ, ડોક્યુમેન્ટસ અંગેનો એફએસએલ રિપોર્ટ, અન્ય સાહેદો-પંચાની જુબાની, ૫૦ દસ્તાવેજી પુરાવા અને સરકારી વકીલ દિગ્યેશ બી. ગાંધીની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી શૈલેષ નટુભાઈ ખુમાણ, કમળાબેન નટુભાઈ ખુમાણ, નીમબેન શૈલેષભાઈ ખુમાણ, નાથાભાઈ હીરજીભાઈ સાવલિયા, વિલાસબેન ભરતભાઈ ધાખડાને ત્રણ વર્ષ સાદી કેદનીસજા, રોકડનો દંડ તેમજ નટુ ગોલણભાઈ ખુમાણ અને દેવકુ વાજસુરભાઈ ધાખડાને સાત વર્ષની કેદ, રોકડ રકમનો દંડ ફટકાર્યો હતો.



## શાહિદ કપૂરની છત્રપતિ શિવાજી મહારાજ પરની બાયોપિક અટકી

મુંબઈ : શાહિદ કપૂરની છત્રપતિ શિવાજી મહારાજ પરની બાયોપિક બંધ થઇ ગઇ છે. ફિલ્મનું બહુ વધારે પડતું બજેટ આ માટે જવાબદાર હોવાનું કહેવાય છે. ફિલ્મના દિગ્દર્શક અમિત રોયે ફિલ્મ બંદ થવા બદલ બળાપો કાઢ્યો હતો. અક્ષય કુમાર સાથે 'ઓહ માય ગોડ ટૂ' ફિલ્મ બનાવી ચૂકેલા અમિત રોયે કહ્યું હતું કે મારી પાછલી ફિલ્મે ૧૮૦ કરોડનું કલેક્શન કર્યું હતું. પરંતુ તેમ છતાં પણ અહીં મારી પ્રતિભા પર કોઈને ભરોસો નથી.

# ચાલવા માંડો તો માર્ગ આપોઆપ નીકળે : સામંથા



દક્ષિણની સફળ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ સોશિયલ મીડિયાનો કમાલનો ઉપયોગ કરી સતત લાઈમ લાઈટમાં રહે છે. સામંથા સોશિયલ મીડિયાનો માર્કેટિંગ ટૂલ તરીકે અફલાતૂન ઉપયોગ કરી જાણે છે. કોઈપણ બાબતને કેવો પ્રતિભાવ આપવો અને તેના વડે ચાહકોની નજરમાં સતત રહેવાની કળા તેણે હાંસલ કરી લીધી છે. તે સોશિયલ મીડિયા પર અવારનવાર તેની ફિલોસોફીના નમૂના પણ મુકતી રહે છે. સામંથાના અનુભવોને માણનારો એક ખાસ વર્ગ છે. સામંથાએ તાજેતરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, 'જેટલી વાર હું પરિચિત અને સલામત ક્ષેત્રની સીમાને ઓળંગું છું ત્યારે મને મારા વિશે નવું જ જાણવા મળે છે. પોતાની જાતના અજાણ્યા પાસાંથી પરિચિત થવાનું સરળ નથી, પણ જ્યારે તમે મુશ્કેલીમાં મુકાઓ છો ત્યારે જ તમને ખ્યાલ આવે છે કે તમારામાં કેવી અને કેટલી શક્તિઓ પડેલી છે.' સામંથાએ રૂમીનું એક ક્વોટ ટાંકી સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, 'તમે રસ્તા પર ચાલવાનું શરૂ કરો ત્યારે આગળનો રસ્તો પણ દેખાવા માંડે છે.' સામંથાએ તેની સ્ટાઈલમાં તેમાં ઉમેરો કર્યો છે કે, 'તમે પગલું ન ભરો તે પહેલાં સ્પષ્ટતા થતી નથી, તમે પગલું ભરો તે સાથે જ માનસિક સ્પષ્ટતાઓ થવા માંડે છે. બાકીની બધી બાબતો તો જરૂરિયાતો હોય છે. હું હવે શીખી રહું છું કે આરામ એ સરપાવ નથી, એ જરૂરિયાત છે.' અંગત કટોકટીમાંથી પસાર થયા બાદ સામંથા હાલ અંગત વિકાસના તબક્કામાંથી પસાર થઈ રહી હોવાથી તેના ચાહકોને આ વાક્યો ગમી જાય તેમાં કોઈ શંકા નથી. ટૂંકમાં સામંથા હવે એક માત્ર અભિનેત્રી જ રહી નથી, એ એક લાઈફસ્ટાઈલ આઈકન અને ઉદ્યોગનવસાહસિક પણ બની રહી છે. સામંથાને શુભેચ્છાઓની હકદાર છે, ખરું?

## પુત્રની કેરિયર ઉગારવા ભાગ્યશ્રી જાતે ફિલ્મ બનાવશે



મુંબઇ : 'મૈને પ્યાર કિયા' ફિલ્મની હિરોઈન ભાગ્યશ્રી પોતાના પુત્ર અભિમન્યુ દાસાનીની કેરિયર ઉગારવા માટે એક ફિલ્મ બનાવી રહી છે. આ ફિલ્મ ગલવાન લડાઈના એક યોદ્ધા ગુરતેજ સિંહની બાયોપિક હશે. ફિલ્મને 'ધી લાયન ઓફ ગલવાન' એવું ટાઈટલ અપાયું છે. ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬માં લદાખમાં શરૂ કરવામાં આવશે. જોકે, હજુ ફિલ્મના દિગ્દર્શક નક્કી થયા નથી. ભાગ્યશ્રી પોતાના ફિટનેસ વિડીયોના કારણે સોશિયલ મીડિયા પર બહુ પોપ્યુલર છે. પરંતુ, તેનો પુત્ર અભિમન્યુ અને દીકરી અવંતિકા સફળ થયાં નથી. અભિમન્યુએ 'મર્દ કો દર્દ નહિ હોતા' ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. તે પછી તે 'મીનાક્ષી સુંદરેશ્વર', 'નિકમ્મા' અને 'કિસી કા ભાઈ કિસી કી જાન' જેવી ફિલ્મોમાં દેખાયો હતો.

## એક્શન ફિલ્મ ગાંધારી પછી તાપસી પન્નુ કોમેડી ફિલ્મ કરશે



મુંબઈ : તાપસી પન્નુ વધુ પડતી ગંભીર ભૂમિકાઓ ભજવીને કંટાળી છે અને એટલે તેણે હવે એક હલ્કી ફુલ્કી કોમેડી ફિલ્મ સાઈન કરી હોવાનું કહેવાય છે. તાપસી હાલ તેની ફિલ્મ 'ગાંધારી'માં વ્યસ્ત છે. 'ગાંધારી' એક એક્શન ફિલ્મ છે. આ ફિલ્મમાં તાપસી પન્નુ અનેક એક્શન સીન્સ કરી રહી છે. તેના માટે તેણે ખાસ તાલીમ પણ લીધી છે. જોકે, 'ગાંધારી'નાં શૂટિંગ બાદ જ તાપસીને લાગ્યું છે કે તેને હવે કેરિયરમાં ચેન્જની જરુર છે અને એટલે તેણે એક કોમેડી ફિલ્મ સ્વીકારી છે. આ ફિલ્મનું ટાઈટલ શું હશે અને તાપસી સાથે અન્ય કયા કલાકારો કામ કરવાના છે તેની વિગતો હજુ જાહેર કરાઈ નથી. તાપસી 'ગાંધારી' પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ આ ફિલ્મનું શૂટિંગ શરુ કરશે તેવું અનુમાન છે.

## યુ ટયુબર ભુવન બામ વામિકા ગબ્બીનો હિરો બનશે





મુંબઈ : યુ ટયુબર ભુવન બામ હવે બોલીવૂડ ફિલ્મના સોલો હિરો તરીકે શરુઆત કરી રહ્યો છે. કરણ જોહરે તેને એક રોમાન્ટિક કોમેડી ફિલ્મ 'કુકુ કી કુંડલી' માં હિરો તરીકે તક આપી છે. આ ફિલ્મમાં વામિકા ગબ્બી તેની હિરોઈન હશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ હાલ લખાઈ રહી છે. શૂટિંગ મોટાભાગે આ વર્ષના અંતથી શરુ થઈ જશે. 'ગુંજન સકસેના: ધી કારગિલ ગર્લ' અને 'મિ. એન્ડ મિસિસ માહી' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કરનારા શરણ શર્માને આ ફિલ્મનું સુકાન સોંપાયું છે. ભુવન બામ અગાઉ એક ઓટીટી સીરિઝમાં રોલ કરી ચૂક્યો છે. જોકે, ફૂલફ્લેજડ હિરો તરીકે તેની આ પહેલી ફિલ્મ હશે. બીજી તરફ વામિકા ગબ્બી ન્યૂ જનરેશનની લોકપ્રિય એક્ટ્રેસ તરીકે સેટ થઈ ચૂકી છે.

## 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના 17 વર્ષ પૂર્ણ થયા



ભારતીય ટેલિવિઝનની સૌથી લાંબા સમયથી ચાલતી આવતી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'એ 17 વર્ષ પૂર્ણ કર્યા છે. આ સફળતાનો આનંદ માણવા મેકર્સે અમુક દિવસો પહેલાં એક સ્પેશિયલ પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં સ્ટારકાસ્ટ ખૂબ જ સ્ટાઈલિશ અંદાજમાં દેખાયા. જેઠાલાલથી લઈને માધવી ભાભી અને બબીતા જી પણ જોવા મળ્યા. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની સક્સેસ પાર્ટીમાં જેઠાલાલ (દિલીપ જોષી) તેની પત્ની જયમાલા જોશી સાથે પહોંચ્યા હતા. દિલીપ જોષીએ વ્હાઈટ ચેક શર્ટ પહેર્યો હતો જેમાં તે ખૂબ જ કમાલ લાગી રહ્યા હતા. સીરિયલની સફળતાની ખુશી તેમના ચહેરા પર જોઈ શકાય છે. પાર્ટીમાં એક્ટ્રેસ મુનમુન દત્તા (બબીતા જી) પણ તેની માતા સાથે પહોંચી હતી. સફેદ શર્ટ અને શૉર્ટ સ્કર્ટમાં મુનમુન ખૂબ જ સુંદર દેખાઈ રહી હતી. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની સફળતા પર ખુશ દેખાયા સીરિયલના નિર્માતા અસિત કુમાર મોદી. આ સીરિયલ છેલ્લા ચાર અઠવાડિયાથી સતત ટીઆરપી ચાર્ટમાં ટોચ પર ચાલી રહી છે. સાથે સીરિયલને 17 વર્ષ પૂર્ણ થવા પર તેમની ખુશી બમણી થઈ ગઈ છે. આ સુંદર ક્ષણે નિર્માતાએ રેડ કાર્પેટ પર કલાકારો સાથે તસવીરો ખેંચાવી હતી. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં માધવી ભીડેની ભૂમિકા ભજવનાર સોનાલીકા જોશીએ વ્હાઈટ ગાઉન પહેર્યો હતો જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. સોનાલીકા સાથે તેના રિયલ લાઈફ હસબન્ડ પણ જોવા મળ્યા. સીરિયલના વર્ષગાઠની ઉજવણીમાં રેડ કાર્પેટ પર સચિન શ્રોફ, સમય શાહ અને તનુજ મહાશબ્દે. સોનૂ ભીડેનું પાત્ર ભજવતી ખુશી માલી આ આયોજનમાં તેના શાનદાર લૂકથી







### સ્થળાંતરિત થતાં ધનકુબરોની પહેલી પસંદ બન્યું યુએઈ

# આર્થિક સ્થિરતા અને શાંતિ માટે મિલિયોનેર્સનું માઈગ્રેશન

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

દુનિયાના અનેક દેશ વચ્ચે છેલ્લાં કેટલાક સમયથી ચાલતી સંઘર્ષની સ્થિતિ, જે તે દેશમાં રાજકીય અરાજકતા તેમજ સ્થાનિક ક્ષેત્રે વેપારની નબળી સ્થિતિ ઉપરાંત આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિઓ, જિયોપોલિટિક્સની બદલાયેલી સ્થિતિને કારણે દરેક વ્યક્તિ ઉપર જોવા મળી રહી છે. ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર કરનારા અને હાઈનેટવર્થ ધરાવનારા ધનકુબેરો ઉપર વર્તમાન સ્થિતિની વધારે અસર થઈ હોય તેમ જણાઈ રહ્યું છે.

તાજેતરમાં આવેલા અહેવાલે જણાવ્યું છે કે, આ સ્થિતિને દૂર કરવા તથા વેપાર અને સ્થાયી થવા માટે યોગ્ય તક મેળવવા આવા જ ધનકુબેરો દ્વારા સ્થળાંતર થવાનું વલણ અપનાવાયું છે. તેઓ પોતાના વતન છોડીને બીજા દેશોમાં સ્થાયી થઈ રહ્યા છે. ખાસ કરીને ચીન, ભારત, બ્રિટન, રશિયા અને બ્રાઝિલ જેવા દેશોમાંથી મોટી સંખ્યામાં ધનકુબેરો વિદેશોમાં સ્થાયી થવા લાગ્યા છે. થોડા સમય પહેલાં આવેલા એક અહેવાલે જણાવ્યું હતું કે, ધનકુબેરોના દેશ છોડીને જતા રહેવાના ટ્રેન્ડમાં અને ધનકુબેરોને આવકારવાના ટ્રેન્ડમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ૨૦૨૪માં ૧,૨૮,૦૦૦ ધનિકો દેશ છોડીને જતા રહ્યા હતા. જ્યારે ૨૦૨૩માં આ આંકડો ૧.૨૨ લાખ ઉપર પહોંચ્યો હતો. આ વર્ષે ધનકુબેરોના આ આંકડો પણ ખૂબ જ મોટો થઈ રહ્યો છે. જાણકારોના મતે ૨૦૨૫માં ૧,૪૨,૦૦૦ ધનિકો વિદેશોમાં સ્થાયી થવાની ધારણા છે. હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા છેલ્લાં દાયકામાં ધનિકો દ્વારા કરવામાં આવેલા માઈગ્રેશન વિશે અભ્યાસ કરવામાં આવ્યો હતો. ૧૦ લાખ અમેરિકી ડોલરની નેટવર્થ ધરાવતા ધનિકોનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમના દ્વારા એક દાયકામાં કરવામાં આવેલા સ્થળાંતરો અને રોકાણો તથા સ્થાયી થવાના ટ્રેન્ડને અનુસરીને અને તેનું એનાલિસિસ કરીને તૈયાર કરાયેલા અહેવાલમાં નોંધાયું છે કે, માત્ર કોરોનાકાળના બે વર્ષ જ માઈગ્રેશન ઓછું થયું હતું, બાકી ૨૦૨૨થી ફરી તેમાં તેજી આવી ગઈ છે. ૨૦૧૮ અને ૨૦૧૯માં ધનિકોના માઈગ્રેશનમાં તોતિંગ વધારો થયો હતો. તે વખતે ૧ લાખ કરતા વધુ ધનિકો વિદેશોમાં સ્થાયી થયા હતા.



યુએઈ આ વખતે ધનિકોના સ્થળાંતર કરવા માટેના સૌથી ગમતા સ્થળોમાં ટોચના સ્થાને રહ્યું છે. આ વર્ષે ૯૮૦૦ ધનકુબેરો યુએઈમાં સ્થાયી થઈ ગયા છે. યુએઈ આ વખતે વિદેશી રોકાણ બાબતે પણ ખૂબ જ ડિમાન્ડમાં રહ્યું છે. યુએઈમાં જે સીધું વિદેશી રોકાણ થયું છે, તેમાંથી ૩૦ ટકા તો **MENA** દેશો દ્વારા કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય માઈગ્રેશનના જાણકારોના મતે આ વર્ષે યુએઈની સાથે સાથે અમેરિકા અને ઈટાલી જવામાં ધનિકો દ્વારા વધુ રસ દાખવવામાં આવ્યો છે. સિંગાપુર અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોમાં રોકાણના સરળ વિકલ્પો, ટેક્સનું ઓછું ભારણ અને સૌથી મોટી ઈકોનોમિક એક્ટિવિટી ફ્રિડમને કારણે આ દેશોમાં ધનિકોનું જવાનું ચલણ યથાવત્ રહ્યું છે. મહત્ત્વની વાત એ છે કે, આ વર્ષે કેનેડા કરતા અમેરિકા જવાની ડિમાન્ડ પાછી વધી ગઈ છે. આ વખતે ધનિકોના માઈગ્રેશનમાં અમેરિકા બીજા ક્રમે આવ્યું છે. અહીંયા ૭૫૦૦ ધનિકો આ વર્ષે સ્થાયી થયા છે. ઈટાલીમાં ૩૬૦૦ ધનિકો સ્થાયી થયા હતા. સ્વિટ્ઝર્લેન્ડમાં ૩૦૦૦, સાઉદીમાં ૨૪૦૦ ધનિકો દ્વારા સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જાણકારોના મતે ભારતીયોમાં વિદેશમાં સ્થાયી થવાનો જે ટ્રેન્ડ છે, તેમાં પહેલેથી મિડલ ઈસ્ટ દેશોને પ્રાધાન્ય અપાયું છે. ખાસ કરીને યુએઈ અને ત્યારબાદ સાઉદી જેવા દેશોમાં ભારતીય ધનિકોની સંખ્યા સતત વધી રહી છે. આ દેશોના ગોલ્ડન વીઝા પ્રોગ્રામ, આર્થિક સ્વતંત્રતાઓ, ટેક્સના ઓછા ભારણ, રોકાણને મોકળું મેદાન, સરળ બિઝનેસ ઈકોસિસ્ટમ, સુરક્ષા અને શાંતિ તથા શાંત રાજકીય વાતાવરણને પગલે ભારતીય ધનિકોએ આ દેશોને વધારે પ્રાથમિકતા આપી છે. ભારતમાં બદલાઈ રહેલી રાજકીય અને આર્થિક સ્થિતિઓને કારણે તથા બિઝનેસ મોડલમાં થઈ રહેલા ફેરફારો અને ભાવી પેઢીને વધારે સુરક્ષિત બનાવવા માટે ધનિકોનું મન કચવાયુ છે.

ચીન, રશિયા અને યુક્રેનમાં પણ અનિશ્ચિતતાઓના કારણે ધનિકો દેશ છોડી રહ્યા છે. યુક્રેન અને રશિયાનું યુદ્ધ શરૂ થયું તે વર્ષે રશિયામાંથી ઘણા ધનિકો દ્વારા સ્થળાંતર કરવામાં આવ્યું હતું. હવે તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત બ્રિટન પણ યુરોપમાંથી છૂટું પડ્યું, ત્યારબાદ તેની આર્થિક વિષમતાઓને પગલે ધનિકો વિદેશ જવા તત્પર બન્યા છે. આ વખતે સાઉથ કોરિયા અને બ્રાઝિલમાં પણ મિલિયોનેર માઈગ્રેશનનો ટ્રેન્ડ વધારે જોવા મળ્યો છે. સાઉથ કોરિયામાંથી ૨૪૦૦ ધનકૂબેરો, રશિયામાંથી ૧૫૦૦ અને બ્રાઝિલમાંથી ૧૨૦૦ ધનિકો દ્વારા વિદેશમાં સ્થાયી થવાનું પસંદ કરવામાં આવ્યું હતું. 2025માં અત્યાર સુધીમાં ચીનમાંથી બીજા ક્રમના સૌથી વધુ ધનિકોએ સ્થળાંતર કર્યું છે. ચીનમાંથી સ્થળાંતરિત થયેલા આવા લોકોની સંખ્યા ૭,૮૦૦ છે. ત્યારબાદ અનુક્રમે ભારત, સાઉથ કોરિયા અને રશિયાએ પણ ૩૫૦૦, ૨૪૦૦ અને ૧૫૦૦ ધનિકો ગુમાવી દીધા છે. આ અંગે એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, ચીનમાં સરકારનું વલણ અને કામગીરીના કારણે ત્યાંના ધનિકો વધારે ભયમાં રહે છે. સરકાર દ્વારા ગમે ત્યારે ધનિકોને ગાયબ કરી દેવાય છે કે પછી કેદ કરી લેવાય છે. તેના કારણે ધનિકો દ્વારા દેશ છોડીને જવાનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. ચીન છોડીને જનારા લોકો અને છોડવા માગતા લોકોનું કહેવું છે કે, અહીંયા વેપારની તક ઓછી છે. તે ઉપરાંત સરકારના સંપૂર્ણ તાબે થઈને રહેવું પડે છે. મિલિયોનેરના માઈગ્રેશનમાં ખાસ જોવા મળ્યું હતું કે, ધનિકોમાં સ્થળાંતર અને રોકાણ કરીને સ્થાયી થવા માટે ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા ઉપર વધારે પસંદગી ઉતારવામાં આવી હતી. પણ હવે ૨૦૨૪માં ટ્રેન્ડ બદલાયો છે. તે ટોચના દસ દેશોમાં દસમા ક્રમે આવી ગયું છે. આ વર્ષે અત્યાર સુધીમાં ૧૦૦૦ ધનિકો ઓસ્ટ્રેલિયામાં રોકાણ કરીને સ્થાયી થઈ ગયા છે. આ વર્ષે યુએઈ, યુએસ અને ઈટાલી બાદ સ્વિટ્ઝર્લેન્ડ ચોથા અને સાઉદી અરેબિયા પાંચમા ક્રમે છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ૩૦૦૦ જ્યારે સાઉદીમાં ૨૪૦૦ ધનિકો ઉમેરાયા છે. સાઉદી બાદ આ યાદીમાં સિંગાપુર, પોર્ટુગલ અને ગ્રીસનો ક્રમ આવે છે. તેમાં આ વર્ષે અનુક્રમે ૧૬૦૦,૧૪૦૦ અને ૧૨૦૦ ધનિકોએ રોકાણ કરીને સ્થાયી થવાનું પસંદ કર્યું હતું. અનેક પડકારો હોવા છતાં કેનેડામાં પણ આ વર્ષે ૧૦૦૦ ધનિકો પહોંચ્યા છે. કેનેડા બાદ ઓસ્ટ્રેલિયામાં પણ ૧૦૦૦ ધનિકો જ આવ્યા છે. આ વખતે હોંગકોંગ અને જાપાન જનારા ધનકૂબેરોની સંખ્યા પણ ઓછી થઈ ગઈ છે. આ વર્ષે હોંગકોંગમાં ૮૦૦ જ્યારે જાપાનમાં ૬૦૦ ધનિકો જ સ્થાયી થવા માટે આવ્યા છે. જે ધનિકો દ્વારા વિદેશોમાં સ્થાયી થવાનું શરૂ કરવામાં આવ્યું છે, તેમને જ્યારે આ અંગે સવાલો કરવામાં આવ્યા ત્યારે ખૂબ જ રસપ્રદ જવાબો મળ્યા હતા. આ ઉદ્યોગપતિઓ અને ધનકૂબેરોએ જણાવ્યું કે, તેમના દેશ કરતા વિદેશોમાં કે જ્યાં તેઓ સ્થાયી થઈ ગયા છે અને વેપાર લઈ ગયા છે તેના દ્વારા વધારે લાભ આપવામાં આવે છે. કેપિટલ ગેઈન ટેક્સ અને એસ્ટેટ ડયૂટી જેવી બાબતોને પ્રાધાન્ય અપાતું હોવાથી જ્યાં વધારે લાંબો સમય અને મોટો ફાયદો થતો હોય તેવા દેશમાં ધનકુબેરો જવાનું પસંદ કરી રહ્યા છે. આ ઉપરાંત તેમની આગામી પેઢીનું ભણતર, ક્વોલિટી ઓફ લાઈફ, કાયદાકીય રક્ષણ, વિકસવાના અવસરો, નિવૃત્તિ પછીનું જીવન, આર્તિક ભારણ, સ્વાસ્થ્ય સેવાઓ, હવામાન અને વાતાવરણ જેવી બાબતોના આધારે પણ સ્થળાંતર કરવામાં આવતુ હોવાનું ધનિકોએ સ્વીકાર્યું હતું. આ ઉપરાંત સેન્ટિમિલિયોનર્સ તરીકે ઓળખાતા નવા નવા ધનિકોમાં સેફ હેવન ૮ તરીકે ઓળખતા દેશોમાં જવાનું ચલણ વધ્યું છે. તેઓ યુએઈ, સ્વિટ્ઝર્લેનડ્, સિંગાપુર, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, માલ્ટા, મોનાકો અને મોરેશિયસ ખાતે જવાનું વધારે પસંદ કરી રહ્યા છે.

**ચાલુ વર્ષે અત્યાર સુધી દુનિયામાં 1.42 લાખ ધનિકોએ પોતાના દેશમાંથી બીજે સ્થળાંતર કર્યું છે. જેમાં બ્રિટનના સૌથી વધુ 16,500, ચીનના 7800 ધનિકોએ વતન છોડી દીધું છે, સ્થળાંતર પાછળ વેપારીની સ્થિતિ, આતંર રાષ્ટ્રીય આર્થિક પરિસ્થિતિ અને જે તે દેશમાં અંધાધૂધ રાજકારણ જેવા પરિબળો જવાબદાર**

# ઘરનો અત્યંત મહત્ત્વનો દરવાજો કેવો હોવો જોઈએ?

વાસ્તુશાસ્ત્રમાં ઘરનો મુખ્ય દરવાજો અત્યંત મહત્ત્વનો ગણાય છે. તેને `મૂળઘર' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તે માત્ર ઘરમાં પ્રવેશવાનો માર્ગ નથી, પરંતુ ઘરની અંદર સકારાત્મક ઊર્જાના પ્રવેશનું મુખ્ય બિંદુ છે. મુખ્ય દરવાજા દ્વારા જ ધન, સ્વાસ્થ્ય, સુખ અને સમૃદ્ધિ ઘરમાં પ્રવેશે છે, તેથી વાસ્તુ અનુસાર મુખ્ય દરવાજાની રચના અને દિશાનું યોગ્ય ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.



## મુખ્ય દરવાજાની દિશા

વાસ્તુ અનુસાર મુખ્ય દરવાજાની દિશા સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. ખોટી દિશા નકારાત્મક ઊર્જા અને સમસ્યાઓ લાવી શકે છે. શ્રેષ્ઠ દિશાઓ આ પ્રમાણે છે :

**પૂર્વ :** પૂર્વ દિશા સૂર્યોદયની દિશા છે અને નવી શરૂઆત, ઊર્જા અને પ્રગતિ લાવે છે. પૂર્વમુખી દરવાજો શુભ ગણાય છે.

**ઉત્તર :** ઉત્તર દિશા ધન અને સમૃદ્ધિના દેવતા કુબેરની દિશા છે. ઉત્તરમુખી દરવાજો આર્થિક લાભ અને સફળતા લાવે છે.

**ઉત્તર-પૂર્વ :** ઈશાન ખૂણો દેવતાઓનું સ્થાન છે. આ દિશામાં દરવાજો અત્યંત શુભ અને આધ્યાત્મિક વિકાસ માટે ઉત્તમ ગણાય છે.

**પશ્ચિમ :** પશ્ચિમ દિશાને પણ શુભ માનવામાં આવે છે. ખાસ કરીને જો દરવાજો પશ્ચિમ દિશાના મધ્ય ભાગમાં હોય. તે ધનલાભ ને સાંજના સૂર્યપ્રકાશનો લાભ આપે છે.

## ટાળવા જેવી દિશાઓ

**દક્ષિણ :** દક્ષિણ દિશામાં મુખ્ય દરવાજો ટાળવો, કારણ કે તેને યમની દિશા માનવામાં આવે છે અને તે નકારાત્મક ઊર્જા તથા સમસ્યાઓ લાવે છે. જો અનિવાર્ય હોય, તો તેના વાસ્તુદોષ નિવારણ માટે ઉપાયો કરવા જોઈએ.

**દક્ષિણ-પશ્ચિમ :** નૈઋત્ય ખૂણો રાહુનું સ્થાન છે અને અશુભ ગણાય છે. આ દિશામાં દરવાજો ક્યારેય ન બનાવવો.

**ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ :** આ દિશાઓના ખૂણામાં દરવાજો અશુભ ગણાય છે. જોકે, મુખ્ય દ્વાર જો વાયવ્યમાં ઉત્તર દિશા તરફ અને અગ્નિમાં પૂર્વ દિશા તરફ હોય તો વાંધો નથી.

## દરવાજાનું કદ અને સામગ્રી

**કદ :** મુખ્ય દરવાજો ઘરના અન્ય દરવાજાઓ કરતાં મોટો અને ઊંચો હોવો જોઈએ. તે ઘરના માલિકની પ્રતિષ્ઠા અને સત્તાનું પ્રતીક છે. દરવાજો ખુલ્લો અને પહોળો હોવો જોઈએ જેથી સકારાત્મક ઊર્જા સરળતાથી પ્રવેશી શકે.

**સામગ્રી :** મુખ્ય દરવાજો હંમેશાં શ્રેષ્ઠ ગુણવત્તાવાળા લાકડાં(જેમ કે, સાગ, શીશમ)નો બનેલો હોવો જોઈએ. ધાતુના દરવાજા ટાળવા જોઈએ, કારણ કે તે નકારાત્મક ઊર્જા અને અસ્થિરતા લાવી શકે છે. લાકડું સુરક્ષા, સ્થિરતા અને ગરમીનું પ્રતીક છે.

## દરવાજાની રચના અને સુશોભન

**સંખ્યા :** શક્ય હોય તો દરવાજો હંમેશાં બે પલ્લાવાળો (ડબલ ડોર) હોવો શુભ ગણાય છે.

**રંગ :** મુખ્ય દરવાજા માટે કુદરતી લાકડાનો રંગ શ્રેષ્ઠ છે. ઘેરા રંગો જેવા કે કાળો, ઘેરો ભૂરો ટાળવો, કારણ કે તે નકારાત્મકતા આકર્ષિત કરે છે. વાદળી, લીલો, પીળો જેવા હળવા અને સકારાત્મક રંગોનો ઉપયોગ કરી શકાય છે, જે દિશા અને તેના ગ્રહ સાથે સુસંગત હોય.

**સુશોભન :** દરવાજા પર સ્વસ્તિક, ઓમ, શુભ-લાભ, કળશ, ગણેશજી જેવાં શુભ ચિહ્નો લગાવી શકાય છે. આવાં પ્રતીકો સકારાત્મક ઊર્જા આકર્ષિત કરે છે અને નકારાત્મક ઊર્જાને દૂર રાખે છે.

**ઉંબરો:** મુખ્ય દરવાજા પર ઉબરો (Threshhold) હોવો અત્યંત શુભ મનાય છે. તે નકારાત્મક ઊર્જાને ઘરમાં પ્રવેશતા અટકાવે છે અને ધનને ઘરમાં રોકી રાખે છે.

**રસ્તાની સમાંતર :** મુખ્ય દરવાજો રસ્તાની સમાંતર હોવો જોઈએ, એટલે કે અંદરની તરફ ખૂલવો જોઈએ. બહારની તરફ ખૂલતો દરવાજો શુભ ગણાતો નથી.

**અવાજ રહિત :** દરવાજો ખોલતા કે બંધ કરતા સમયે કોઈ કર્કશ કે કીચૂડ અવાજ ન આવવો જોઈએ. આવા અવાજો નકારાત્મકતા સૂચવે છે. દરવાજાના હિન્જિસ (મજાગરા)ને નિયમિતપણે તેલ પાવું.

## જગ્યા અવરોધ રહિત હોવી જોઈએ

દરવાજાની સામે કે તેની આસપાસ કોઈ અવરોધ ન હોવો જોઈએ. જેમ કે, વૃક્ષ, થાંભલો, અન્ય ઘરનો દરવાજો કે પાણીનો સ્તંભ. આવા અવરોધો ઊર્જાના પ્રવાહને રોકે છે.

**પ્રકાશ :** મુખ્ય દરવાજા પર પર્યાપ્ત પ્રકાશ હોવો જોઈએ. સાંજે અને રાત્રે પણ તે પ્રકાશિત રહે તે જરૂરી છે, કારણ કે પ્રકાશ સકારાત્મક ઊર્જાને આકર્ષિત કરે છે.

**સ્વચ્છતા :** દરવાજાની આસપાસની જગ્યા હંમેશાં સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવી જોઈએ. કચરો, તૂટેલી વસ્તુઓ કે ગંદકી નકારાત્મક ઊર્જાનું નિર્માણ કરે છે.

**નેમપ્લેટ :** દરવાજા પર સુંદર અને સ્પષ્ટ નેમપ્લેટ લગાવવી શુભ છે. તે મહેમાનોનું સ્વાગત કરે છે અને ઘરના સભ્યોની ઓળખ દર્શાવે છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having
40% To 50% Down Payment,
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD

54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, execellent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaurant and Bar (closed). Year round business.
Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit

17 ROOM MOTEL – Chatham - $1.7M
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round buniness with repeat customers. Very low operating costs.

Coming up For Sale – Motels & Hotels
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

21 ROOM MOTEL– Gravenhurst - $1.7M
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed) Buyer to assum everyone staying there AS IS. 3 Acres of land, all muncipal services – opportunity for future development

Motel Jobs AND Working Partner opportunity available
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ : સંગીત સાથે ગીતોની ગૂંજ

## વતન અને કેનેડામાં મિલકત ધરાવનારાઓને કાયદેસર અને વ્યવહારિક કાળજી અંગે નાટિકા સ્વરૂપે સમજ અપાઈ








ગુરુપૂર્ણિમા નિમિત્તે જશભાઇ પટેલે બોધકથા સંભાળાવી, ભજનો ગવાયા બાદ સભ્યોની જન્મ અને લગ્નતિથિ બદલ શુભેચ્છા પાઠવાઇ

**બ્રામ્પ્ટન**

બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ ૧૩મી જુલાઈના રોજ યોજાયો હતો. પ્રાર્થના અને ભજનથી શરૂ થયેલા કાર્યક્રમમાં બપોરની સુસ્તીને ભગાડવા માટે કૌમુદીબેન ભટ્ટે હળવી કસરતો કરાવી હતી. હસમુખભાઈએ ગુરુપૂર્ણિમા નિમિત્તે સર્વે સભ્યોને શુભેચ્છાઓ પાઠવી જુલાઈ તથા ઓગસ્ટ માસમા યોજાનારી પીકનીકની માહિતી આપી હતી. વર્ષાબેન તથા અરુણભાઈએ નાટીકા સ્વરૂપે જે વડીલો તથા બાળકો વતનમા તથા કેનેડામા મિલકત ધરાવતા હોય, તેમણે કઈ કઈ કાયદેસર તથા વ્યવહારિક કાળજી રાખવી, તેની વિગતે માહિતી હતી. તે ઉપરાંત સ્વાસ્થ્યની કાળજી રાખવા માટે પણ કઈ કઈ બાબતોનુ ધ્યાન રાખવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતુ.

મોહનભાઈ લાડે પગ મને ધોવાદો રઘુરાયજીનુ ભાવપૂર્ણ ભજન ગાઈને સભ્યોને ઈશ્વરની ભક્તિમા તરબોળ કરી દીધા હતા. ગુરુપૂર્ણિમા નિમિત્તે જશભાઈ પટેલે બોધકથા કહી હતી. જેમાં વિદ્યાર્થીઓને જીવનમાં સઘળા ભોગવિલાસ હોવા છતાં દુ:ખ કેમ પડે છે, તેવા મનમાં ઉદભવેલા પ્રશ્નનુ સમજ આપી નિરાકરણ કર્યું હતુ. ત્યારબાદ જશભાઈએ ભગવાનનો ભાગની બોધ કથાથી ઈશ્વર ઉપર શ્રાદ્ધા રાખવાની શ્રાદ્ધાળુંઓની વૃત્તિ વિશે સમજ આપી હતી.

ચંચલબેન પ્રજાપતિ એ નયનો મે બદરા.. પ્રેમ દીવાની હું મેં નુ સગીતમય ગીત ગાઈને બધાને આનંદ અપાવ્યો હતો. વર્ષાબેન તથા અરુણભાઈ એ તુ કિતને બરસ કા... ગીત ની ધૂન ઉપર લયબદ્ધ નૃત્ય કર્યું હતુ. ત્યારબાદ ગુરુપૂર્ણિમા નિમિત્તે માં, શિક્ષક તથા ગુરુની મહત્તા સમજાવતું ભજન કૌમુદીબેન ભટ્ટે રજુ કર્યું હતુ. જેલીબેન મિસ્ત્રીએ પૈસાની જરૂરિયાત સમજાવતું રમુજી ગીત રજુ કરી સૌને આનંદ અપાવ્યો હતો. રમીલાબેન મૈસુરીયાએ દક્ષપ્રજાપતિએ યોજેલા સતીના લગ્નમાં ગવાયેલું લગ્ન ગીત ગાઈને લગ્નની મહત્તા સમજાવી હતી. અનિલભાઈ ભટ્ટે આદમી મુસાફિ હે.. તથા વર્ષાબેને ઠાકોરજીના હિંડોળાનું ગીત મધુર સ્વરમા ગાયું હતુ.

અરવિંદભાઈએ આપણી સમાજ રચનાને ફળીભૂત કરવા માટે બાળકો તથા માતા પિતાએ સામુહિક રીતે બજાવવાની ફ્રજો વિશે વિસ્તૃત પ્રકાશ પાડયો હતો. ત્યારબાદ અતુલભાઈ પંડયાના કંઠે ગવાયેલું ગીત રહે ના રહે હમ..રજુ થયું હતુ. મિટિંગનો મુખ્ય પ્રોગ્રામ પૂરો થતા સભ્યોના જન્મદિવસ તેમજ લગ્નતિથિ બદલ શુભેચ્છા પાઠવાઈ હતી. અંતમાં જશભાઈએ આભારવિધિ કર્યા બાદ ભોજનમાં રસ પુરી, ખમણ, ઊંધિયું, કઢી તથા ભાત પીરસવામાં આવ્યા હતા. ભોજન આપનારા મનોરથીઓ વિજયાબેન પટેલ, સુશીલાબેન પટેલ, મીનાબેન પટેલ, કોકિલાબેન પટેલ તથા જ્યોતિબેન દવેનો ક્લબ વતી હૃદય પૂર્વક આભાર માની પ્રોગ્રામની પુર્ણાહુતી કરાઈ હતી.

# શ્રાવણ મહિનામાં શિવ આરાધનાનો અનેરો મહિમા

**શ્રાવણ માસમાં સમગ્ર સૃષ્ટિમાં જળ તત્વ વિપુલ માત્રામાં હોય છે. ભગવાન શિવ ચંદ્ર (સોમ)ના આરાધ્ય દેવ હોવાને લીધે શિવજીને શ્રાવણ માસનો સોમવાર અત્યધિક પ્રિય છે. આ માસમાં જે ભક્ત શુદ્ધ જળથી અભિષેક કરે છે, તે ભવોભવના પાપથી મુક્ત થાય છે.**

“શ્રાવણ “શબ્દ કાને પડતાં જ ત્રિવેણી સંગમની ઝાંખી નજર સમક્ષ તરવરી ઉઠે છે. શ્રાવણ મહિનો એટલે શિવ, સરિતા અને લોકસંસ્કૃતિને ઉજાગર કરતો પવિત્ર માસ.

શિવ સ્તુતિમાં કહ્યું છે કે

સત સૃષ્ટિ તાંડવ રચિયતા<br>
નટરાજ રાજ નમો નમ:”<br>
હે આદ્યગુરુ શંકર પિતા<br>
નટરાજ રાજ નમો નમ:

ભગવાન શિવને વેદ પુરાણમાં આદ્ય ગુરુ કહ્યા છે. તે વિશે વિસ્તૃત જ્ઞાન મેળવીએ.

એક સમયે બ્રહ્માંડમાં બ્રહ્મા અને વિષ્ણુએ ૐ કારથી વિભુષિત સ્વયંભૂ પ્રગટેલો પાંચ કળા વાળો, આડત્રીસ અક્ષરોથી સજ્જિત મંત્ર નિહાળ્યો. એ તદપશ્ચાત રૂદ્ર ગાયત્રીમંત્ર જોયો. તેઓએ નિહાળેલ રોમાંચક કોતુહલ કશિવ સમક્ષ રજૂઆત કરી. દેવાધિદેવ મહાદેવે આ બન્ને પાસે મૃત્યુંજય મંત્ર, પંચાક્ષર મંત્ર, ચિંતામણી મંત્ર, દક્ષિણાર્મિત મંત્રનું રહસ્ય પ્રગટ કરીને વેદોનું અમૂલ્ય જ્ઞાન પ્રદાન કર્યું. આમ શ્રી હરિ વિષ્ણુએ વિશ્વકર્મા પાસે અલૌકિક શિવલિંગનું નિર્માણ કરાવીને શિવને આદ્ય ગુરુ તરીકે સ્થાપ્યા.

આમ શ્રાવણ માસમાં “શ્રવણ નક્ષત્ર યુક્ત પૂર્ણિમા” આવતી હોવાથી આ માસને “શ્રાવણ માસ” તરીકે પણ ઓળખવામાં આવે છે. માત્ર શ્રાવણ માસમાં જ શિવની આરાધના કેમ થાય છે, તેનું ગૂઢ રહસ્ય શાસ્ત્રોમાં જોઈએ. એક વેળા સમુદ્રમંથન વેળાએ નીકળેલા હળાહળ વિષને ભગવાન શિવજીએ લોક કલ્યાણ અર્થે કંઠમાં ધારણ કરી દીધું. આ વિષ પાનને લીધે તેઓનું નામ “નીલકંઠ” તરીકે જગ પ્રસિદ્ધ થયું.. હળાહળ વિષની અસરને લીધે, તેમને દાહ (ગરમી) થયો. જેને લીધે તેઓએ જટામાં ગંગાજીને અને ભાલ (મસ્તક) પર ચંદ્રને ધારણ કર્યા. કેમ કે, આ બેઉની ગણના સોમતત્વ તરીકે થાય છે.

આ માસમાં સમગ્ર સૃષ્ટિમાં જળ તત્વ વિપુલ માત્રામાં હોય છે. ભગવાન શિવ ચંદ્ર (સોમ)ના આરાધ્ય દેવ હોવાને લીધે શિવજીને શ્રાવણ માસનો સોમવાર અત્યધિક પ્રિય છે. આ માસમાં જે ભક્ત શુદ્ધ જળથી અભિષેક કરે છે, તે ભવોભવના પાપથી મુક્ત થાય છે.



શિવાલયમાં પ્રવેશ કરીએ ત્યારે મનમાં “ૐ નમ: શિવાય “નો પંચાક્ષરી મંત્રનું અહર્નિશ રટણ ચાલુ રાખવું જોઈએ. આ ઉપરાંત અભિષેક કરતી વેળાએ ઉપરોક્ત મંત્રનો અને “ૐ ગં ગણપતયે નમ:” તેમજ મહા મૃત્યુંજય મંત્રનો જાપ સતત કરવાથી મૃત્યુનો ભય સતાવતો નથી. આ મંત્રના રચયિતા માર્કન્ડેય ઋષિ છે. તેઓએ આ મંત્રનો જાપ કરીને અમરત્વ પ્રાપ્ત કર્યું હતું. મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાના કારણે આ મંત્રને “મહામૃત્યુંજય મંત્ર “કહેવામાં આવે છે.

ૐ त्र्यम्बकं यजामहे<br>
सुगन्धिं पुष्टिवर्धनम्|<br>
उर्वारुकमिव<br>
बन्धनान्मृत्योर्मुक्षीय<br>
माऽमृतात् ||

ચાલો દેવાધિદેવ મહાદેવના દર્શન કરીને તેમના અલંકૃત પાવન પ્રતીકો વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરીએ.

**૧. શિવની જટા :-** શિવ અંતરિક્ષના દેવ હોવાથી સમગ્ર આકાશ તેમની જટા છે કે જે સમગ્ર વાયુમંડળનું પ્રતિનિધિત્વ કરે છે.

**૨. સોમ(ચંદ્ર):-** ચંદ્ર શિવના ભોળા મનનું પ્રતીક માનવામાં આવતું હોવાથી ભોળાનાથનો વિવેક નિરંતર જાગૃત રહે છે.

**૩. લોચન(નેત્ર) :-** સત્વ, રજ અને તમ આ ત્રિલોચન સ્વર્ગલોક, મૃત્યુ લોક તેમજ પાતાળલોકના પ્રતીકો માનવામાં આવે છે.

**૪. સર્પ:** વિષધર સર્પ પણ મહાકાળની આજ્ઞાને અધિન છે.

**૫. ત્રિશૂળ:-** ત્રિશૂળ સૃષ્ટિના માનવોમાં ભૌતિક, દૈવિક તેમજ આધ્યાત્મિક એમ ત્રિવિધ પાપોનું સંહારક મનાય છે.

**૬. ડમરુ:-** ડમરુને નાદ બ્રહ્મનું પ્રતિક ગણાય છે.

**૭. વ્યાઘ્ર ચર્મ:-** વાઘ હિંસક અને અહંકાર વૃત્તિનું પ્રતીક હોવાથી હિંસા અને અહંકારને ભોળાનાથે પગ તળે દાબીને રાખ્યો છે.

**૮. નંદી (વૃષભ):-** વૃષભ એટલે ધર્મ. તેના ચાર પગ એ વાતનું જ્ઞાન આપે છે કે શિવના હાથમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

શિવ પુરાણમાં કહ્યું છે કે જે ભક્ત શ્રાવણ માસમાં પંચામૃત વડે મારું પૂજન કરશે, તેની સઘળી મનોકામના પૂર્ણ થશે ને શિવલોકમાં ચિરકાળ સુધી નિવાસ કરશે.

મારા આ લેખની સમાપ્તિ શિવના ગુણગાનથી કરીશ.

“દેવોમાં તું મહાદેવ તારો<br>
મહિમા અપરંપાર;<br>
ભવ્ય ભાલ પર ચંદ્ર<br>
જટાદિક વહે ગંગની ધાર..<br>
મહિમા અપરંપાર<br>
, શંભુ તારો મહિમા અપરંપાર...

**ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**

# ભાજપીઓ ગરીબોના પૈસા લૂંટી મહેલો બનાવી રહ્યા છે : કેજરીવાલ

## પશુપાલકો પર લાઠીચાર્જ બાદ કેજરીવાલ અને ભગવંત માનનો ગુજરાત પ્રવાસ: ભાજપ પર આકરા પ્રહારો

**મોડાસા**

આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. આજે મોડાસામાં આયોજિત 'ખેડૂત પશુપાલક મહાપંચાયત' માં અરવિંદ કેજરીવાલ, ભગવંત માન, ઈશુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, જામ જોધપુરના ધારાસભ્ય હેમંત ખવા, રાજુભાઈ સોલંકી, સાગર રબારી સહિતના AAP નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આપના નેતાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા અને ખેડૂતો તથા પશુપાલકોના મુદ્દે સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપના લોકો ગરીબ ખેડૂતોના હકના પૈસા લૂંટીને મોટા મોટા મહેલો બનાવી રહ્યા છે.

30 વર્ષ શાસન કર્યા પછી ગુજરાતમાં ભાજપનો અહંકાર અને ભ્રષ્ટાચાર ચરમ પર છે. ગુજરાતમાં દૂધના ભાવના યોગ્ય ભાવ માંગી રહેલા ખેડૂતો-પશુપાલકોના પ્રદર્શન પર ભાજપ સરકારે લાઠીચાર્જ કરાવ્યો જેમાં એક ખેડૂતનું મોત થયું. 14 જુલાઈએ અશોક ચૌધરીનું દુઃખદ અવસાન થયું છતાં આ ભ્રષ્ટ સરકારે તમને તમારા હક ન આપ્યા. આ ભ્રષ્ટાચારીઓએ અશોકભાઈના પરિવારને વળતર તરીકે એક પણ પૈસો ન આપ્યો.

જ્યારે આ લોકોને ખબર પડી કે અમે આવીએ છીએ એટલે બોનસ આપવાનું ખોટું એલાન કર્યું. પશુપાલકોને પોતાનો હક મળ્યો નથી અને એ હક માંગવા તેઓ ગયા હતા, પણ તેમ છતાં તેમને તેમનો હક મળ્યો નહીં.

### ચૈતર વસાવાની મુશ્કેલી વધી, હજુ 15 દિવસ જેલમાં રહેવું પડશે: જામીન અરજી પર સુનાવણી લંબાવાઈ

દેડીયાપાડા : દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પર ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા સાથે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ મામલે ફરિયાદ બાદ ચૈતર વસાવાની 5 જુલાઈએ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી તે જેલમાં બંધ છે. જોકે, હવે ચૈતરની મુશ્કેલીમાં વધારો થયો છે. કારણ કે, હાઇકોર્ટમાં પણ ચૈતરની જામીન અરજીની સુનાવણી 5 ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવી છે. નોંધનીય છે કે, આ પહેલાં નીચલી કોર્ટ અને સેસન્સ કોર્ટે ચૈતર વસાવાની જામીન અરજી ફગાવી દીધી હતી.

# સરકારને ડહાપણ સૂઝ્યું, પુલોની ગુણવત્તા તપાસવા ઈન્વેસ્ટિગેશન યુનિટ કાર્યરત

**વડોદરા**

ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સરકાર સફાળી જાગી છે. રાજ્યના બધાય પુલોની ચકાસણી કરીને સમારકામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે જામનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લામાં આવેલા વિવિધ પુલોની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ મહત્ત્વપૂર્ણ કામગીરી માટે મોબાઈલ બ્રિજ ઈન્વેસ્ટિગેશન યુનિટને કામે લગાડવામાં આવ્યું છે, જે પુલોની મજબૂતાઈ અને સ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યું છે.

આ અંગે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર વિજય ગોસ્વામીએ જણાવ્યું કે ચોમાસાની સંભવિત પરિસ્થિતિ અને સતત વધતા જતા વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને પુલોની સુરક્ષા સુનિશ્ચિત કરવી અનિવાર્ય બની છે. આથી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા પુલોના બાંધકામની ગુણવત્તા, ખાસ કરીને જળ સપાટીની નીચેના ભાગોની મજબૂતાઈ અને સ્થિતિ જાણવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ તપાસ અભિયાનમાં આધુનિક ઉપકરણો અને મશીનરીનો ઉપયોગ થઈ રહ્યો છે.

# AAPની ઉગ્ર આંદોલનની ચીમકી સામે મનસુખ વસાવાએ કહ્યું, ઈંટનો જવાબ પથ્થરથી આપીશ

**દેડિયાપાડા**

આમ આદમી પાર્ટી (AAP) ના ઉપપ્રમુખ દેવેન્દ્ર વસાવાએ AAP ધારાસભ્ય ચૈતર વસાવાને સાત દિવસમાં મુક્ત કરવાની માગ કરી છે. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો ચૈતર વસાવાને જામીન નહીં મળે તો AAP કાર્યકરો જેલનો ઘેરાવો કરશે અને ઉગ્ર આંદોલન કરશે.

દેવેન્દ્ર વસાવાએ ભાજપ સરકાર, ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર અને તંત્રને ચેતવણી આડકતરી રીતે ચેતવણી આપતાં કહ્યું હતું કે 'શાનમાં સમજવું હોય તો અત્યારે પણ ટાઈમ છે. ચૈતરભાઈને દિન 7 માં છોડવા પડશે, નહીંતર ઉગ્ર આંદોલન કરીશું. આદિવાસી સમાજનો પરચો જોવા માટે તૈયારી રાખજો. જેલથી માંડીને કલેક્ટર સુધી ઘેરાવો કરીને અને અમારો પાવર બતાવીશું. નર્મદાની જ્યુડિશિયલ અને સેશન્સ કોર્ટે ચૈતર વસાવાના જામીન નામંજૂર કર્યા બાદ તેઓ હાઈકોર્ટના શરણે ગયા હતા. AAP કાર્યકરોએ ચૈતર વસાવાના જામીન નામંજૂર થવા પાછળ ભાજપ અને સાંસદ મનસુખ વસાવાને જવાબદાર ઠેરવ્યા છે. બીજી તરફ, ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ ચૈતર વસાવાના સમર્થકોને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, 'કોર્ટે ચૈતર વસાવાના જામીન રદ કર્યા છે. તેમાં મારો કે ભાજપનો કોઈ રોલ નથી.' મનસુખ વસાવાએ આક્ષેપબાજી કર્યા વગર કાનૂની લડાઈ લડવાની સલાહ આપતા જણાવ્યું હતું કે, 'કોઈના ઉપર આક્ષેપબાજી કર્યા વગર કાનૂની લડાઈ લડો. આક્ષેપ મૂકી અમને ખોટા સાબિત કરવાના પ્રયાસ ના કરશો. હું કોઈની સાથે દુશ્મનાવટ બાંધવામાં માનતો નથી.'

# ગુજરાતમાં ભ્રષ્ટાચારના ખાડાએ ૧5નો ભોગ લીધો, કરોડોનું આંધણ, ઈજારદારોને લીલાલહેર

**અમદાવાદ**

ચોમાસામાં વરસાદી પાણીમાં રસ્તા ધોવાયા છે. ઠેર ઠેર ખાડા પડતાં વરસાદે સરકારની પોલ ઉઘાડી પડી છે. ગુજરાતભરમાં સરકાર વિરુદ્ધ જાણે જનઆક્રોશ ભભૂક્યો છે કેમકે, ખાડા પણ જીવલેણ સાબિત ઠર્યા છે. પાટણમાં વરસાદી પાણીથી પડેલા ખાડામાં પટકાતાં એક સાઈકલ ચાલકનું મોત થયું છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના મતે, ગુજરાતમાં ખાડાના કારણે ૧5થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. હવે સરકારને ખાડા પુરવાનું સુઝ્યું છે.

આ વખતે વરસાદને લીધે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા બિસ્માર બન્યા છે. ખાડા પડતાં વાહનચાલકો હાલાકી ભોગવી રહ્યા છે. ખાડાવાળા રસ્તાઓએ જ માર્ગ મકાન વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારનો પુરાવો છતો કર્યો છે. મળતિયા કોન્ટ્રાકટરો અને ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતને પગલે રસ્તાનું નબળુ બાંધકામ થઈ રહ્યું છે. ગાંધીનગરમાં એસી ચેમ્બરમાં બેઠેલા અધિકારીઓના આશીર્વાદથી ટેન્ડરોમાં મોટાપાયે ખાયકી થઈ રહી છે જેના કારણે રસ્તા એક જ વરસાદમાં ધોવાઈ રહ્યા છે. આ તરફ સરકારે જ મોટાઉપાડે જાહેરાત કરી હતી કે, શહેરોમાં રસ્તાના સમારકામ માટે રૂ. 167 કરોડની ફાળવણી કરવામાં આવી છે. કરોડો રૂપિયાના ખર્ચ પછીય આજેય શહેરોમાં રસ્તા ઉબડ-ખાબડ રહ્યા છે.

પાટણમાં જૂનાગંજ બજાર નજીક એક સાયકલ ચાલક વરસાદી પાણીથી ભરાયેલા ખાડામાં ખાબક્યો હતો જેના કારણે તેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. આ મુદ્દે ધારાસભ્ય કીરીટ પટેલે મુખ્યમંત્રીને પત્ર લખીને ગરીબ પરિવારને આર્થિક મદદ કરવા ગુહાર લગાવી છે.

# મુંબઈથી અમદાવાદના બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટનું કામ ૨૦૨૯ સુધીમાં પુરૂ થશે

### કોરિડોરમાં 12 સ્ટેશન બનાવવાની યોજના

**નવી દિલ્હી**

વાપી અને સાબરમતી વચ્ચેના બુલેટ ટ્રેન કોરિડોરના ગુજરાતના ભાગનું કામ ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની યોજના છે અને મહારાષ્ટ્રથી સાબરમતી સેક્શન સુધીનો સમગ્ર પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, એમ લોકસભામાં રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે લેખિત જવાબમાં જણાવ્યું હતું.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ (૫૦૮ કિમી) જાપાનની તકનીકી અને નાણાકીય સહાયથી અમલમાં મુકવામાં આવી રહ્યો છે.

ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા અને નગર હવેલીમાંથી પસાર થાય છે અને મુંબઈ, થાણે, વિરાર, બોઈસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી ખાતે ૧૨ સ્ટેશન બનાવવાની યોજના છે. આ ખૂબ જ જટિલ અને ટેકનોલોજી સઘન પ્રોજેક્ટ હોવાથી, તેની ચોક્કસ સ્પર્ધા સમયરેખા સિવિલ સ્ટ્રક્ચર્સ, ટ્રેક, વગેરે તમામ સંકળાયેલા કાર્યો પૂર્ણ થયા પછી વાજબી રીતે નક્કી કરી શકાય છે, એમ જણાવ્યું હતું.

# GCMMFને મળ્યા નવા ચેરમેન: અશોક ચૌધરી આગામી અઢી વર્ષ માટે સુકાન સંભાળશે

**અમદાવાદ**

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનને (GCMMF) આજે નવા ચેરમેન અને વાઈસ ચેરમેન મળ્યા છે. દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીની GCMMF ના નવા ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. જ્યારે વાઈસ ચેરમેન તરીકે રાજકોટની ગોપાલ ડેરીના ગોરધન ધામેલિયાની પસંદગી કરવામાં આવી છે. તેઓ આગામી અઢી વર્ષ માટે આ પદ સંભાળશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી થોડા સમય પહેલાં જ મુખ્યમંત્રીને મળ્યા હતા અને ત્યારબાદ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી ડેરીનું નેતૃત્વ સોપવાનો નિર્ણય લીધો છે.

# ગુજરાતમાં આત્મહત્યાના કેસમાં ધરખમ વધારો

## 3 વર્ષમાં 25,478 લોકોએ જીવન સંકેલ્યું : બેરોજગારી, આર્થિક સંકડામણ મુખ્ય પરિબળ

**અમદાવાદ**

રોજગારી મુદ્દે અન્ય રાજ્યોની હરોળમાં ગુજરાત અગ્રેસર રહ્યુ છે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે ત્યારે બીજી તરફ, કારમી મોઘવારીમાં જીવનનિર્વાહ કરવું મુશ્કેલ બન્યું છે. છેલ્લાં બે વર્ષમાં 42 પરિવારોએ સામૂહિક આત્મહત્યા કરી છે.

રવિવારે અમદાવાદ નજીક બગોદરામાં એક પરિવારે ઝેરી દવા પીને સામૂહિક આત્મહત્યા કરી હતી. વિકાસની દુહાઈ દેવામાં આવી રહી છે ત્યારે ગુજરાતમાં બેરોજગારીની સમસ્યા દિને દિને વકરી રહી છે. મોઘવારીએ માઝા મૂકી છે ત્યારે પરિવારનું જીવન નિર્વાહ કરવું એ



પડકારજનક બન્યું છે. સામાજિક અસુરક્ષાનો ડર સતાવી રહ્યો છે ત્યારે લોકો ના છુટકે દેવું કરવા મજબૂર બન્યા છે. વ્યાજના ચક્કરમાં ફસાઈ લોકો આખરે જીવન ટૂંકાવી રહ્યાં છે.

રોજનું કમાઈને રોજનું ખાનારાઓની દશા વધુ દયનીય બની છે. ઓછી આવક સામે વધુ ખર્ચ થઈ રહ્યો છે. આ કારણોસર ખેતમજૂરો, રોજમદારો, લારી-પાથરણાં વાળા, ફેરિયા, શ્રમિકો વધુ આત્મહત્યા કરી રહ્યાં છે. છેલ્લાં છ વર્ષમાં જ 16,862 રોજમદારોએ આત્મહત્યા કરી છે. ખેતમજૂરો, રોજમદારો, લારી-પાથરણાં વાળા, ફેરિયા, શ્રમિકોની આત્મહત્યાના કિસ્સામાં 50.44%નો વધારો થયો છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના મતે, પ્રગતિશીલ ગુજરાતમાં છેલ્લા ત્રણેક વર્ષમાં જ 25,478 લોકોએ આત્મહત્યા કરી છે જ્યારે બે વર્ષમાં 42 પરિવારોએ સામૂહિક આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યુ છે. ગુજરાતમાં પ્રત્યેક બાળક રૂ.46,384ના દેવા સાથે જન્મે છે જ્યારે દરેક ખેડૂતના માથે રૂ.90,000નું દેવું છે.

# ગુજરાત ATSને સફળતા : અલકાયદા ઈન્ડિયાના 4 આતંકવાદી ઝડપી પાડ્યાં

**અમદાવાદ**

ગુજરાત એટીએસએ અલકાઇદા ઈન્ડિયાના 4 આતંકીઓને ઝડપી પાડ્યા હતા. આ આતંકીઓને દિલ્હી, યુપી અને અરવલ્લીથી ગુજરાત એટીએસની ટીમે ઝડપ્યાં હતાં. આ ચારેય આતંકીઓ સોશિયલ મીડિયાથી લોકોને ગ્રુપમાં જોડતા હતા. સોશિયલ પ્લેટફોર્મ પરથી ગુજરાત એટીએસની ટીમને ચેટ મળી હતી. ત્યારથી જ આ આતંકીઓ રડાર પર હતા અને તેમને ઝડપવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. આ ચાર પૈકી ત્રણ ગુજરાતના અને એક ગુજરાત બહારનો હોવાનું બહારની હોવાનું જાણવા મળ્યું હતું. અલકાઇદાના આતંકવાદી મોડલ સાથે આ ચારેય જોડાયેલા હતા. તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને કેટલીક સસ્પેક્ટ એપ્લિકેશન દ્વારા અલકાઈદાની વિચારધારા સાથે જોડાઈને એને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હોવાનું જાણવા મળ્યું હતું. આ ચારેય વ્યક્તિને હાલ ગુજરાત એટીએસ ધરપકડ કરીને તેમની સઘન પૂછપરછ કરી રહી છે.

ગુજરાત એટીએસના અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે આ ચારેય છેલ્લા ઘણા સમયથી અલકાઈદાના મોડલથી કનેક્ટ હતા. તેઓ સોશિયલ મીડિયા અને અલગ અલગ પ્લેટફોર્મથી અલકાઈદાના સંપર્કમાં આવ્યા હતા. તેઓ કેટલાંક ગ્રુપમાં પણ સક્રિય હતા. તેઓ આતંકવાદી વિચારધારાની આપ-લેની સાથે કટ્ટર માનસિકતા ધરાવતા હતા. સમગ્ર બાબતે એટીએસની સર્વેલન્સ ટીમે સ્કેન કરતા એમાં ચાર વ્યક્તિ સતત સક્રિય હતી અને ગુજરાતની હિલચાલ વિશે પણ ચર્ચા કરતી હતી. એ સંદર્ભે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

# સ્પોર્ટ્સ એડવેન્ચર માટે કાયદો આવશે ગુજરાતમાં ટુરિઝમને લાભની આશા

**ગાંધીનગર**

રાજ્યના વિવિધ સ્થળોએ હાલ સ્પોર્ટ્સ એડવેન્ચર એક્ટિવિટી થઈ રહી છે. આ સ્થળોએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા અને પ્રવાસનને વેગ આપવા રાજ્ય સરકાર એક નવું બિલ લાવવાનું વિચારી રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ પ્રસ્તાવિત બિલ આવતા મહિને ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન રજૂ થાય તેવી શક્યતા છે. આ બિલ તમામ સાહસિક રમતગમતના સંચાલકો માટે કડક નોંધણી આવશ્યકતાઓને ફરજિયાત બનાવશે. સર્વિસ પ્રોવાઈડરકને જરૂરી લાયસન્સ મેળવવા, યોગ્ય દસ્તાવેજો જાળવવા અને તેમના સાધનો નિર્ધારિત સલામતી ધોરણોને પૂર્ણ કરે છે તેની ખાતરી કરવી પડશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ કામગીરીની દેખરેખ માટે એક રેગ્યુલેટરી ઓથોરિટીની પણ નિમણૂક કરવામાં આવશે.

સૂત્રો અનુસાર, રેગ્યુલેટરી ઓથોરિટી સ્પોર્ટ્સ એડવેન્ચરના સંચાલકોને પરમિટ અને લાયસન્સ આપવા, સાધનો અને સુવિધાઓનું નિયમિત નિરીક્ષણ કરવા, સ્પોર્ટ્સ એડવેન્ચરના સ્થળોને પ્રમાણિત કરવા, સેફટી પ્રોટોકોલનું નિરીક્ષણ અને સમયાંતરે ઓડિટ, અકસ્માતો અથવા સલામતી ભંગની તપાસ કરવા માટે જવાબદાર રહેશે.

# હાઈ કોર્ટનો આદેશ : 'VIP' ગાડીઓ ટ્રાફિક નિયમો તોડે તો છોડશો નહીં!

**અમદાવાદ**

ગુજરાત હાઈ કોર્ટમાં ખરાબ રસ્તા, ટ્રાફિક સમસ્યા અને રખડતા ઢોરની સમસ્યાઓ અંગે કન્ટેમ્પ્ટ અરજી (કોર્ટના તિરસ્કાર કરવા અંગે) ઉપર સુનાવણી ચાલી રહી છે, જેમાં ગત સુનાવણીમાં હાઇ કોર્ટે ઓથોરિટીને રોંગ સાઇડ આવતા વાહનચાલકો ઉપર પગલા લેવા હુકમ કર્યો હતો. ત્યારથી રોંગ સાઇડ આવતા વાહન ચાલકો સામે પગલાં લેવા અમદાવાદ પોલીસ ડ્રાઇવ યોજી રહી છે. જોકે, મીડિયા અહેવાલથી કોર્ટના ધ્યાનમાં આવ્યું હતું કે હાઇ કોર્ટ અને ઉચ્ચ અધિકારીઓની ગાડી ટ્રાફિક નિયમોનો ભંગ કરે તો છોડી દેવામાં આવે છે. આ બાબતને લઈ હાઈ કોર્ટના જજે ગંભીરતાથી લેતા કહ્યું હતું કે, હાઈ કોર્ટના કર્મચારી આવું કરે તો પણ ચલાવી લેશો નહીં. હાઈ કોર્ટના કર્મચારીઓ પણ કાયદાથી ઉપર નથી અને નિયમોનો ભંગ થાય તો પગલા ભરતા ખચકાશો નહીં, એમ કોર્ટે જણાવ્યું હતું.

ગુજરાત હાઇ કોર્ટ લખેલી ગાડી રોંગ સાઇડ આવતા એક ઈલેક્ટ્રોનિક મીડિયાના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેમાં હાઇ કોર્ટે કહ્યું હતું કે ગાડીના ડ્રાઈવર બેદરકાર હતા.

# ગુજરાતમાં કિડનીના દર્દી વધ્યાં : ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનરની રાહ જોતા 2230 નાગરિકો

**બેઠાડુ જીવન, સ્ટ્રેસ, વધુ પડતી પેઇનકિલર લેવાથી યુવાનોમાં પણ કિડનીની સમસ્યા વધી**

**અમદાવાદ**

ગુજરાતમાં કિડનીની સમસ્યા ધરાવતા દર્દીઓ સતત વધી રહ્યા છે. હાલ ગુજરાતમાં 2230 જેટલા દર્દીઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનરની રાહ જોઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે હાલ ડોનરની રાહ જોઈ રહેલા દર્દીઓમાંથી અનેક યુવા વયના પણ છે. બદલાતી જતી જીવનશૈલીના કારણે યુવાનોમાં કિડનીની બીમારીમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

પહેલા મોટી ઉંમરના લોકોની કિડની નિષ્ફળ જતી જોવા મળતી હતી, પરંતુ હવે યુવાનોમાં પણ બીમારીમાં વધારો જોવા મળી રહ્યો છે. સિવિલ મેડિસિટીમાં આવેલી કિડની હોસ્પિટલમાં ત્રણ વર્ષમાં 1046 દર્દીઓની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જેમાંથી 763 દર્દીઓની ઉંમર 40 વર્ષ કરતાં ઓછી છે.

આ આંકડા પ્રમાણે આ સમયગાળામાં થયેલા કુલ કિડની ટ્રાન્સપ્લાન્ટમાં યુવાનોમાં કિડની ટ્રાન્સપ્લાન્ટનું પ્રમાણ 70 કરતા વધુ છે. યુવાનોમાં કિડની ફેલ્યોર વધવાનું સૌથી મોટું કારણ યુવાનોની લાઈફસ્ટાઈલ છે, કારણ કે જીવનશૈલી શરીરનાં તમામ અંગો ઉપર ગંભીર અસરો કરે છે. એમાં કિડની એ શરીરનું અમૂલ્ય અંગ છે, આથી લાઈફસ્ટાઈલ અને યુવાનોમાં વધતા જતા સ્ટ્રેસ લેવલની અસર કિડની પર પડે છે.

# મોરબીની શાળામાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે મારામારી

**પરીક્ષામાં ગેરહાજર રહેવા અંગે ઠપકો અપાતા મામલો બિચક્યો**

મોરબી : મોરબી નજીકના મહેન્દ્રનગર ગામમાં આવેલી તક્ષશિલા વિદ્યાલયમાં ચાલુ વર્ગમાં શિક્ષક અને ધોરણ ૧૨ના વિદ્યાર્થી વચ્ચે મારામારી થઈ હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. આ ઘટના શાળાના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ગત ૧૭ જુલાઈએ ધો-૧૨માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી શાળાએ ગયો હતો. શાળાના શિક્ષક અને વાઈસ પ્રિન્સિપાલ દિનેશ ગોસાઈએ વિદ્યાર્થીને બે દિવસ પહેલાં ઈકોનોમિક્સના ટેસ્ટમાં ગેરહાજર રહેવા બાબતે પૂછ્યું હતું. વિદ્યાર્થીએ પોતાની તબિયત સારી ન હોવાનું જણાવ્યું હતું. જોકે, વાલી તરફથી જાણ કેમ ન કરવામાં આવી તેવું પૂછતાં વિદ્યાર્થીએ આપેલા જવાબથી શિક્ષક ઉશ્કેરાઈ ગયા હતા અને વિદ્યાર્થીને બેન્ચ પરથી ઊભો કરીને થપ્પડ મારી હતી. ત્યારબાદ વિદ્યાર્થીએ પણ ગુસ્સો ગુમાવી શિક્ષક પર હાથ ઉપાડયો હતો, જેના કારણે મામલો વધુ ગરમાયો હતો.આ ઘટના બાદ વર્ગખંડમાં ગુરુ-શિષ્ય વચ્ચે છૂટા હાથે મારામારી થતાં અન્ય વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. અર્થશાસ્ત્ર વિષયના શિક્ષક દિનેશભાઈ ગોસાઈએ મીડિયાને જણાવ્યું હતું કે, તેઓ ધોરણ ૧૨માં અર્થશાસ્ત્રનો ક્લાસ લઈ રહ્યા હતા. તે દરમિયાન આ વિદ્યાર્થી અર્થશાસ્ત્રના ટેસ્ટમાં ગેરહાજર હતો. આ બાબતે તેની સાથે વાત કરતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને એક થપ્પડ મારી હતી, જેના પછી તેણે તેમના પર હુમલો કર્યો હતો. અન્ય વિદ્યાર્થીઓએ વચ્ચે પડીને તેમને બચાવ્યા હતા.

# દાહોદની SBIમાં લોન કૌભાંડ : પોલીસ દ્વારા બેંક મેનેજર, એજન્ટ સહિત સાતની ધરપકડ

**દાહોદ**

દાહોદમાં દેશની સૌથી પ્રતિષ્ઠિત અને સુરક્ષિત ગણાતી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાંથી લોન કૌભાંડ સામે આવ્યું છે. જેમાં પોલીસે ગુનો દાખલ કરી બંને બ્રાન્ચના મેનેજર, બે એજન્ટો તેમજ ત્રણ લોનધારકો મળી કુલ સાત લોકોની ધરપકડ કરતાં દાહોદ શહેર સહિત જિલ્લાભરમાં ખળભળાટ મચી ગયો છે.દાહોદમાં એક પછી એક કૌભાંડ સામે આવતા જિલ્લાનું નામ રાજ્ય લેવલે નહીં પણ રાષ્ટ્રીય સ્તરે કલંકિત થઈ રહ્યું છે. ખાસ કરીને ૨૦૨૧થી ૨૦૨૩ વચ્ચેના સમયગાળામાં મેઈન બ્રાન્ચના મેનેજર ગુરમિતસિંહ પ્રેમસિંહ બેદીએ એજન્ટ સંજય ડામોર (દાહોદ) અને ફઈમ શેખ (સુરત) સાથે મળીને રેલવેમાં વર્ગ ૪માં નોકરી કરતા કર્મચારીઓને ઓછા પગાર હોવા છતાં બનાવટી પગાર સ્લીપ દ્વારા વધારે પગાર દર્શાવી ૧૯ લોકોને ૪.૭૭ કરોડની લોન આપી.તે જ રીતે GLK ટાવરમાં આવેલી બીજી એસબીઆઈ બ્રાન્ચના મેનેજર મનીષ વામનરાવ ગવલેએ એજન્ટો સાથે મળી ૧૦ જેટલા લોકોને ઓફ પેપર શિક્ષક અને GRTC કર્મચારી બતાવી ૮૨.૭૨ લાખની લોન મંજૂર કરી. પકડાયેલા એજન્ટો લોન માગતા ગ્રાહકોને બોગસ દસ્તાવેજ તૈયાર કરાવી લોન અપાવતાં અને બાદમાં કમિશન પેટે લોન રકમમાંથી હિસ્સો લેતાં હતા. એમાંથી એક ભાગ બેંક મેનેજર સુધી ૫ હોંચાડાતો હોવાનું બહાર આવ્યું છે. જ્યારે હપ્તા સમયસર નહીં ભરાતા કેટલાક ખાતા NPA બની ગયા અને ત્યારબાદ જૂન ૨૦૨૪માં ઓડિટ રિપોર્ટમાં સમગ્ર કૌભાંડ ખુલાસો થયો છે.

IN THE COURT OF FAMILY COURT
BORSAD(S.B.MEHTA SAHEB)

Case No: F Suit- 78/2025
Next Date: 8/8/2025

Applicant: KRIMABEN W/O RIKI RONALD RAM AND D/O SURESHBHAI JASHABHAI PATEL

Versus

Name: RIKI RONAL RAM

Address: RES.16332-95-A,AVE SURREY BC.V4N 2B9 CANADA

WHEREAS the above-named has made application to this Court that You are hereby warmed to appear in this Court in person or by a pleader duly instructed on the Date-8-8-2025 at 11:00 O'clock in the forenoon,to show cause against the application,failing wherein, the said application will be heard and determind ex parte.
GIVEN under my hand and the seal of the Court, this 8-7-2025

By Order,

Family Court Borsad

Assit.

Family court, Borsad.

# પશ્ચિમ બંગાળના બાંકુરા, પૂર્વ બર્દવાન જિલ્લામાં વીજળી પડતાં 13 લોકોએ જીવ ગુમાવવો પડ્યો

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના બાંકુરા અને પૂર્વ બર્દવાન જિલ્લામાં ગુરુવારે (24 જુલાઈ) વીજળી પડવાની ઘટનાઓમાં ઓછામાં ઓછા 13 લોકો માર્યા ગયા હતા. બાંકુરા પોલીસ અધિક્ષક વૈભવ તિવારીએ જણાવ્યું કે, વાવાઝોડા દરમિયાન વિવિધ ભાગોમાં વીજળી પડવાથી કેટલાક લોકો મોત થયા છે. ઓંડામાં ચાર લોકો જ્યારે કોતુલપુર, જોયપુર, પત્રાસૈર અને ઈન્દાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક-એક વ્યક્તિના મોત થયા છે.



ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓએ કહ્યું કે, પૂર્વ વર્ધમાન જિલ્લામાં વીજળી પડવાથી પાંચ લોકો મોત અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. માધબડીહીમાં બે લોકોના મોત, જ્યારે જિલ્લાના ઔસગ્રામ, મંગલકોટ અને રૈના પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. બાંકુરામાં 9, પૂર્વ બર્દવાનમાં 4, પશ્ચિમ મિદનાપુરમાં 2, દક્ષિણ દિનાજપુરમાં 1 અને પુરુલિયામાં 1 વ્યક્તિનું મૃત્યુ થયું છે.

તેમણે કહ્યું કે, ઈજાગ્રસ્તોને સ્થાનિક હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી રહી છે. બાંકુરાના ઓંડામાં ડાંગરના ખેતરમાં કામ કરતી વખતે પરિવારના ત્રણના મોત થયા હતા, જ્યારે અન્ય એક વ્યક્તિની ઓળખ હજુ સુધી થઈ નથી. જિલ્લામાં મૃત્યુ પામેલા અન્ય લોકોમાં કોતુલપુરના ઝિયાઉલ હક મોલ્લા, પત્રસાયરના 20 વર્ષીય જીવન ઘોષસ ઈન્દાસના ઈસ્માઈલ મંડલ, જોયપુરના ઉત્તમ ભૂનિયાનો સમાવેશ થાય છે.

# મુંબઈ લોકલ ટ્રેન બ્લાસ્ટ કેસના 11 આરોપીની મુક્તિ ઉપર સુપ્રીમનો સ્ટે

**મુંબઈ**

સુપ્રીમ કોર્ટે 2006 મુંબઈ બોમ્બ બ્લાસ્ટ મામલે નિર્દોષ ઠેરવાયેલા 12 આરોપી (જેમાં એક મૃતક એટલે કે કુલ 11) ને મુક્ત કરવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર રોક મૂકી છે. સુપ્રીમ કોર્ટે આરોપીઓને મુક્ત કરવાના હાઈકોર્ટના નિર્ણય વિરૂદ્ધ મહારાષ્ટ્ર સરકારની અરજીને ધ્યાનમાં લેતાં રોક મૂકી છે.

સુપ્રીમ કોર્ટે એ વાતને પણ ધ્યાને લીધી કે તમામ આરોપીઓને મુક્ત કરી દેવામાં આવ્યા છે. કોર્ટે એમ પણ કહ્યું કે મુક્ત કરાયેલા કુલ 12 આરોપી (એક મૃતક આરોપી)ને ફરીવાર જેલમાં નહીં ધકેલાય. તેમની ધરપકડ નહીં કરી શકાય. સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે જ્યાં સુધી આરોપીઓની સ્વતંત્રતાનો સવાલ છે હું સતર્ક છું. તેની સામે કોર્ટે કહ્યું કે  અમે નોટિસ ઈશ્યૂ કરીશું. સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે 'હું બોમ્બે હાઈકોર્ટના આદેશ સામે સ્ટે ઈચ્છું છું પણ તેમને ફરીવાર જેલમાં પૂરવાનો મારો ઉદ્દેશ્ય નથી. તે પહેલાથી જ મુક્ત છે પણ મકોકા હેઠળ ચાલી રહેલા અન્ય કેસ પર તેની અસર થશે.' તેની સામે કોર્ટે કહ્યું કે 'અમને જણાવાયું છે કે તમામ આરોપીઓને મુક્ત કરી દેવાયા છે એટલા માટે તેમને પાછા જેલ મોકલવાનો સવાલ જ નથી.'

# હિમાચલના મંડીમાં સરકારી બસ ખીણમાં ખાબકી, 7ના મોત, 20થી વધુ ઈજાગ્રસ્ત

**દહેરાદૂન**

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. જ્યા સરકાઘાટ વિસ્તારના તરાંગલામાં મુસાફરોથી ભરેલી HRTCની સરકારી બસ ખીણમાં ખાબકી હતી. જેમાં 7ના મૃત્યુ નીપજ્યા છે, જ્યારે 20થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને બચાવની કામગીરી હાથ ધરી હતી. ગુરુવારે સવારે 10 વાગ્યાની આસપાસ આ સરકારી બસ સરકાઘાટથી જામની દુર્ગાપુર જઈ રહી હતી. આ દરમિયાન બસચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા તે તરાંગલા નજીક ખીણમાં ખાબકી હતી. બસમાં કુલ 20થી 25 મુસાફરો હતા. આ દુર્ઘટથી અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોને ઘટનાસ્થળે પહોંચીને બચાવ અને રાહતના કાર્ય શરૂ કર્યું હતું. ત્યારબાદ પોલીસ અને વહીવટીતંત્રની ટીમ અકસ્માત સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.  બસ દુર્ઘટના અંગે ડીએસપી સંજીવ ગૌતમે જણાવ્યું હતું કે, 'સરકારી બસ ખીણમાં ખાબકતા પાંચ મુસાફરોના મૃત્યુ નીપજ્યા છે.

# ભારતમાં ઈરાદાપૂર્વક લોન ન ચૂકવનારાઓ 1600 ડિફોલ્ટર્સે બેંકોના રૂ.1.62 લાખ કરોડ ચાંઉ કર્યા

**નવી દિલ્હી**

ભારતીય બેન્કો પર લોનનું ભારણ વધી રહ્યું છે, જે સાથે જ લોન લેનારા એવા લોકોની સંખ્યા પણ વધી રહી છે કે જેઓ લોનની રકમ ચુકવવા સક્ષમ હોવા છતા નથી ચુકવી રહ્યા. સંસદમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશભરની બેન્કોમાંથી કરોડો રૂપિયાની લોન લઈને તેને ચુકવવાની ના પાડનારા વિલફુલ ડિફોલ્ટર એટલે કે આર્થીક રીતે સક્ષમ નાદારોની સંખ્યા 1600થી પણ વધુ છે. આ લોકો બેન્કોના આશરે 1.62 લાખ કરોડ રૂપિયા દબાવીને બેઠા છે.




રાજ્ય કક્ષાના કેન્દ્રીય નાણામંત્રી પંકજ ચૌધરીએ સંસદમાં ખુલાસો કર્યો હતો કે 31 માર્ચ 2025 સુધી પીએસયુ બેન્કોએ 1629 કોર્પોરેટ ડિફોલ્ટર્સની ઓળખ કરી છે કે જેઓ ઈરાદાપૂર્વક લોન નથી ચુકવી રહ્યા. આ તમામ વિલફુલ ડિફોલ્ટર્સ પર કુલ મળીને 162961 કરોડ રૂપિયાનું દેવુ છે, જે ચુકવવાની ના પાડી રહ્યા છે. બેન્કો દ્વારા સીઆરઆઈએલસીને જે રિપોર્ટ સોંપવામાં આવ્યો તેના આધારે આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે.

મંત્રીએ દાવો કર્યો હતો કે સરકાર હાલ આવા વિલફુલ ડિફોલ્ટર્સને લઈને કેટલાક પગલા લઈ રહી છે, જેમ કે આવા લોકોને નવુ સાહસ શરૂ કરવા માટે વધારાની લોન નથી અપાતી. ડિફોલ્ટર્સ સાથે જોડાયેલી કંપનીઓને કેપિટલ માર્કેટમાં પ્રવેશ નથી અપાતો.

# હોલસેલની આડમાં હવે રીટેલ વેપાર : ઈ-કોમર્સ પ્લેટફોર્મ મિંત્રા સામે ઈડીનો 1654 કરોડનો કેસ

## રીટેલ વેપારને જથ્થાબંધ બતાવવા વેક્ટર ઇ-કોમર્સ નામની કંપની બનાવ્યાનો આરોપ

**નવી દિલ્હી**

ફ્લિપકાર્ટ સમર્થિત ઇ કોમર્સ પ્લેટફોર્મ મિંત્રા, તેની સંબધિત કંપનીઓ અને નિર્દેશકો વિરુદ્ધ ૧૬૫૪ કરોડ રૂપિયાથી વધુના કથિત એફડીઆઇ ભંગ માટે ફેમાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે તેમ ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

સંઘીય તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આ ફરિયાદ તેના બેંગાલુરુ ક્ષેત્રીય કાર્યાલય દ્વારા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા)ની કલમ ૧૬(૩) હેઠળ દાખલ કરવામાં આવી હતી.

જેમાં વિશ્વસનીય માહિતી મળી હતી કે મિંત્રા ડિઝાઈન્સ પ્રાઈવેટ લિમિટેડ જેનું બ્રાન્ડ નામ મિંત્રા છે અને તેની સંબધિત કંપનીઓ હોલસેલ કેશ એન્ડ કેરીની આડમાં  મલ્ટી બ્રાન્ડ રીટેલ વેપાર કરી રહી છે.

એજન્સીના જણાવ્યા અનુસાર આ કથિત રીતે વર્તમાન પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) દિશાનિર્દેશો અને ફેમાની જોગવાઈઓનો ભંગ છે.

ફેશન અને લાઈફ સ્ટાઈલ ઈ કોમર્સ પ્લેટફોર્મ બેંગાલુરુ સ્થિત મિંત્રાના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે કંપની દેશના તમામ અમલી કાયદાઓનું પાલન કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે જો કે અમને અધિકારીઓ પાસેથી સંબધિત ફરિયાદ અને સહાયક દસ્તાવેજોની નકલ મળી નથી આમ છતાં અમે કોઈ પણ સમયે તેમને સહકાર આપવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છીએ.

# અજમેર શરીફ દરગાહના નાઝિમ દ્વારા બહાર પડાયેલી નોટિસથી વિવાદ થયો

**અજમેર**

અજમેર શરીફ દરગાહના નાઝિમ દ્વારા બહાર પાડવામાં આવેલી એક નોટિસની ખૂબ ટીકા થઈ રહી છે. આ નોટિસમાં કથિત રૂપે દરગાહ પરિસરની અંદરની જૂની ઈમારતોને કારણે થતી કોઈપણ દુર્ઘટનાની જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો છે. જેથી ઘણા મુસ્લિમ સંગઠનો આ નોટીસની ટીકા કરી રહ્યા છે.

નાઝિમ મોહમ્મદ બેલાલ ખાન દ્વારા ડિજિટલ રીતે સહી કરાયેલી આ નોટિસમાં યાત્રાળુઓને દરગાહ પરિસરની અંદર સંભવિત માળખાકીય જોખમો વિશે ચેતવણી આપવામાં આવી છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દુર્ઘટનાઓની સ્થિતિમાં વહીવટીતંત્ર કાયદેસર રીતે જવાબદાર રહેશે નહીં. જેના કારણે નાઝિમની ટીકા થઈ રહી છે. મુસ્લિમ પ્રોગ્રેસિવ ફેડરેશને આ નોટિસને 'શરમજનક' અને 'જવાબદારીનો અભાવ' ગણાવી છે. ફેડરેશનના અધ્યક્ષ અબ્દુલ સલામ જૌહરે નાઝિમને લખેલા પત્રમાં કહ્યું છે કે, 'આધ્યાત્મિક મહત્ત્વ ધરાવતી જગ્યાએ આ પ્રકારની જવાબદારી ન લેવી એ સ્વીકારી શકાય નહીં. વહીવટીતંત્રે જવાબદારીનો ઈનકાર કરવાને બદલે અસુરક્ષિત સ્થળોને ઓળખીને તેમનું સમારકામ કરાવવું જોઈતું હતું.'

# મુંબઈ-દિલ્હીમાં અનિલ અંબાણી સાથે જોડાયેલી કંપનીઓ પર EDના દરોડા

**નવી દિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ રિલાયન્સ જૂથના ચેરમેન અનિલ અંબાણી સાથે જોડાયેલા દિલ્હી અને મુંબઈના સ્થળો પર મની લોન્ડરિંગ કેસમાં દરોડા પાડ્યા છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા નોંધાયેલી બે FIRના આધારે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેમાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓનો આરોપ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે EDએ દિલ્હી અને મુંબઈમાં લગભગ 35 સ્થળો પર તપાસ હાથ ધરી છે, જેમાં 50થી વધુ કંપનીઓના રેકોર્ડ તપાસવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, 25થી વધુ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી હતી. આ તપાસ રિલાયન્સના ચેરમેન અનિલ અંબાણીની RAAGA કંપનીઓમાં કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે 2017થી 2019 દરમિયાન આ કંપનીને યસ બેંક દ્વારા લગભગ 3,000 કરોડ રૂપિયાની અસુરક્ષિત લોન આપવામાં આવી હતી. EDનો આરોપ છે કે આ લોનની સામે યસ બેંકના પ્રમોટરોને ગેરકાયદેસર ચૂકવણીઓ કરવામાં આવી હતી.

# રાજસ્થાનમાં મોટો અકસ્માત, શાહાબાદમાં ટ્રક અને બસ વચ્ચે ટક્કર થતાં 6ના મોત, 24ને ઈજા

## પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચીને 24 ઈજાગ્રસ્તોને શાહબાદ હોસ્પિટલ સારવાર માટે ખસેડ્યા

**જયપુર**

રાજસ્થાનના બારાન જિલ્લાના શાહાબાદમાં મંગળવારે એક ભયંકર રોડ અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાન રોડવેઝની એક બસ દુર્ઘટનાનો ભોગ બની હતી. એક ટ્રકે મુસાફરોથી સવાર બસને ટક્કર મારી હતી, જેને લઈને ટ્રક રસ્તા પર પલટી ગઈ. આ અકસ્માતમાં લગભગ 24 મુસાફરો ઈજાગ્રસ્ત અને છ લોકોના મોત થયા હતા. બારન જિલ્લાના શાહાબાદ



વિસ્તારમાં પેટ્રોલ પંપ નજીક એક ટ્રકે રાજસ્થાન રોડવેઝની એક બસને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર થતાં જ બસ તરત જ રસ્તા પર પલટી ગઈ હતી. બસમાં 30થી 35 મુસાફરો હતા. પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચીને 24 ઈજાગ્રસ્તોને શાહબાદ હોસ્પિટલ સારવાર માટે ખસેડ્યા હતા. જ્યાં છ મુસાફરોની હાલત ગંભીર જોઈને તેમને જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જિલ્લા હોસ્પિટલમાં સારવાર દરમિયાન છ મુસાફરોના મોત થયા છે. પોલીસે મુસાફરોના મૃતદેહની ઓળખ કરી અને તેમના પરિવારજનોને જાણ કરી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

# ગાજિયાબાદમાં ટાસ્કફોર્સની ટીમે છાપો મારીને નકલી દુતાવાસ ઝડપ્યું, ફેક ચલણ-વસ્તુઓ કબજે

**નવી દિલ્હી**

ઉત્તરપ્રદેશના ગાજિયાબાદ સ્પેશિયલ ટાસ્કફોર્સે છાપો મારીને એક નકલી દુતાવાસનો પર્દાફાશ કર્યો છે. હર્ષવર્ધન જૈન નામની વ્યક્તિ પાસેથી નકલી ઝંડા, નકલી ચલણ સહિતની ચીજવસ્તુઓ કબ્જે કરવામાં આવી હતી નવાઈની વાત તો એ છે કે ગાજીયાબાદ કડક સુરક્ષા વ્યવસ્થા ધરાવતી રાજધાની દિલ્હીની નજીક છે તેમ છતાં નકલી દુતાવાસ વર્ષો સુધી ચાલતું રહયું હતું.

શખ્સ પોતાને વેસ્ટાર્કટિકા નામના દેશનો એમ્બેસેડર ગણાવતો હતો પરંતુ હકિકતમાં તો દુનિયાના નકશા પર આવા કોઈ દેશનું અસ્તિત્વ જ નથી. દુતાવાસના નામે નકલી ચલણ,નકલી ફલેગ ઉપરાંત નકલી નંબર પ્લેટવાળી ગાડીઓ પણ રાખી હતી આથી કોઈને પણ શંકા પડી નહી. આમ તો દેશમાં નકલી ટોલનાકા, નકલી અદાલત અને નકલી બેંક સહિતનું ઘણું બધા પ્રકારનું નકલી પકડાતું હોય છે પરંતુ સિસ્ટમની જાણ બહાર નકલી દુતાવાસએ ખૂબજ નવાઈ પમાડે તેવી ઘટના છે. નકલી પાસપોર્ટના કિસ્સા બને છે પરંતુ નકલી દુતાવાસની પોલ ખૂલતા ચર્ચા જાગી છે.

ઉત્તરપ્રદેશની એસટીએફને માહિતી મળતા મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેયર્સે તપાસ કરતા સનસનીખેજ માહિતી મળી છે. આ નકલી એમ્બેસી પોશ એરિયામાં ખોલવાથી માંડીને તમામ બાબતોનું શખ્સે ધ્યાન રાખ્યું હતું. સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કલેઈમ મુજબ આરોપી વર્ષ ૨૦૧૭થી કોન્સ્યુલેટ ચલાવીને ચેરિટી કરતો હતો. મોઘીદાટ કારો પર ફેંક ડિપ્લોમેટિક નંબર લગાવીને સિકયોરિટી ચેકિંગમાંથી બચી જતો હતો. ૨૦૦૧માં એક અમેરિકી નાગરિકને એન્ટાર્કટિકાના એક ખૂણામાં પોતાનો દેશ બનાવવાનો દાવો કરેલો જેનું નામ વેસ્ટાર્કટિકા રાખ્યું હતું. આ એક મજાકિયા નામવાળો

# રાજા રઘુવંશી કેસમાં વળાંક : પરિવારે કહ્યું 'હત્યા પછી આત્મા ભટકી રહી છે'

## પરિવાર દ્વારા જગ્યા પર પૂજા-પાઠ કરવાનો નિર્ણય લીધો

**ઈન્દોર**

ઈન્દોરના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગપતિ રાજા રઘુવંશીની હત્યાને લગભગ બે મહિના થઈ ગયા છે. પરિવાર માને છે કે હત્યા પછી રાજાની આત્મા ભટકી રહી છે. પરિવારે મેઘાલયમાં તે જગ્યાએ પૂજા-પાઠ કરવાનો નિર્ણય લીધો છે. જ્યાં 2 જૂને રાજા રઘુવંશીની હત્યા કરવામાં આવી હતી અને મૃતદેહ મળી આવ્યો હતો. રાજાની પત્ની સોનમ, તેના પ્રેમી રાજ અને તેના ત્રણ મિત્રો સાથે મળીને, હનીમૂન દરમિયાન રાજાની હત્યા કરી હતી અને મૃતદેહને ખાડામાં ફેંકવામાં આવ્યો હતો. રાજાના ભાઈ વિપિન મંગળવારે શિલોંગ પહોંચ્યા હતા. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે હું સોહરામાં તે જગ્યાએ જઈશ જ્યાં રાજાનો મૃતદેહ મળ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે હું તે જગ્યાએ પૂજા-પાઠ કરવા માંગુ છું. વિપિને કહ્યું કે મને લાગે છે કે તેનો આત્મા હજુ પણ ભટકતો રહે છે. જોકે, વિપિને એ જણાવ્યું ન હતું કે તે કયા દિવસે પૂજા કરવા જઈ રહ્યો છે અને તેને કેમ લાગે છે કે રાજાની હત્યા પછી તેની આત્મા ભટકતી રહે છે. થોડા દિવસો પહેલા રાજાના પિતાએ પણ આ જ વાત કહી હતી.

# ટ્રમ્પ સીઝફાયર પર 25 વખત બોલ્યા પણ PM મોદી ચૂપ : રાહુલ ગાંધીનો ટોણો

**નવી દિલ્હી**

લોકસભા અને રાજ્યસભામાં ચોમાસુ સત્ર સોમવારથી શરુ થયું છે. પરંતુ વિપક્ષના હોબાળા વચ્ચે સદનની કાર્યવાહી છેલ્લા ત્રણ દિવસથી આગળ વધી રહી નથી. વિપક્ષ ઓપરેશન સિંદૂર, પહલગામ આતંકી હુમલો, ટ્રમ્પના દાવાઓ મુદ્દે ચર્ચા કરવા માગે છે. જેના પર સત્તાધારી પક્ષે પણ તૈયારી દર્શાવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બંને સદનોમાં ચર્ચા માટે 16-16 કલાકનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

છેલ્લા ત્રણ દિવસથી વિપક્ષ ઓપરેશન સિંદૂર, બિહાર વોટર વેરિફિકેશન જેવા મુદ્દા પર હોબાળો કરી રહ્યું છે. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આજે જણાવ્યું કે, 'સરકાર કહે છે કે, ઓપરેશન સિંદૂર ચાલુ છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ બંધ કરવાનો દાવો કરી ચૂક્યા છે. ટ્રમ્પે 25-25 વખત દાવો કર્યો છે કે, તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવ્યું. તે આવું બોલનારા કોણ છે, ભારતને કોઈ દેશે આ મામલે મદદ કરી નથી. પરંતુ ટ્રમ્પના દાવા પર પીએમ મોદી મૌન છે. જે સંકેત આપે છે કે, દાળમાં કંઈક કાળું છે.'

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ શરુ, ECએ કહ્યું, ટૂંક સમયમાં જ કાર્યક્રમ જાહેર કરી દઈશું

**નવી દિલ્હી**

21 જુલાઈના રોજ જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. મંગળવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ તેમનું રાજીનામું સ્વીકારી લીધું હતું. હવે ચૂંટણી પંચે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે તૈયારીઓ શરુ કરી દીધી છે.

જગદીપ ધનખડના રાજીનામાં બાદ ચૂંટણી પંચે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેની તૈયારીઓ શરુ કરી દીધી છે. પંચે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, 'ભારતના ચૂંટણી પંચે 2025ની



ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી સંબંધિત તૈયારીઓ શરુ કરી દીધી છે. તૈયારી પૂરી થયા પછી ટૂંક સમયમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.'

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'ગૃહ મંત્રાલયે 22 જુલાઈ, 2025ના રોજ એક સૂચના દ્વારા ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામાં અંગે માહિતી આપી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચને કલમ 324 હેઠળ ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી કરાવવાનો અધિકાર છે. આ ચૂંટણી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ 1952 અને તેના હેઠળ બનાવેલા નિયમો (રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી નિયમો 1974) દ્વારા કરવામાં આવે છે.'

# દહેજ મામલે FIR થાય તો બે મહિના સુધી ધરપકડ ન કરશો : HCને SCનું સમર્થન

## 498-Aનો આડેધડ ઉપયોગ : ભારતીય લગ્ન સંસ્કૃતિને અસર થતા અપીલ થઈ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશ આપતા કહ્યું છે કે દહેજ માટે પત્ની પર થતો અત્યાચાર રોકવા માટેની કલમ ૪૯૮એના મામલાઓમાં બે મહિના સુધી ધરપકડ નહીં કરવામાં આવે. કલમ ૪૯૮એનો દુરુપયોગ અટકાવવા માટે અલ્લાહાબાદ હાઈકોર્ટ દ્વારા જે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી તેને સુપ્રીમ કોર્ટે બહાલ રાખી છે. આ ગાઈડલાઈનમાં જ ૪૯૮એના કેસોમાં બે મહિના સુધી ધરપકડ નહીં કરવાની જોગવાઈ કરાઈ છે. સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશમાં લાગુ કરાયેલી આ મહત્વની ગાઈડલાઈનને માન્ય રાખી છે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ, ન્યાયાધીશ એજી મસીહની બેંચે આ ચુકાદો આપ્યો હતો. પોતાના આદેશમાં સુપ્રીમે નોંધ્યું છે કે અલ્લાહાબાદ હાઈકોર્ટ દ્વારા ૪૯૮એના દુરુપયોગને અટકાવવા માટે જે ગાઈડલાઈન જાહેર કરાઈ છે તેનો પ્રશાસન દ્વારા અમલ કરવામાં આવે. અગાઉ સુપ્રીમ કોર્ટ અનેક વખત ઘરેલુ હિંસા વિરોધી આઈપીસીની કલમ ૪૯૮એના દુરુપયોગ અંગે ભારે ચિંતા વ્યક્ત કરી ચુકી છે. વર્ષ 2022માં અલ્લાહાબાદ હાઈકોર્ટ દ્વારા ગાઈડલાઈન જાહેર કરાઈ હતી જેમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રખાયો હતો. આ ગાઈડલાઈનનો ઉદેશ્ય પતિ અને તેના પુરા પરિવાર સામે કલમ ૪૯૮એનો દુરુપયોગ અટકાવવાનો છે. સુપ્રીમ કોર્ટમાં એક પતિ-પત્ની વચ્ચેના ૪૯૮એના કેસની સુનાવણી ચાલી રહી હતી.

# રૂપિયા 300 કરોડની લોનના બદલામાં 64 કરોડની લાંચ મામલે ચંદા કોચર દોષિત

## આઈસીઆઈસીઆઈના પૂર્વ સીઈઓએ લોન આપી હતી

**નવી દિલ્હી**

એપેલેટ ટ્રિબ્યુનલે ICICI બેંકના ભૂતપૂર્વ સીઈઓ ચંદા કોચરને વિડીયોકોન ગ્રૂપને રૂ.૩૦૦ કરોડની લોન મંજૂર કરવાના બદલામાં રૂ.૬૪ કરોડની લાંચ લેવા બદલ દોષિત ઠેરવ્યા છે. ૩, જુલાઈના રોજ આપેલા વિગતવાર આદેશમાં, ટ્રિબ્યુનલે ચૂકાદો આપ્યો હતો કે, ચૂકવણી કોચરના પતિ દીપક દ્વારા વિડીયોકોન સાથે સંકળાયેલી કંપની દ્વારા કરવામાં આવેલી 'ક્વિડ પ્રો ક્વો'નો સ્પષ્ટ કેસ હતો. અપીલકર્તાઓ (ઈડી) દ્વારા આપવામાં આવેલ ઈતિહાસનું વર્ણન અને સમર્થન પીએમએલએ કાયદાની કલમ ૫૦ હેઠળના નિવેદનોના સંદર્ભના પ્રકાશમાં પુરાવા દ્વારા કરવામાં આવ્યું છે, જે સ્વીકાર્ય છે અને જેના પર વિશ્વાસ કરી શકાય છે, એમ ટ્રિબ્યુનલે એક્ટ જણાવ્યું હતું. ટ્રિબ્યુનલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના કેસને સમર્થન આપ્યું છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે, કોચરે તેમના હિતોના સંઘર્ષનો ખુલાસો કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને લોન મંજૂરી આઈસીઆઈસીઆઈ બેંકની આંતરિક નીતિઓનું ઉલ્લંઘન કરે છે.

# બિહાર ચૂંટણીના બહિષ્કારના વિકલ્પની વિચારણા કરીશું: આરજેડી નેતા તેજસ્વી યાદવ

**નવી દિલ્હી**

બિહારમાં મતદાર યાદીમાં વિશેષ સઘન સુધારાનો વિપક્ષ પટણાથી લઈને નવી દિલ્હી સુધી ઉગ્ર વિરોધ કરી રહ્યો છે ત્યારે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવે રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાનો સંકેત આપતાં જણાવ્યું હતું કે બહિષ્કારના મુદ્દે સાથી પક્ષો સાથે ચર્ચા થઈ શકે છે અને જનતા શું ઇચ્છે તે પણ અમે જોઈશું. તેજસ્વીએ જણાવ્યું હતું કે જનતાની લાગણી અને તમામ પક્ષોના સામૂહિક અભિપ્રાયને પ્રાથમિકતા અપાશે. તેજસ્વી યાદવના આ નિવેદનને વિપક્ષની સંભવિત આકરી રણનીતિ તરીકે જોવામાં આવી રહ્યું છે. જોકે તેમણે સ્પષ્ટપણે કહ્યું ન હતું કે ચૂંટણીનો બહિષ્કાર કરાશે.

# 2025ના પ્રથમ છ મહિનામાં નેશનલ હાઈવે પર અકસ્માતમાં 26770નાં મોત

## 2024માં હાઈવે પર 52,609 જીવલેણ અકસ્માતો થયા હતાં

**મુંબઈ**

વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં માર્ગ અકસ્માતમાં ૨૬,૭૭૦ લોકોનાં મોત થયા છે તેમ સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે. કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં નેશનલ હાઈવે પર ૫૨,૬૦૯ જીવલેણ અકસ્માતો થયા હતાં. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ નેશનલ હાઈવે અને નેશનલ એક્સપ્રેસવે જેવા કે દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે, ટ્રાન્સ-હરિયાણા, ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે, દિલ્હી મુંબઈ એક્સપ્રેસવે પર એડવાન્સ્ડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ ઈન્સ્ટોલ કરી છે. એટીએમએસમાં વિભિન્ન ઈલેક્ટ્રોનિક એન્ફોર્સમેન્ટ ઉપકરણોની જોગવાઈ છે જે હાઈવે પર થનારી ઘટનાઓની તાત્કાલિક ઓળખ કરવા અને હાઈવેની અસરકારક સમીક્ષા કરવામાં મદદ કરે છે. જેનાથી ઘટના સ્થળે તાત્કાલિક સહાયતા પ્રદાન કરી શકાય છે. એક અન્ય પ્રશ્નના જવાબમાં ગડકરીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષોમાં ૧,૧૨,૫૬૧ કિમીના નેશનલ હાઈવે પર રોડ સેફ્ટી ઓડિટ કરવામાં આવ્યું હતું.

# પાકિસ્તાની વિમાનો ભારતીય એરસ્પેસમાં નહીં પ્રવેશી શકે, 23 ઓગસ્ટ સુધી પ્રતિબંધ લંબાવાયો

**ચંડીગઢ**

પાકિસ્તાનના વિમાનોની ભારત એર સ્પેસમાં એન્ટ્રી પર પ્રતિબંધ લગાવનારી નોટિસ ટુ એરમેનની મુદત સત્તાવાર ધોરણે 23 ઓગસ્ટ સુધી વધારવામાં આવી છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિમાનોની ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો હતો. તેમજ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર મારફત પાકિસ્તાન અને POKમાં સ્થિત આતંકી ઠેકાણા પર આક્રમક હુમલા કર્યા હતા. ત્યારબાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી એર સ્પેસમાં પ્રતિબંધની સમય મર્યાદા લંબાવવાની માહિતી આપી હતી.

# ચોથી ટેસ્ટ : ભારત 358/10, સ્ટોક્સની પાંચ વિકેટ

## ક્રોવલી-ડકેટની અડધી સદી : રિષભ પંત ૫૪, ઈંગ્લેન્ડ ૨/૨૨૫, ડકેટ ૯૪, ક્રોવલી ૮૪

**માન્ચેસ્ટર**

સુકાની બેન સ્ટોક્સે ઝડપેલી પાંચ વિકેટ બાદ ઓપનર્સ ઝેક ક્રોવલી અને બેન ડકેટે પ્રથમ વિકેટ માટે નોંધાવેલી ૧૬૬ રનની ભાગીદારીની મદદથી ઈંગ્લેન્ડે બીજા દિવસની રમતના અંતે બે વિકેટે ૨૨૫ રન નોંધાવીને ભારતને બેકફૂટ ઉપર ધકેલી દીધું હતું. ભારતનો પ્રથમ દાવ ૩૫૮ રનમાં સમેટાયો હતો અને ઈંગ્લેન્ડની ટીમ હજુ ૧૩૩ રન પાછળ છે. સ્ટમ્પના સમયે ઓલી પોપ ૨૦ તથા જોઈ રુટ ૧૧ રને રમી રહ્યા હતા. ૬ રન માટે સદી ચૂકેલા ડકેટે ૧૦૦ બોલમાં ૧૩ બાઉન્ડ્રી વડે ૯૪ તથા ક્રોવલીએ ૧૧૩ બોલમાં ૮૪ રન બનાવ્યા હતા.

ભારતે ચાર વિકેટે ૨૬૪ રનના સ્કોરને બીજા દિવસે આગળ વધારવાનું શરૂ કર્યું હતું. જાડેજા (૨૦) એક રનના ઉમેરા સાથે આઉટ થયો હતો. બોલિંગ ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરે ૮૮ બોલમાં ૪૧ રન બનાવ્યા છે. તેણે વોશિંગ્ટન સુંદર સાથે છઠ્ઠી વિકેટ માટે ૪૮ રન ઉમેર્યા છે. ઈજાગ્રસ્ત રિષભ પંતે ફ્રેક્ચરવાળા પગે દુખાવો થતો હોવા છતાં લડાયક અભિગમ સાથે બેટિંગ કરી હતી અને તેણે ૭૫ બોલમાં બે સિક્સર અને ત્રણ બાઉન્ડ્રી વડે ૫૪ તથા વોશિંગ્ટન સુંદરે ૯૦ બોલમાં ૨૭ રનનું યોગદાન આપ્યું હતું.



### ફ્રેક્ચર થયા બાદ પણ રિષભ પંત બેટિંગમાં ઉતર્યો

માન્ચેસ્ટર : ભારતના વિકેટકીપર રિષભ પંતને ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે જમણા પગમાં ફ્રેક્ચર થયું હોવા છતાં ટીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બીજા દિવસે ગુરુવારે બેટિંગમાં ઉતર્યો હતો. લોર્ડ્ઝ ટેસ્ટમાં પણ પંતને આંગળીએ ઈજા થઈ હતો અને આ ટેસ્ટમાં પણ તેણે ઈંગ્લેન્ડના બોલર્સનો અડીખમ સામનો કર્યો હતો. ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે પેસ બોલર ક્રિસ વોકિસના એક બોલને રિવર્સ સ્વિપ કરવાના પ્રયાસમાં તેને પગમાં બોલ વાગ્યો હતો. ત્યારબાદ તેને બુગી એમ્બુલન્સ વડે મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો. તે બેટિંગમાં ઉતર્યો ત્યારે તેનાથી ચલાતું પણ નહોતું. સ્ટેડિયમમાં તેનું જોરદાર સ્વાગત થયું હતું અને પ્રેક્ષકોએ ઉભા થઈને તેના અભિગમને વધાવી લીધો હતો. ડ્રેસિંગરૂમથી પિચ સુધી પહોંચવામાં તેને લાંબો સમય પણ લાગ્યો હતો. તેને છ સપ્તાહ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે જેના કારણે તે પાંચમી ટેસ્ટ રમી શકે તેવી ઓછી સંભાવના છે.

# ઈંગ્લેન્ડમાં ભારતે પ્રથમ વખત ટી-૨૦ અને વન-ડે શ્રેણી જીતી ઈતિહાસ રચ્યો

## ભારત ૫/૩૧૮, ઈંગ્લેન્ડ ૩૦૫, હરમનપ્રીત પ્લેયર ઓફ ધ સિરીઝ બની

**ચેસ્ટર લી સ્ટ્રિટ ।** ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે મંગળવારે પ્રથમ વખત ઈંગ્લેન્ડની ધરતી ઉપર ટી૨૦ અને વન-ડે વ્હાઈટબોલની બંને શ્રોણી જીતીને ઈતિહાસ રચ્યો છે. પાંચ મેચની ટી૨૦ શ્રોણીને ૩-૨થી જીત્યા બાદ હવે હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતે ત્રણ મેચની વન-ડે શ્રોણીને ૨-૧થી જીતી લીધી છે. ભારતે ચાર દેશમાં પાંચમી વખત બંને ફોર્મેટની શ્રોણી જીતવાની સિદ્ધિ પણ મેળવી છે. આ પહેલાં ભારતે સાઉથ આફ્રિકા, શ્રીલંકા (બે વખત) તથા વેસ્ટ ઈન્ડિઝમાં પણ બંને પ્રકારની શ્રોણી જીતી હતી. શ્રોણીના નિર્ણાયક મુકાબલામાં સુકાની હરમનપ્રીતે સદી ફટકાર્યા બાદ ક્રાંતિ ગોડે બોલ દ્વારા છ વિકેટ હાંસલ કરી હતી. હરમનપ્રીત કૌરને ૮૪ બોલમાં ૧૦૨ રનની ઈનિંગ રમતા ભારતે પાંચ વિકેટે ૩૧૮ રન બનાવ્યા



હતા. જેમિમાએ ૪૫ બોલમાં ૫૦, હરલીન દેઓલે ૪૫ તથા મંધાનાએ ૪૫ રનનું યોગદાન આપ્યું હતું. ઈંગ્લેન્ડની ટીમ ૩૦૫ રનના સ્કોરે ઓલઆઉટ થતાં ભારતે ૧૩ રનથી મુકાબલો અને ૨-૧થી શ્રેણી જીતી લીધી હતી.

# સપ્ટેમ્બરમાં BCCI યુએઈમાં એશિયા કપની યજમાની કરશે

## ભારત-પાક. મેચની સંભાવના વધી

**નવી દિલ્હી/ઢાકા**

બીસીસીઆઈ યુએઈ ખાતે આગામી એશિયા કપ ટી૨૦ ટૂર્નામેન્ટની યજમાની કરવા માટે તૈયાર છે અને તેની સત્તાવાર જાહેરાત નજીકના દિવસોમાં કરવામાં આવે તેવી સંભાવના છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલના અધિકારીએ આ બાબતની જાણકારી આપી હતી. એસીસીની ગુરુવારે બેઠક યોજાઈ હતી જેમાં તમામ ૨૫ સભ્ય દેશોએ આયોજન સ્થળ અંગેની ચર્ચામાં ભાગ લીધો હતો. બીસીસીઆઈના પ્રતિનિધિ તરીકે રાજીવ શુક્લાએ વર્ચુઅલી ભાગ લીધો હતો. એસીસીના એક અધિકારીએ જણાવ્યું હતું કે બીસીસીઆઈ યુએઈ ખાતે એશિયા કપની યજમાની કરશે. ભારત પોતાની તમામ મેચો દુબઈમાં રમે તેવી સંભાવના છે. કાર્યક્રમ અંગે હજુ વિચારણા ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટ સપ્ટેમ્બરમાં બે સપ્તાહ કરતાં વધારે દિવસ ચાલશે. ઢાકામાં એસીસીના પ્રમુખ તથા પાકિસ્તાન બોર્ડના પ્રમુખ મોહસિન નકવીએ ઉપખંડની ઈવેન્ટમાં સંભવિત ભારત અને પાકિસ્તાનની મેચ અંગે કોઈ નિવેદન કર્યું નહોતું. નકવીએ જણાવ્યું હતું અમે જલદીથી જાહેરાત કરીશું.

# ચાઈના ઓપન : સાત્વિક-ચિરાગની જોડી ક્વા. ફાઈનલમાં, પ્રણોય આઉટ



**ચાંગ્ઝૂ (ચીન) :** સાત્વિકસાઈરાજ રાન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડીએ ચાઈના ઓપન સુપર બેડમિન્ટન ટુર્નામેન્ટની મેન્સ ડબલ્સ ઈવેન્ટમાં શાનદાર રમતનું પ્રદર્શન કરીને ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. બીજી તરફ ભારતનો સ્ટાર ખેલાડી એચ એસ પ્રણોય સિંગલ્સમાં તેનો મુકાબલો હારી જતાં ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. સાત્વિક-ચિરાગની જોડીએ મળીને ઈન્ડોનેશિયાના લિયો રોલી કાર્નેડો અને બાગાસ મોલાનાની જોડીને ૨૧-૧૯, ૨૧-૧૯થી સીધી ગેમમાં હરાવી હતી. વિશ્વમાં ભૂતપૂર્વ મોખરાના ક્રમની જોડીએ ટેકનિકલી મજબૂત અને શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કર્યું હતું અને વિશ્વમાં આઠમા ક્રમની ઈન્ડોનેશિયન જોડી સામે મજબૂત ટક્કર આપી હતી.

# WWE સુપરસ્ટાર હલ્ક હોગન 71 વર્ષની વયે નિધન



**WWE**ના હોલ ઓફ ફેમસ અને પ્રોફેશનલ રેસલિંગના સુપર સ્ટાર હલ્ક હોગનનું 71 વર્ષની વયે નિધન થયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેમને કાર્ડિયાક અરેસ્ટ થયો હોવાનું જાણવા મળ્યું છે. ગુરુવારે (24 જુલાઈ)એ ફ્લોરિડાના ક્લિયરવૉટર સ્થિત હલ્ક હેગનના ઘર પર ડૉક્ટરોને બોલાવાયા હતા. જોકે તેમને બચાવી શકાયા નથી.

# UEFA કપ : સ્પેન પ્રથમ વખત ફાઈનલમાં, ઈંગ્લેન્ડ સામે મુકાબલો

**જ્યૂરિચ**

ટૂર્નામેન્ટ શરૂ થતાં વાઈરલ બીમારીના કારણે કેટલાક દિવસ હોસ્પિટલમાં ગાળનાર એતાના બોનમાતીએ એક્સ્ટ્રા ટાઈમમાં કરેલા ગોલ્ડન ગોલની મદદથી સ્પેને જર્મનીને ૧-૦થી હરાવીને વિમેન્સ યૂઈએફએ ફૂટબોલ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધી હતો જ્યાં રવિવારે તેનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ સામે થશે. બંને ટીમ નિર્ધારિત સમયમાં ગોલ કરી શકી નહોતી પરંતુ બે વખતની બેલોન ડીઓર વિજેતા બોનમાતીએ એક્સ્ટ્રા ટાઈમમાં ૧૧૩મી મિનિટે નિર્ણાયક ગોલ કર્યો હતો. પૂરો ૨૦૨૫ની ફાઈનલ ૨૦૨૩માં રમાયેલા વિમેન્સ ફિફા વર્લ્ડ કપની ફાઈનલના પુનરાવર્તન સમાન રહેશે. ત્યારે સ્પેને ઈંગ્લેન્ડને ૨-૧થી હરાવ્યું હતું.

જર્મની સામે સ્પેનનો આ પ્રથમ વિજય રહ્યો છે. તે પ્રથમ વખત યુરોપિયન ચેમ્પિયનશિપની ફાઈનલમાં પણ પ્રવેશ્યું છે. સ્પેને છેલ્લા બે વર્ષમાં વર્લ્ડ કપ અને નેશન્સ કપ જીત્યા છે અને તે ટાઈટલની હેટ્રિક પૂરી કરવાના તમામ પ્રયાસ કરશે.

# ઓલિમ્પિક ચેમ્પિયન ઝેંગ કિનવેન ઈજાને કારણે યુએસ ઓપનમાંથી બહાર

ગ્વાંગઝૂ : ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ ચીનની ઝેંગ કિનવેન વર્ષના છેલ્લા ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાંથી ખસી ગઈ છે. ઝેંગ કોણીની ઈજાનો સામનો કરી રહી છે જેના કારણે તે ૨૪મી ઓગસ્ટથી રમાનારા યુએસ ઓપનમાંથી બહાર થઈ ગઈ છે. ૨૨ વર્ષીય ચાઈનીઝ ખેલાડીએ બે દિવસ પહેલાં જાહેરાત કરી હતી કે તેણે સતત દુખાવાના કારણે ઓર્થોસ્કોપિક સર્જરી કરાવી છે. વિશ્વની છટ્ઠી ક્રમાંકિત ખેલાડી ઝેંગ ગયા મહિને વિમ્બલ્ડનના પ્રથમ રાઉન્ડમાં હારી ગઈ હતી. તેણે જણાવ્યું હતું કે તેને સંપૂર્ણ ફિટ થવામાં કેટલાક મહિના લાગી શકે છે.



# ડીસી ઓપન : ટેલર ફ્રિત્ઝ અને મારિયા સક્કારી ત્રીજા રાઉન્ડમાં

## 16 મહિના બાદ પુનરાગમન કરનાર વિનસનો ડબલ્સમાં પરાજય

**વોશિંગ્ટન**

ટોચના ક્રમાંકિત ટેલર ફ્રિત્ઝે સીધા સેટમાં વિજય હાંસલ કરીને વોશિંગ્ટન ડીસી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો પરંતુ એક વર્ષ કરતાં વધારે સમય બાદ કોર્ટમાં પુનરાગમન કરનાર અમેરિકાની ગ્રાન્ડસ્લેમ વિજેતા વિનસ વિલિયમ્સને વિમેન્સ ડબલ્સના મુકાબલામાં પરાજયનો સામનો કરવો પડયો હતો. વિમ્બલ્ડનની સેમિફાઈનલ સુધી પહોંચેલા ફ્રિત્ઝે એલેકઝાન્ડર વુકિચ સામે કોઈ પણ મુશ્કેલી વિના ૬-૩, ૬-૨થી વિજય હાંસલ કર્યો હતો. પ્રથમ રાઉન્ડમાં બાય મળ્યા બાદ ફ્રિત્ઝનો ત્રીજા રાઉન્ડમાં માતેઓ અર્નાલ્ડી સામે મુકાબલો થશે જેણે ૧૬મા ક્રમાંકિત લોરેન્ઝો સોનેગોને ૭-૫, ૭-૫થી હરાવ્યો હતો. વિમેન્સ સિંગલ્સમાં બીજી ક્રમાંકિત એમ્મા નવારોને મારિયા સક્કારીએ બીજો સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ ૭-૫, ૭-૬ (૭-૧)થી હરાવી હતી. વિનસ અને તેની સાથી ખેલાડી હેલી બાપ્ટિસ્ટનો બીજા ક્રમાંક ધરાવતી ટેલર ટાઉનસેન્ડ્સ તથા ઝાંગ શુઆઈની જોડી સામે ૬-૪, ૩-૬, ૧૦-૬થી પરાજય થતાં તેમનું અભિયાન પૂરું થઈ ગયું હતું.

# સિનર અને જોવોકિચ બાદ હવે કાર્લોસ અલ્કારાઝે પણ ટોરન્ટો ઓપન પડતી મૂકી

**ટોરન્ટો :** વિશ્વના બીજા ક્રમાંકિત ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝે ટોરન્ટો ઓપન માસ્ટર્સ ઓપન ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. વર્ષના અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપનની તૈયારી પહેલાં આ એટીપી માસ્ટર્સ ટૂર્નામેન્ટમાં અલ્કારાઝ નહીં રમવાના કારણે તેની ચમક ફિક્કી પડી ગઈ છે. અલ્કારાઝ પહેલાં વિશ્વના પ્રથમ ક્રમાંકિત યાનિક સિનર તથા છટ્ઠા ક્રમાંકિત નોવાક જોકોવિચે પણ આ ટૂર્નામેન્ટને પડતી મૂકી છે. પાંચ વખતનો ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન અલ્કારાઝ વિમ્બલ્ડનની ફાઈનલમાં સિનર સામે હારી ગયો હતો.



# કંબોડિયામાં ડિજિટલ અરેસ્ટ કરનારી ગેંગ વિરુદ્ધ કાર્યવાહી, 105 ભારતીય સહિત 3075ની ધરપકડ

## 1028 ચીની, 693 વિયેતનામી, 366 ઈન્ડોનેશિયન, 101 બાંગ્લાદેશી, 82 થાઈ આરોપીનો સમાવેશ

**ફનોમ પેન્હ**

કંબોડિયામાં ઓનલાઈન સ્કેમ અને ડિજિટલ અરેસ્ટ કરનારાઓ સામે મોટી કાર્યવાહી કરાઈ છે. ભારતના ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C )ની અપીલ પર કંબોડિયા સરકારે છેલ્લા 15 દિવસમાં દેશભરમાં દરોડા પાડ્યા હતા. 105 ભારતીય સહિત 3075ની ધરપકડ લોકોની ધરપકડ કરી છે.



ડિજિટલ અરેસ્ટનો ખેલ કંબોડિયામાં ચાલી રહ્યો હતો.

અહેવાલો અનુસાર, ભારતીય ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયને ગુપ્ત માહિતી મળી હતી કે કંબોડિયાથી ડિજિટલ અરેસ્ટનો ખેલ ચાલી રહ્યો છે. ત્યારે કંબોડિયા સરકારે 138 અલગ અલગ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ધરપકડ કરાયેલા લોકોમાંથી 606 મહિલાઓ છે. જેમાં 1,028 ચીની, 693 વિયેતનામી, 366 ઈન્ડોનેશિયન, 101 બાંગ્લાદેશી, 82 થાઈ, 57 કોરિયન, 81 પાકિસ્તાની, 13 નેપાળી અને 4 મલેશિયન નાગરિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ફિલિપાઈન્સ, નાઈજીરીયા, મ્યાનમાર, રશિયા અને યુગાન્ડા જેવા અન્ય દેશોના લોકોની પણ ધરપકડ કરાઈ છે.

# જાપાન સાથે ઐતિહાસિક ટ્રેડ ડીલ કર્યાનો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

## જાપાન અમેરિકામાં 550 અબજ ડોલરનું રોકાણ કરશે

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાપાન સહિત એશિયાના બીજા દેશો સાથે ટ્રેડ ડીલ કરવાની જાહેરાત કરી છે. જાપાન સાથેના ઐતિહાસિક ટ્રેડ ડીલના પગલે હવે જાપાન પર ૧૫ ટકા જ ટેરિફ લાગશે. આથી જાપાનીઝ કંપનીઓએ રાહતની લાગણી અનુભવતા ટોક્યોમાં શેરો ઉચકાયા હતા. ટ્રમ્પે- જાપાનના વડાપ્રધાન ઈશિબાએ બુધવારે આ ટ્રેડ ડીલની જાહેરાત કરી હતી. જાપાન અમેરિકામાં ૫૫૦ અબજ ડોલરનું જંગી રોકાણ કરવાનું છે. તેન કારણે અમેરિકામાં મોટાપાયા પર રોજગારીનું સર્જન થશે અને અમેરિકાને તેની વેપારખાધ ઘટાડવામાં પણ મદદ મળશે. આમ અત્યારે ટ્રમ્પ આખા એશિયામાંથી થઈને કુલ બે હજાર અબજ ડોલરના રોકાણના વચનો લઈ ચૂક્યા છે. હવે તેમાથી કેટલું રોકાણ વાસ્તવિક ધોરણે થશે તે સમય જ કહેશે. અમેરિકાએ જાપાન ઉપરાંત ફિલિપાઈન્સ સાથે પણ ટ્રેડ ડીલ કર્યું છે. ફિલિપાઈન્સ સાથેના ટ્રેડ ડીલના કારણે ફિલિપાઈન્સ પર હવે પહેલી ઓગસ્ટથી ૨૦ના બદલે ૧૯ ટકાના દરે ટેરિફ લાગશે.

# પ્લેન ક્રેશ : બ્રિટિશ નાગરિકોના પરિવારોને ખોટા મૃતદેહો મોકલી દેવાતા ભારે હોબાળો

**અમદાવાદ**

અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું બોઈંગ વિમાન ટેકઓફ પછી ગણતરીની સેકન્ડોમાં ક્રેશ થઈ ગયું હતું, જેમાં કુલ 260 લોકો માર્યા ગયા હતા. તેથી મૃતદેહોના ડીએનએ ટેસ્ટ કરીને એમની ઓળખ કરાઈ હતી. બાદમાં એ અવશેષોને મૃતકોના પરિવારને સોંપાયા હતા. આમ કરવામાં કેવો ગંભીર છબરડો થયો હતો, એ હાલમાં સામે આવ્યું છે. દુર્ઘટનામાં મોતને ભેટેલા બે બ્રિટિશ નાગરિકના ખોટા અવશેષો તેમના પરિવારોને મોકલી દેવામાં આવ્યા હતા. આ વાત જાહેર થતાં વિવાદ છેડાઈ ગયો છે. દુર્ઘટનામાં માર્યા ગયેલા બ્રિટિશ નાગરિકોના પરિવારજનોએ ભારત આવીને તેમના DNA નમૂના આપ્યા હતા, જેને મેચ કરીને તેમના મૃત સગાંના અવશેષોની ઓળખ કરાઈ હતી. ત્યાર પછી એ અવશેષો શબપેટીઓમાં મૂકીને બ્રિટન મોકલાયા હતા. લંડનમાં અવશેષોનું ફરીથી DNA પરીક્ષણ કરાયું હતું, જેમાં અવશેષો ખોટા હોવાનું બહાર આવ્યું છે. આમ થતાં સંબંધિત પરિવારોએ મૃતકની અંતિમ વિધિ અટકાવી દીધી છે. આ બાબતે તાત્કાલિક તપાસ શરૂ કરાઈ છે.

# બલૂચિસ્તાનમાં ફરી મોટો આતંકી હુમલો, ક્વેટા જતી ટ્રેનને ટાર્ગેટ કરાઈ, અનેક ટ્રેનો અટકાવાઈ

**બલુચિસ્તાન**

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં ફરી ટ્રેનને ટાર્ગેટ કરવામાં આવી છે. ગુરુવારે ટ્રેનને ઉથલાવવા માટે વિસ્ફોટ કરવામાં આવ્યો છે. ધડાકાના કારણે ટ્રેનને એક કોચના આંશિક નુકસાન થયું છે. રેલવે અધિકારીઓએ કહ્યું કે, વિસ્ફોટના કારણે કોઈપણ મુસાફરોને નુકસાન થયું નથી.

સ્ટેશન માસ્ટર મુર્તલા ખાને સિબીમાં પત્રકારોને કહ્યું કે, 'આતંકવાદીઓએ સિબી જિલ્લાના બખ્તિયારાબાદ અને ડંબોલી વિસ્તાર વચ્ચેના રેલવે ફાટકે બોંબથી ઉડાવી દીધો છે, જેના કારણે કરાંચીથી ક્વેટા જઈ રહેલી બોલન મેલ ટ્રેનને અસર થઈ છે. વિસ્ફોટના કારણે ટ્રેનના સાત નંબરના કોચને નુકસાન થયું છે.' ઘટના બાદ બખ્તિયારાબાદ-ડંબોલી વચ્ચેનો ટ્રેન વ્યવહાર અટકાવી દેવાયો છે.'

ઘટનાની જાણ થતાં જ સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરી લઈ સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. રેલવે અધિકારીઓએ કહ્યું કે, રેલવે પાટાનું રિપેરિંગ કામ પૂર્ણ થયા બાદ અહીં ટ્રેન સેવા ફરી શરૂ કરવામાં આવશે. ઘટના બાદ પંજાબથી દોડતી જાફર એક્સપ્રેસ ટ્રેનને ડેરા મરાદ જમાલી સ્ટેશન પર અટકાવી દેવાઈ છે. જ્યારે એક દિવસ પહેલા રવાના થયેલી બીજી જાફર એક્સપ્રેસ ટ્રેનને ક્વેટા નજીક સિબી સ્ટેશન પર અટકાવી દેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંત 11 માર્ચ-2025ના રોજ જાફર એક્સપ્રેસ ટ્રેનને હાઈજેક કરવામાં આવી હતી. આ ઘટનામાં મોટી સંખ્યામાં મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા હતા અને ઘણા લોકોના જીવ ગયા હતા.

# અમેરિકામાં હોસ્પિટલમાં કામ કરતા ગુજરાતીની ધરપકડ, બાળકોના પોર્ન વીડિયો મળી આવ્યા

**વોશિંગ્ટન, તા.૨૪**

એરિઝોનાની ફિનિક્સ ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં બિહેવિયરલ હેલ્થ ટેકનિશિયન તરીકે કામ કરી ચૂકેલા જયદીપ પટેલ નામના એક ૩૧ વર્ષીય ગુજરાતીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જયદીપ પાસેથી બાળકોના 1200 જેટલા ગંદા વિડીયો મળી આવ્યા હોવાનું પોલીસે કોર્ટમાં જણાવ્યું છે અને આ મામલે તેને જુલાઈ ૧૭ના રોજ અરેસ્ટ કરવામાં આવ્યો હતો.

કોર્ટમાં રજૂ કરાયેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડ



દ્વારા અપાયેલી માહિતીના આધારે પોલીસે ઘણા સમયથી જયદીપ પટેલ પર વૉચ રાખવાનું શરૂ કર્યું હતું. તેના પર જાતિય સતામણીના કુલ નવ ચાર્જ લગાડવામાં આવ્યા છે અને તે તમામ ક્લાસ ૨ ફેલોની ચાર્જિસ છે. લોકલ મીડિયાના રિપોર્ટ્સ અનુસાર જયદીપ પર લગાવાયેલા તમામ ચાર્જિસમાં ત્રણથી ૧૨ વર્ષની સજા થઈ શકે છે.

આ મામલો બહાર આવતા ફિનિક્સ હોસ્પિટલે એવી સ્પષ્ટતા કરી હતી કે આરોપી હાલ હોસ્પિટલમાં જોબ નથી કરતો તેમજ પેશન્ટ્સની સેફ્ટી તેની ટોપ પ્રાયોરિટી છે અને હોસ્પિટલ તપાસમાં તમામ સહકાર આપી રહી છે. જયદીપ કઈ રીતે પકડાયો તે અંગે કોર્ટમાં રજૂ કરાયેલા ડોક્યુમેન્ટ્સમાં જણાવાયું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરે એક સબસ્ક્રાઈબર બે ડઝન જેટલી ગંદા વિડીયોની ફાઈલનું પઝેશન ધરાવતો હોવાની ફિનિક્સ પોલીસને બાતમી આપી હતી અને આ સબસ્ક્રાઈબરની ઓળખ જયદીપ પટેલ તરીકે કરવામાં આવી હતી.

# પાકિસ્તાનનાં ખૈબર પખ્તૂનખ્વામાં આતંકી હુમલામાં 6 જવાનો ઘાયલ

**ખૈબર પખ્તૂનખ્વા**

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના બન્નુમાં બુધવારે એક પોલીસ ચોકી પર થયેલા આતંકી હુમલામાં છ જવાન ઘાયલ થયા છે, જેમને સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) દ્વારા 2022માં સરકાર સાથે થયેલા સંઘર્ષ વિરામ કરારને તોડી નાખ્યા બાદ પ્રાંતમાં આતંકી હુમલાઓમાં વધારો થયો છે.

ડોન સમાચાર પત્રએ બન્નુ પોલીસ પ્રવક્તા આમિર ખાનને ટાંકીને કહ્યું છે કે, આતંકવાદીઓએ બન્નુના તખ્તી ખેલ વઝીરના સરહદી વિસ્તારમાં એક પોલીસ ચોકી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં છ કોન્સ્ટેબલ ઘાયલ થયા છે. પોલીસ દળે મોરચો સંભાળ્યા બાદ આતંકવાદીઓ ભાગી ગયા છે. ઘાયલ કોન્સ્ટેબલોને સારવાર માટે બન્નુ સ્થિત સંયુક્ત સૈન્ય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

પોલીસ પ્રવક્તાએ વધુમાં કહ્યું કે, વધારાના પોલીસ દળને વિસ્તારમાં તહેનાત કરી દેવામાં આવ્યું છે અને આતંકવાદીઓની શોધખોળ માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. TTP દ્વારા 2022માં સરકાર સાથે થયેલા સંઘર્ષ વિરામ સમજૂતીને રદ કર્યા બાદ આતંકી હુમલાઓમાં વધારો થયો છે.

# એશિયાના બે દેશો વચ્ચે યુદ્ધ : થાઈલેન્ડની એરસ્ટ્રાઈક બાદ કંબોડિયાનો રોકેટ અને ડ્રોનથી હુમલો, 1નું મોત, અનેક ઘાયલ

**બેંગ્કોક**

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ગુરૂવારે સરહદી વિવાદે ઉગ્ર રૂપ લઈ લીધું છે અને બંને દેશોના સૈનિકોએ એકબીજા પર ગોળીબાર અને એર હવાઈ હુમલા કર્યા હતા. કંબોડિયાએ કહ્યું કે, બંને દેશો વચ્ચે થયેલા સરહદી ઘર્ષણમાં ગોળીબાર થયો હતો. જોકે, બંને દેશોએ એકબીજા પર ગોળીબારનો આરોપ લગાવ્યો છે.

મળતી માહિતી મુજબ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે



6 થી વધુ સરહદી વિસ્તારમાં ઘર્ષણ જોવા મળ્યું હતું, જેમાં એક નાગરિકનું મોત નિપજ્યું અને અનેક ઈજાગ્રસ્ત થયા હતા. સ્થિત બગડતા થાઈલેન્ડે હવાઈ હુમલા કર્યા હતા અને કંબોડિયાએ તેના જવાબમાં ગોળીબારની કાર્યવાહી કરી હતી. 24 જુલાઈએ થાઈલેન્ડે કંબોડિયાના સૈન્ય ઠેકાણા પર F-16 ફાઈટર જેટ્સથી હવાઈ હુમાલ કર્યા હતા, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો હતો. આ હુમલા સરહદ પર વિવાદિત મંદિરો પાસે કરવામાં આવ્યો હતો. વળી, કંબોડિયાએ પણ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. થાઈલેન્ડને વળતો જવાબ આપવા રૉકેટ અને આર્ટિલરી ફાયર કર્યા. આ ઘટનામાં 40 હજાર લોકોએ વિસ્થાપન કરવું પડ્યું હતું. આ હુમલામાં નવ લોકોના મોત અને 14 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

# પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું સ્થાન દુનિયામાં ૭૭માં નંબર

**લંડન**

દુનિયાભરના દેશોના પાસપોર્ટનું નવું રેન્કિંગ આવ્યું છે. જે મુજબ, ભારતનો પાસપોર્ટ દુનિયામાં ૭૭માં નંબરે છે. વળી, પહેલાં નંબરે એશિયાનો દેશ સિંગાપુર અને બીજા નંબરે જાપાન તેમજ સાઉથ કોરિયા છે. રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાન દુનિયાનો ચોથો સૌથી ખરાબ રેન્કિંગવાળો દેશ છે. પાકિસ્તાન સાથે સોમાલિયા અને યમનને પણ આ જ સ્થાન મળ્યું છે. સૌથી છેલ્લે એટલે કે, ૯૯માં નંબરે અફઘાનિસ્તાન છે અને ૯૮ નંબરે સીરિયા તેમજ ૯૭ નંબર ઈરાકને સ્થાન મળ્યું છે. ત્રીજા નંબરે યુરોપના અનેક દેશ છે, જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈટલી અને સ્પેન સામેલ છે. આ દેશોમાં ફરવા માટે મોટી સંખ્યામાં લોકો જાય છે. ચોથા નંબરે સ્વિડન, નેધરલેન્ડ અને બેલ્જિયમ સહિત યુરોપના ૭ દેશ સામેલ છે. ભારતના એક અન્ય પાડોશી દેશ બાંગ્લાદેશનો પાસપોર્ટ રેન્ક ૯૪ નંબરે છે.



# દરજી સમાજ ઓફ ઑન્ટેરિયોની 41મી સમર પિકનિક

## સભ્યોએ સ્વાદિષ્ટ વાનગીઓની લિજ્જત માણી

### વિવિધ રમતોમાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો, ડ્રોના વિજેતાઓને વડીલોના હસ્તે ઈનામ વિતરણ

મિસીસાગા: દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોની 41મી સમર પિકનિક 20મી જૂલાઈ 2025નાં રોજ મિસીસાગા વેલી પાર્ક ખાતે યોજાઈ હતી. જેમાં પોટ-લક (Pot-Luck) નાસ્તાં (Appetizer Snacks) અને સ્થળ પર રાંધવાની (Onsite Cooking) સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ સવારે 11.00થી સાંજના 5.00 વાગ્યા સુધી ચાલ્યો હતો. બપોરે 12.30થી 2.00 દરમિયાન સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. સ્થળ ઉપર બનાવેલા (Onsite Cooking) પાંઉભાજી અને પાસ્તાની મજા માણી હતી. આ ભોજનની વાનગીઓ સ્થળ પર બનાવવા માટે દરજી સમાજની



આયોજક સમિતિનાં સભ્યો મનીષભાઈ, વિનયભાઈ, સમરભાઈ, પિયુષભાઈ, વિશાલભાઈ અને તેમના પરિવારએ ઘણી સેવા કરી હતી. પાસ્તા હર્ષાબેન દિહેનકર તથા પરિવાર દ્વારા બનાવવામાં આવ્યા હતા. નિલેશભાઈ દ્વારા બધા માટે જ્યુસની સગવડ કરવામાં આવી હતી. અમ્રતભાઈએ સરસ ચા બનાવી હતી. બપોરે ચા, કેક, બિસ્કીટ, તરબુચની સાથે સાથે આઈસ્ક્રીમની મજા પણ માણી હતી. બાળકોને રમત રમાડવામાં આવી હતી તથા હાજર બાળકોને ગીફ્ટ આપવામાં આવી હતી. દરેકે વિવિધ રમતોની મજા માણી હતી. પિકનિક દરમિયાન વિવિધ ક્ષણોનું જીવંત પ્રસારણ વિનયભાઈ દ્વારા Facebook પર કરવામાં આવ્યું હતું. જેને ઘણો સારો પ્રતિસાદ અને સરસ ટિપ્પણી મળ્યાં હતા. ચંપકભાઈ કેમેરામાં બધાના સરસ Pictures લીધા હતા. ત્યારબાદ આયોજક કમિટિ વતી મનીષભાઈ અને વિનયભાઈ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમણે સેવા આપી હતી તે તમામ તથા દરેક દાતાનો આભાર માનવામાં આવ્યો હતો. Raffle Drawનાં વિજેતાઓને ઈનામ વડીલો દ્વારા આપવામાં આવ્યા હતા.


HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21. Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income.




Move in ready Welcome to 24 Van Wart St, just over 1 Year New End unit Town in Whitby Meadows with double-door entry leading to an oversized Foyer on a Premium Lot! This Home features 4 bedrooms and 3 bathrooms, 9ft ceilings on main and upper floor, open concept layout. Large Primary Bedroom Offers Walk-In Closet & 5 piece Ensuite With Double Sink, Soaker Tub & Separate Shower. Convenient 2nd floor laundry. Oak stairs. Kitchen hosts contemporary cabinetry with a large granite top island perfect for entertaining overlooking Great room with electric fireplace and walk-out to backyard. Prime location: minutes to 412, shopping,Thermea Spa, Garden Centres, schools and much more. Move in Ready




Elegant 4+1 Executive 2 1/2 Storey Detached Home located in sought after NE Ajax Medallion Castlefield Development. Soaring 12 foot ceiling on main floor and Master B/Room with high ceiling. Potlights on all floors. 2 way fireplace with counters, EAT IN family size kitchen and brand new Quartz counters and matching Backsplash, Centre Island and extensive wood cabinetry. His and Hers walk in closets, 5 piece ensuite with double sinks. Hardwood Throughout. Brand new ceramic floor in Kitchen and Breakfast area. Bright windows throughout. Fully finished basement with seperate entrance with 3 bedrooms 1.5 washroom and complete kitchen with new appliances and new laundry. Currently tenanted for C$ 2,500.00. Inter-locked backyard with gazebo. 5-7 minutes to Audley State of the Art Rec centre, walking trails, Amazon, 401/407, GO Transit, Restaurants / Shopping. Steps to Durham transit.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

**Shamim & Amin Kharodia**
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1S1, Canada
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

## Chapel Ridge
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

## North Toronto
*Crematorium Inc.*

Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE




Vilo
Licensed Funeral Director
(416) 993-0826


Harjinder
Licensed Funeral Director
(647) 966-0093


Christeen
Licensed Funeral Director
(416) 258-6759


Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4895.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga

North Toronto CREMATORIUM



Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**